# પ્રભા-કિરણ

પ્રભાવતી કાપડિયા



સંપાદક: રજનીકાન્ત જોશી

# પ્રભા-કિરણ

પ્રભાવતી કાપડિયા

સંપાદક

રજનીકાન્ત જોશી

અમૃતા પ્રકાશન

અમદાવાદ

૩૮૦ ૦૧૫

# PRABHA-KIRAN

Gujarati-Hindi Poems by **Prabhavati Kapadia**

Edited by Dr. Rajanikant Joshi

(c) Vidula Joshi

પ્રથમ આવૃત્તિ : સપ્ટેમ્બર, ૧૯૮૭ કિંમત : રૂ. ૪૦–૦૦

પ્રકાશક : અમૃતા પ્રકાશન * સી/૫, ઓજસ એપાર્ટમેન્ટ્સ, સુરેન્દ્ર મંગળદાસ માર્ગ, અમદાવાદ–૩૮૦૦૧૫ (ફોન ૪૦૬૧૯૭)

પ્રાપ્તિસ્થાન : પ્રબોધચંદ્ર મગનલાલ કાપડિયા * ૪૦૮/એ, મયૂર બંગલાની ચાલ, ડૉ. વોરાના બંગલાની સામે, ગાંધીગ્રામ સ્ટેશન પાસે, અમદાવાદ–૩૮૦ ૦૦૯

મુદ્રક : શિવલાલ જેસલપુરા, ગિરીશ જેસલપુરા : સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસ ૧૩, તેજપાલ સોસાયટી, પાલડી, ફતેહનગર, અમદાવાદ–૩૮૦ ૦૦૭

સદ્ગત ચુનીલાલ લાલભાઈ કાપડિયાને

સાદર

'હાં રે! તું તો સંત-સાધુમાં પ્રકાશતો,
હાં રે! મીઠાં બોધ આપીને બોલાવતો.
હાં રે! તું તો સંત-સાધુમાં પ્રકાશતો.'

–પ્રભાવતી કાપડિયા

# નિવેદન

## આત્મનિવેદકની અભિવ્યક્તિ

### [૧]

'બા,' 'કાકી', 'પ્રભાબહેન' કે 'પ્રભાવતીબહેન કાપડિયા'ને નામે સૂરત-અમદાવાદનાં પારિવારિક સમુદાયોમાં પ્રસિદ્ધ એવાં આ વત્સલપ્રકૃતિ ધરાવતાં કવયિત્રીને દૈહિક રીતે વિદાય થયે આજે બાર વર્ષ પૂરાં થાય છે. આજે તેઓ નથી, છતાં છે. કેન્સરની કશ્મકશી માંદગી ભોગવી તા. ૨૬-૯-૧૯૭૫ને દિવસે તેમણે દેહ છોડેલો.

સદ્‌ગત પ્રભાબહેનનું વતન સૂરત. સૂરતમાં વાડી ફળિયા, પગથિયા શેરીમાં તેઓ રહેતાં. તેઓ ત્યાં હતાં ત્યારે પણ એક વાતાવરણ હતું. સૂરતના ચંપકભાઈ તમાકુવાળા યા તેમની સામે રહેતા પગથિયા શેરીમાં જ જયવદન મહેતા કે અન્ય સહુ માટે પ્રભાબહેન એક મોવડી સમા હતાં. સહુ તેમને ખૂબ જ આદર-ભાવથી જોતા. તેઓ અમદાવાદના એલિસબ્રિજ સ્ટેશનની સામે પોપટલાલ હેમચંદના બંગલામાં પોતાને નિવાસે આવતાં ત્યારે ખુદ શેઠશ્રી તથા તેમનો પરિવાર આ કાપડિયા પરિવાર પ્રત્યે માન-અદબથી વ્યવહાર કરતા.

અમદાવાદના નટરાજ સિનેમાથી મીઠાખળી જવાના રસ્તે રેલવે ક્રોસિંગ પૂર્વે ડાબા હાથે એક ભવ્ય એવો બંગલો આજે પણ અસ્તિત્વ ધરાવે છે. શ્રીમતી પ્રભાવતીબહેન તથા તેમના પતિ શ્રી ચુનીલાલ લાલભાઈ કાપડિયા જ્યારે જ્યારે સૂરતથી અમદાવાદ આવતા ત્યારે ત્યાં જ ઊતરતા. એ બંગલાના માલિક તો છે શ્રી કસ્તૂરચંદ નેમચંદ શાહ (શેઠ) અને અ. સૌ. ધનલક્ષ્મીબહેન. તેઓનો આ કાપડિયા પરિવાર માટે ખાસ આગ્રહ રહેતો કે તેઓ જ્યારે જ્યારે સૂરતથી

અમદાવાદ આવે ત્યારે મીઠાખળીના એ બંગલામાં જ ઊતરવું. અને એ વાત પણ સાચી કે તેઓ જ્યારે જ્યારે તેમને ત્યાં આવતા ત્યારે ત્યાં એક તીર્થધામનું વાતાવરણ ખડું થતું. આનું શ્રેય શ્રી કસ્તૂરભાઈના માતુશ્રી શાંતાબહેનને ફાળે પણ જાય છે. ગાંધીગ્રામ સ્ટેશનની સામે પોપટલાલ હેમચંદ શેઠનાં બંગલામાં આવેલાં નિવાસોમાં શ્રી પ્રબોધચંદ્ર કાપડિયાને ત્યાં તેઓ વર્ષો સુધી રહેલા પરંતુ જીવનનાં આખરી વર્ષોમાં તો પ્રભાબહેન શ્રી કસ્તૂરભાઈના બંગલે જ રહેતા હતા. તેમનો દેહવિલય પણ એ બંગલામાં જ થયેલો.

[૨]

તાપી નદીના કાંઠે સૂરત શહેરમાં આવેલ હરિપુરા ભવાની માતાના વડ પાસે આવેલ ઘીકાંટા ચાર ખાનાના ચકલામાં કૂવા પાસેના મકાનમાં મૂળચંદભાઈ ઘીવાળા રહેતા હતા. તેમનાં પત્નીનું નામ જડાવબેન. તેમને ત્યાં અવારનવાર એક સાંઈ આવતા. મૂળચંદભાઈ અને જડાવબેન આ સાંઈની યથાશક્તિ સેવા બજાવતા. એકવાર સાંઈએ કહેલું કે,

"અલ્યા કાળિયા! તેરે વહાં જો કોઈ બાળક જન્મે ઉસકો જન્મતાં જ સાફ કિયે બિના, વૈસે કી વૈસા હી મેરે પાસ લે આના."

શ્રી મૂળચંદભાઈએ સાંઈની વાત સ્વીકારી. તેમને ત્યાં એક કન્યાનો જન્મ થતાં જ ઓળ સાથે જ સાંઈ પાસે લઈ ગયા. સાંઈએ એ બાળકીના મસ્તક પર હાથ રાખી આશીર્વાદ આપ્યાં. એ કન્યારત્ન એ જ પ્રભાબહેન. એ દિવસ હતો વિક્રમ સંવત ૧૯૫૭, વૈશાખ સુદ એકમનો (ઈ. ૧૯૦૧).

થોડાક મહિના બાદ—૬/૮ મહિના પછી—શ્રી મૂળચંદભાઈનું અવસાન થયું. જૂજ મૂડી વધી હતી. તેમાંથી જ જડાવબેનનું તથા પ્રભાબેનનું જીવન-ખર્ચ કાઢવાનું હતું.

એ જમાનો કુટુંબવાત્સલ્યતાથી ભર્યોભર્યો હતો. વિધવાઓના પૈસા, શાહુકારો વ્યાજે રાખતા ને વ્યાજમાં વિધવાઓ, ગરીબ બહેનોનો ગુજારો થતો હતો. કોઈ શાહુકારને દેવાળુ કાઢવાનો વખત આવે ત્યારે પણ વિધવા–ગરીબોની મૂડી વ્યાજસહિત પરત કરીને જ દેવાળુ કાઢતા. તેમજ આડોશ-પાડોશની હૂંફ પણ વિધવા બેનોને મળી રહેતી.

તે સમયમાં ઝીક-જરીનો વ્યવસાય ખૂબ ખીલ્યો હતો. ઓળખીતા ઝવેરીઓએ જડાવબેનને ચાંદીના તાર( ચળક )ને પાકા રંગના દોરામાં પરોવવાનું કામ સોંપ્યું. રોજ સવારે ઝવેરીનો માણસ ચળક તથા દોરા આપી જાય. તેનું વજન લેનારની સામે જ કરવામાં આવતું અને સાંજે / રાત્રે વજન કરીને જ ઝવેરીના માણસો દોરામાં પરોવાયેલી ચળક લઈ જતાં. જડાવબેને થોડીક છોકરીઓને આ કામમાં રોકી હતી. તે છોકરીઓ રોજ પરવારીને આવતી, પાંચ-છ કલાક કામ કરીને ઘેર પાછી જતી. દર સો તોલા વજનની ચમકમાં એક તોલો ઘટ ઝવેરીઓ જડાવબેનને કાપી આપતા. ઉપરાંત આ બધી ચળકના ઝીણા ઝીણા ટુકડા થઈ જતાં તે પણ ઝવેરીઓ જડાવબેનને મજૂરી ઉપરાંત આપતા. જડાવબેને પોતે જીવ્યા ત્યાં સુધી આ વ્યવસાય જ કર્યો હતો.

એ સમયમાં સ્ત્રી-શિક્ષણ નહિવત્ હતું. ઘણી જ્ઞાતિઓમાં લગ્ન પણ સગીર વયમાં જ થઈ જતાં. પ્રભાવતીબેનનો વિદ્યાભ્યાસ ઘણો જ ઓછો હતો, પણ વાંચનનો શોખ ઘણો હતો. રામાયણ, ભાગવત વ૦ ધર્મગ્રંથો; નવલકથા, વાર્તાઓ વગેરે પ્રકારના સાહિત્યનું વાંચન વિપુલ પ્રમાણમાં તેમણે કરેલું.

સાંઈકૃપા તથા ધર્મભાવના તેમજ ખૂબ જ વાંચનને કારણે તેમનો માનસિક વિકાસ સારો એવો થયો હતો. વ્રતો પણ તેમણે ઘણાં કરેલાં, પરંતુ આર્થિક અભાવને કારણે તેઓ કેટલાંયે વ્રતો ઊજવી શક્યા નહોતાં.

સૂરતના વાડી ફળિયા, પગથિયા શેરીમાં રહેતા સ્વ. લાલભાઈ નાનાભાઈ કાપડિયાના સૌથી નાના પુત્ર શ્રી ચુનીલાલ લાલભાઈ કાપડિયા સાથે પ્રભાવતીબેનનાં લગ્ન સોળ વર્ષની નાની વયે થયેલાં. સસરાનું કુટુંબ વિશાળ હતું. પ્રભાવતીબેનના સૌથી મોટા જેઠ મગનલાલ કાપડિયા કે જેઓ રેલવેમાં નોકરી કરતા હતા તેમનાં પત્ની અર્થાત્ પ્રભાવતીબેનનાં જેઠાણીનું નામ ચંદનબેન હતું. તેમનો પરિવાર-વિસ્તાર પણ ખૂબ જ મોટો. તેમને નવ છોકરીઓ (જો કે ૭ છોકરીઓ તો જન્મતાં જ અવસાન પામી હતી, અને અન્ય ત્રણ તે – ૧. મદનબેન, ૨. હરવદનબેન અને ૩. વીરમતીબહેન) અને ક્રમે દસમે એક છોકરો આ છોકરાનું નામ પ્રબોધચંદ્ર (મગનલાલ કાપડિયા) જેનો ઉછેર પ્રભાવતીબેને જ કરેલો. પ્રભાવતીબેનના પતિ શ્રી ચુનીલાલ કાપડિયા પણ રેલવેમાં સ્ટેશન-માસ્તરની જગ્યા પર કામ કરતા હતા. એ સમયે રેલવેની નોકરી સમાજમાં મોભાદાર ગણાતી. શ્રી મગનભાઈને મુંબઈમાં સંગ્રહણીનો રોગ લાગુ પડ્યો. પરિણામે નછૂટકે તેમણે મુંબઈ છોડેલું. તેઓ તેમના કુટુંબ સાથે નાનાભાઈ ચુનીલાલભાઈ પાસે કટોસણ ગામે આવ્યા. તે વખતે શ્રી ચુનીભાઈ કટોસણમાં સ્ટેશન માસ્તરની જગ્યા પર હતા. થોડાક દિવસોમાં ત્યાં મગનભાઈ ગુજરી ગયા. તેમના કુટુંબનો બધો જ ભાર ચુનીભાઈ પર આવી પડ્યો. શ્રી ચુનીભાઈનો સ્વભાવ સેવાભાવી અને પરગજુ હોવાથી તેમના સગા-સંબંધીઓ ઉપરાંત સાધુ-સંન્યાસીઓ પણ તેમને ત્યાં રોજ આતિથ્ય પામતા. સ્વ. ચંદનબેનને પ્રભાવતીબેન સાથે મનમેળ નહોતો. આથી એક દિવસ તેઓ પોતાની ત્રણ છોકરીઓ અને એક છોકરાને પ્રભાવતીબેનને સોંપીને પોતાના પિયર જતાં રહેલાં. તે પછી થોડાંક વરસોમાં ચંદનબેન મુંબઈના વનિતાવિશ્રામમાં અવસાન પામ્યાં હતાં. તેમને બે ભાઈઓ પણ હતા. પરંતુ તેમને

કૌટુંબિક મતભેદ હોવાથી તેઓએ પોતાની પાછળની જિંદગી વનિતા વિશ્રામમાં ગાળી હતી અને ત્યાં જ દેહત્યાગ પણ કરેલો.

આમ ચુનીભાઈ મગનભાઈના બધાં જ જીવિત બાળકોના પાલક બન્યા. તેમને યથાશક્તિ ભણાવ્યાં, પરણાવ્યાં અને તેઓને ઠેકાણે પણ પાડચાં. તેઓએ પ્રબોધને ખૂબ લાડકોડથી ઉછેરેલો ને અભ્યાસ પણ એમ. એ. સુધી કરાવેલો (પ્રસ્તુત પુસ્તકની પ્રસ્તાવનાના લેખક શ્રી અનંતરાય મો. રાવળ સાહેબના તેઓ વિદ્યાર્થી થાય). ઈ. સ. ૧૯૨૦ ની સાલમાં શ્રી ચુનીલાલ લાલભાઈ કાપડિયા ધોળકા સ્ટેશન પર રેલવેમાં સ્ટેશન-માસ્તર હતા. તેમની સાથે તેમના પિતા શ્રી લાલભાઈ તથા મગનલાલનાં બાળકો (ત્રણ પુત્રીઓ તથા એક પુત્ર) રહેતા હતા. એક દિવસે રાત્રે પ્રભાબેનના ઘર પાસેથી નાગ પસાર થતો હતો. અંધારું પુષ્કળ હતું. સાપે અચાનક તેમના પર હુમલો કરી ડંસ માર્યો હતો. પ્રભાબેને ચીસ પાડી, કહ્યું કે, "સાપે મને ડંખ દીધો છે." તે વખતે ગાડી આવવાનો ટાઈમ હોવાથી સ્ટેશન પર પેસેન્જરો ઠીકઠીક પ્રમાણમાં હતા. તેમાં એક પેસેન્જર મદારી જેવો હતો. તેણે મંત્રવિદ્યાથી સાપનું ઝેર ઉતારવાની સિદ્ધિ પ્રાપ્ત કરી હતી. પ્રભાબેન પાસે રહેતાં બધાં છોકરાંઓ નાનાં હતાં. તેઓ બધાં રડતાં હતાં. સાપ ઉતારનાર મદારીને દયા આવી અને મંત્રવિદ્યાથી ઝેર તો ઉતારી કાઢચું. પણ આખી રાત જાગરણ કરાવ્યું. તે ઉપરાંત દાક્તરે આવીને દવાદારૂ કર્યાં. જો કે એમના શ્વસુર શ્રી લાલભાઈએ બધાંને આશ્વાસન આપેલ કે અમારા કુટુંબને નાગદેવતાનું વરદાન છે કે કોઈને ય બનતાં સુધી સાપ કરડે નહિ. અને પ્રારબ્ધયોગે કરડે તો તે વ્યક્તિ મરણ પામશે નહિ, કારણ કે, લાલભાઈના પિતાશ્રી એક વખત સૂરતથી કતારગામ મહાદેવના દર્શને જવા નીકળેલા, જંગલમાંથી પસાર થતાં હતાં ત્યારે બાજુમાં

દવ લાગેલો અને તેમાં એક સાપ જીવતો બળી રહ્યો હતો. તે સાપને લાકડીથી ઊંચકી સહીસલામત જગ્યાએ તેઓ મૂકી આવેલા. આમ નાગદેવતાનું વરદાન ફળીભૂત થયું હતું.

ઈ. ૧૯૨૮ ની સાલમાં હિંદુ-મુસ્લિમ હુલ્લડ સૂરતમાં ફાટી નીકળેલું. જડાવબેન, પ્રભાવતીબેન તથા પ્રબોધ એમના કોઈ સગાંને ત્યાં લગ્નમાં હાજરી આપવા જડાવબેનના ઘેરથી ઘોડાગાડીમાં જતાં હતાં. રસ્તામાં એક પરિચિત ભાઈ મળ્યા. તેમણે જણાવેલું કે, 'ક્યાં જાવ છો? ઘેર જલ્દી પાછા ફરો, હુલ્લડ ફાટી નીકળ્યું છે.' ઘોડાગાડી પાછી વાળી. ઘેર પાછા વળતાં જ બારણાં બંધ કર્યાં ને તરત જ સિપાઈની ફોજ ભરી-બંદૂકે પેટ્રોલિંગ કરતી આવી પહોંચી. આમ કુદરતે તેમનો બચાવ કર્યો હતો.

ઈ. ૧૯૩૦-૩૧ ની સાલમાં પહેલી વાર પ્રભાબેન ખૂબ માંદા પડ્યા. હેડકીનો રોગ હતો. પ્રભાબેનની માંદગીના થોડાક દિવસ અગાઉ જડાવબેને જીવનલીલા સંકેલી લીધી હતી. પ્રભાબેનને આનો આઘાત લાગેલો. એ સમયે તેમની પાસે કુટુંબના કોઈ વડીલ પણ નહોતા જે તેમનું દુઃખ ઓછું કરી શકે. અંતે અમદાવાદથી મોતીબાઈ હોસ્પિટલમાં તેમને દાખલ કરવા પડેલા. હેડકી તો સતત ચોવીસ કલાક ચાલુ જ રહેતી. ડૉક્ટર કે વૈદ્યથી નિદાન થઈ શક્યું નહોતું. છેવટે સિવિલ સર્જને જ જણાવેલું કે લીવરમાં લોહી બગડવાથી હેડકી આવે છે, પરિણામે શસ્ત્રક્રિયા કરવાનો નિર્ણય લેવામાં આવેલો. એ જ ગામમાં પાટણથી સ્ટેશન-માસ્તર શ્રી ચુનીલાલ ત્રિવેદી પ્રભાબેનની ખબર કાઢવા આવેલા. તેમણે કહ્યું કે, 'પ્રભાબેનનું ઑપરેશન કરાવવું નથી. હું તેમને પાટણ લઈ જઈશ ને વૈદ્યની દવા કરાવીશ.' પાટણ ગયા પછી ચારેક દિવસમાં પ્રભાબેનની હેડકી મટી પણ ગઈ. વૈદ્યરાજ પટ્ટણી હતા. તેઓ પાટણની આયુર્વેદિક કૉલેજમાં પ્રિન્સિપાલ

હતા. વૈદ્ય પટ્ટણીએ દવાની ગોળીઓ પ્રભાબેનને આપી અને ઉલટી દ્વારા બગડેલું લોહી કાઢી નંખાવ્યું. ત્યાર બાદ તરત જ હેડકી બંધ થઈ ગઈ. ધીમે ધીમે પ્રભાબેનની તબિયત પણ સારી થઈ.

પ્રભાબેનના સંપર્કમાં આવનાર એક પ્રખર ગિરનારી અવધૂતનો પરિચય ન કરાવું તો એક અગત્યની હકીકત રહી જાય. લગભગ ઈ ૧૯૩૧ ની સાલથી તેઓશ્રીનો પરિચય રેલવેના સ્ટેશન પર થયેલો. તે વખતે પણ તેમની વય ૧૫૦ વર્ષની આસપાસ ગણાય. ૧૮૫૭ ના બળવાનો તેઓ આંખેદેખ્યો હેવાલ કહેતા. તાત્યા ટોપે વગેરેની વાત પણ કહેતા તે વખતે પ્રબોધચંદ્ર વગેરે નાનાં એટલે મનમાં આ વાતોની અગત્ય નહિવત્ રહેતી. એ અવધૂત અંબાજીના ભક્ત અને સિદ્ધપુરના વતની હતા. સાદું ભોજન તેઓ લેતા. લીંબુનું પાણી પીતા. અવધૂતના હાથે કંપવા હતા. તેથી તેઓની પાછલી અવસ્થામાં તેઓ ખાવાપીવામાં બીજાની મદદ લેતા. એક વખત એવું બનેલ કે તેઓ એલિસબ્રિજના નિવાસે શ્રાવણ મહિનામાં આવ્યા હતા. પ્રભાબેનના ભત્રીજાના પત્ની ચંદ્રાવતી એકલાં જ ઘરમાં હતાં. પ્રબોધચંદ્ર મિલમાં નોકરીએ ગયેલાં. ચંદ્રાવતીબેનના પિતાશ્રી નંદરબારથી યાત્રાએ જવા નીકળ્યા હતા. તેઓની આંતરિક ઇચ્છા ચંદ્રાવતીને જાત્રાએ લઈ જવાની હતી. ત્યાં ગિરનારી અવધૂત પધાર્યા એટલે પ્રબોધચંદ્રે ચંદ્રાવતીને તેના પિતા સાથે જવાની ના પાડેલી, કારણ કે અવધૂતની સેવા કરનાર બીજું કોઈ ઘરમાં ન હતું. ચંદ્રાવતીને મનમાં ખૂબ ઓછું આવ્યું, કારણ કે યાત્રાએ જવાનું ન થયું. અવધૂતજી મનની વાત જાણી ગયાં. બીજે દિવસે રસોઈ કરી અવધૂતજીને જમવા બેસાડ્યા. ત્યારે અવધૂતજીએ કહેલ, 'બેટા છાતરાવલી ! આજે રસોઈમાં શોક કેમ દેખાય છે? તારે તો જાત્રાએ જવું હતું. રાત્રે ત્રણ વાગે સ્વપ્નામાં દ્વારકાધીશ આવેલા કે નહિ ! ઘેર બેઠા ભગવાને તને દર્શન આપ્યાં કે નહિ !' આવા હતા તે અવધૂતજી.

ઈ. ૧૯૪૦ ની સાલમાં અમદાવાદના એલિસબ્રિજના રેલવે ક્વાર્ટર્સના નિવાસે એક વાર તેમને પૂ. મોટાનો પરિચય થયો. ધીમે ધીમે આ પરિચય આધ્યાત્મિકતા, ભાવસમાધિ, ભજનો વગેરેમાં પરિણમ્યો. પૂ. મોટા તો બધાંના જાણીતા જ છે. તેમનો ગુપ્તવાસ થોડો થોડો સમય પ્રભાવતીબેનને ત્યાં તેમના એલિસબ્રિજના તથા સૂરતના નિવાસે થયો હતો. પૂ. મોટાના ઘનિષ્ઠ સંપર્કમાં આવતાં આવતાં ધ્યાન, ધારણા, સમાધિ વગેરે આધ્યાત્મિક પ્રદેશમાં પૂ. મોટાએ તેમને પ્રવેશ કરાવ્યો હતો.

પૂ. મોટાની અગત્યની ખાસિયત એ હતી કે મહાન સંતો કે ઓલિયા પાસે પોતાના અપનાવેલા જીવોને પ્રેરણા આપતાં. ઉપરાંત એ સમયે પૂ. આનંદમયી માતા અવારનવાર અમદાવાદના પાલડીના શ્રી મુનશા શેઠને બંગલે આવી મુકામ કરતાં. પ્રભાબેન પણ માના દર્શનનો લાભ લેવા ઘણીવાર ત્યાં જતાં.

ઈ. સ. ૧૯૪૭ના એક દિવસે રાત્રિના સમયે પ્રભાબેન ઘરની બહાર પાટ હતી તેના પર સૂતાં હતાં. ત્યાં તેમનું જીવન ખલાસ થયું હતું. કોણ જાણે ક્યાંથી પૂ. શ્રી આનંદમયી માતાએ સૂક્ષ્મ-રૂપે આવી પ્રભાબેનના માથા પર હાથ ધર્યો ને તરત તેમના (પ્રભાબેનના)માં ચેતનાશક્તિ આવી ગઈ. સવારે ઊઠ્યા ત્યારે તેમણે આ વાત સ્વજનોને કરેલી. તેમના મતે આ ચમત્કાર અપવાસોનું પરિણામ જ ગણી શકાય. એ ગાળામાં તેઓ ફરાળ જ કરતાં.

દિનપ્રતિદિન ધ્યાન, મૌન વગેરેમાં તેઓ ઘણો સમય વીતાવતાં. તેમને રસોઈ-કળામાં પણ ઊંડી સૂઝ હતી. સ્વચ્છતા, પવિત્રતાના તો તેઓ ખાસ આગ્રહી હતાં. તેમનું શરીર વ્યાધિગ્રસ્ત હતું જ. બ્લડપ્રેશર પુષ્કળ પ્રમાણમાં રહેવાથી તેમની પ્રકૃતિ પણ ઘણીવાર ઉગ્ર રહેતી. તેમ છતાં લાગણી અને પ્રેમથી તેઓ

અન્યનાં હૃદય જીતી લેતાં. જરૂર જણાય ત્યારે શિખામણ પણ આપતાં.

ઈ. સ. ૧૯૪૪ની અધવચમાં પ્રભાબેન દિલ્હી, વારાણસી તરફ જવા નીકળ્યાં હતાં. તે વખતે વિશ્વ યુદ્ધ ચાલતું હતું. દિલ્હી તો હિંદની રાજધાની એટલે અંગ્રેજ તથા દેશી લશ્કરી ટુકડીઓની હિલચાલ મોટા પાયા પર હતી. પ્રભાબેનની સાથે તેમના પતિ શ્રી ચુનીલાલભાઈ તથા તેમના ભત્રીજાવહુ ચંદ્રાવતી અને ભત્રીજી વીરમતીબેન સાથે હતાં. દિલ્હી સ્ટેશને સાંજે ઊતર્યાં. ચારે બાજુ લશ્કરી ટુકડીઓની હિલચાલ મોટા પાયા પર હતી. લોકોમાં ચારે બાજુ ગભરાટ પુષ્કળ હતો. શ્રી ચુનીલાલે પ્રભાબેન, વીરમતીબેન તથા ચંદ્રાવતીને સામાન પાસે ઊભા રાખી નજીકમાં કોઈ હોટલ કે ધર્મશાળામાં જગ્યા શોધવા માટે નીકળ્યા. ધીમે ધીમે અંધારું વધતાં લોકોની અવરજવર પણ ઓછી થતી ચાલી. પ્રભાબેનના 'હરિ:ૐ'ના જપ ચાલુ હતા. ત્યાં કોણ જાણે ક્યાંથી એક વૃદ્ધ મજૂરને લઈ લાકડીના ટેકે ચાલતા આવ્યા અને પ્રભાબેનને કહેવા લાગ્યા, 'બેટા! તમે અહીં કેમ ઊભા છો?' તેઓ મજૂર પાસે સામાન ઉપડાવી થોડેક દૂર એક ઝાડ નીચે બધાંને લઈ ગયાં. ઝાડ નીચે મજૂર પાસે સામાન ઉતરાવ્યો. અને બધાંને ત્યાં ઊભા રહેવાનું કહી બધાંને વાતમાં રોકી પોતે મજૂર સાથે જતાં રહ્યાં. મજૂર મજૂરી લેવા પણ ઊભો ન રહ્યો. આ વૃદ્ધ સજ્જનને ફક્ત પ્રભાવતીબેન તથા ચંદ્રાવતી જોઈ શક્યા હતા પણ વીરમતીબેનને પાસે હોવા છતાં કશું જ દેખાયું નહિ.

ચંદ્રાવતીબેને વીરમતીબેનને પૂછેલું પણ ખરું કે પેલા કાકા ક્યા ગયા. મજૂરને પૈસા પણ આપવાના છે. છતાં વીરમતીબેને સ્પષ્ટ જણાવ્યું કે મેં તો કોઈને જોયા જ નથી. આ પણ અણી-ટાંકણે ચમત્કાર થયો. કારણ કે એ જમાનામાં પણ લશ્કરી ટુકડીઓથી સામાન્ય જનતાને ઘણો ત્રાસ ને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો.

૧૯૪૯ની સાલ આવી ત્યારે તેમણે હિમાલયમાં બદરી-કેદારની યાત્રાએ જવા ઇચ્છા થઈ. શ્રી. હેમંતકુમાર નીલકંઠ પણ પૂ. મોટાના અંગત શિષ્યોમાં હતા. તેઓની સાથે બન્ને જણાં બદરી-કેદારની યાત્રાએ ગયેલાં. તે જમાનામાં આજે ઉપલબ્ધ સુવિધા માર્ગમાં મળતી ન હતી. તેઓ તો રહ્યાં ઉપવાસી. તે વખતે કંદ-બટાકા પર જીવનનિર્વાહ કરતાં. તેમની આવી પ્રવૃત્તિને કારણે બીજા સાધુઓના સંઘો તેમને તેમના પ્રવાસમાં દાખલ કરતાં નહિ. રસ્તામાં રોજ લગભગ પાંચ માઈલ જેટલું પગે ચાલી અંતર કાપતા. પગે સોજા ખૂબ ચઢતાં. તે વખતે પૂ. શ્રી મોટા તેમના કુંભકોણમમાં આશ્રમમાં હતા. ત્યાં પૂ. મોટાના પગ સૂઝતા હતા. પૂ. મોટા પોતાના શિષ્યોનાં દુખ-દર્દ પોતે લઈ લેતા. પણ તેમની શક્તિના પ્રતાપે બીજે દિવસે સવારમાં સ્ફુર્તિથી આગળ પ્રવાસ કરતા કરતા તેઓએ આખી યાત્રા નિર્વિઘ્ને કરી હતી. કેદારનાથના રસ્તામાં ભગવાન શિવની 'સ્તુતિ' પણ તેઓને સ્ફુરી, તે તેમણે આવતાં ગાઈ હતી.

બદરી-કેદારની યાત્રામાં રસ્તામાં પ્રભાબેનને ઠેસ વાગતાં પગનો અંગૂઠો પાકતો હતો. વેદના પુષ્કળ થતી હતી, છતાં નિયમિતપણે ચાલવાનું તો રાખેલ જ. બેત્રણ દિવસ બાદ એક સંન્યાસી સાથે રસ્તામાં ચાલતાં ચાલતાં એક જગ્યાએ બધાંને રાતવાસો કરવાનો વારો આવ્યો. સંન્યાસીને ખબર પડી કે પ્રભાબેનને પગે ઠેસ વાગી અંગૂઠો પાક્યો છે. પ્રભાબેને સન્યાસીને પણ ગૃહસ્થીધર્મ પ્રમાણે રાત્રે ફળાદિ ભોજન આપ્યું. સંન્યાસીએ પ્રસન્ન થઈ કંઈક દવા આપી. સવારમાં તેમના પગે તદ્દન સારું લાગ્યું. સરળતાપૂર્વક આગળ પ્રવાસ શરૂ કર્યો. આવા તો ઘણા પ્રસંગો તેમનાં જીવનમાં અવારનવાર બનતા હતા.

શ્રી પ્રભાબેન ૧૯૫૧ પછી ઘણોખરો સમય સૂરતમાં ગાળતા હતા, કારણ કે એલિસબ્રિજના ઘરમાં સંકડાશ પણ નડતી, જ્યારે

સુરતમાં આ મુશ્કેલી ન હતી. ઉપરાંત સૂરતમાં અમદાવાદ કરતા ગરમી પ્રમાણમાં ઓછી પડતી. વધારામાં પૂ. મોટા પણ સૂરતમાં અવારનવાર આવતા હતા. તેમની સાથે સમાજના માણસોના પરિચયમાં પણ આવવાનું બનતું. જ્ઞાતિમાં પણ ઓળખાણ વધેલી હતી. જો કે એ અરસામાં પ્રભાબેનની શારીરિક સ્થિતિ ઘણી નબળી હતી. પ્રેશર ખૂબ જ રહેતું. ઘણી વાર પૂ. મોટા પણ તેમની આ સ્થિતિમાં મદદરૂપ થતાં. એક ઘટના પ્રસ્તુત કરું. સૂરતથી થોડા કિલોમીટરના અંતરે એક માતાજીનું મંદિર આવેલું. રસ્તામાં ત્યાં લોકવાયકા પ્રમાણે માતાજીના પૂજારી મંત્રેલા ચોખા આપતા. તેઓના ચોખાથી ધીમે ધીમે પ્રભાબેનને સારું થઈ ગયેલું. પછી પ્રેશરનો રોગ તો ગયો જ.

લગભગ ૧૯૫૯ની સાલમાં પૂ. શ્રી મોટાનો સૂરતમાં આશ્રમ સ્થપાતાં તેઓ સમાજની વહારે વધારે આવવા લાગ્યાં. તેમના ભક્તજનોની સંખ્યા ખૂબ ખૂબ વધતી જતી. તેઓશ્રી મોટે ભાગે આશ્રમમાં વખત વીતાવતાં, કારણ કે ભક્તજનોને ત્યાં ખાસ પ્રસંગ સિવાય તેઓ ઓછું જતાં. પૂ. મોટા ગુપ્તવાસ ગુજરાતમાં હરિજન આશ્રમ – સાબરમતી તથા એલિસબ્રિજ અને સૂરતમાં પ્રભાવતીબેનને ત્યાં ગાળતા.

પૂ. મોટાના પ્રતાપે પ્રભાબેન સ્વામી હંસદેવજી કે જેઓ શાહીબાગમાં સર ચીનુભાઈ બેરોનેટનાં બંગલે ઊતરતા ત્યાં દર્શને જતાં. જ્યારે એક બીજા સંત કે જેઓ 'ચરોડાવાળા માજી'ને નામે ઓળખાતા તેઓ પ્રભાબેનને મળવા એલિસબ્રિજ આવતાં.

'ચરોડાવાળા માજી' રાત્રે નવ વાગ્યા પછી આવતા. તેઓનું શરીર પુરુષનું હતું, છતાં અંબાજીના પરમભક્ત હતા. ખોરાક-પાણી કશું જ તેઓ લેતા નહિ. બહુ આગ્રહ કરીએ ત્યારે સીગારેટ આપીએ તે પીતા ને ધૂમાડો બહાર કાઢી નાંખતાં. ગળાની

નીચે કશું ઉતારતાં નહી. એક પ્રસંગે તેઓ એલિસબ્રિજમાં હતા ત્યારે પ્રભાબેન સૂરત જવાની તૈયારીમાં હતાં, કારણ કે તેમની ભત્રીજી વીરમતીબેન ભયંકર આધાશીશીના દર્દથી પીડાતા હતા. માતાજી ચરોડાવાળાને ખબર પડી કે બા જાય છે ત્યારે તેઓ પ્રભાબેન પાસે આવીને કહેવા લાગ્યાં, "બેનને સારું થઈ ગયું છે. હમણાં કાગળ આવશે. તમે ચિંતા કરશો નહી. આનંદથી રહો." માજીના કહેવા પ્રમાણે જ થયું. વીરમતીબેનનો કાગળ આવ્યો તેમાં લખ્યું હતું કે 'મને તદ્દન મટી ગયું છે. તમે સુખેથી રહેશો.'

આવા આવા સંતોના સાન્નિધ્યમાં પ્રભાબેનનો જીવનપ્રવાહ વહેતો હતો. કેટલાય નવા સંબંધો બંધાતા, જૂના સંબંધો પણ તેઓ જાળવી રાખતા.

૧૯૭૦ની સાલની વાત છે. પૂજ્ય મોટા ચંપકભાઈને ચુનીકાકાની ખબર કાઢવા રોજ મોકલતા. તે વખતે ચુનીભાઈનું શરીર સારું ન હતું. પ્રબોધચંદ્રના જયેષ્ઠ પુત્ર યોગેશનાં લગ્નને બાવીસ દિવસ થયા હતા. પ્રભાબેનના પતિ શ્રી ચુનીલાલભાઈને જાન્યુ.ની ૬ઠ્ઠી તારીખે સાંજે ચાર વાગે બ્રેઈનહેમરેજનો હુમલો થયો. દાક્તરને બોલાવ્યા. પણ તે પછી તેઓ મૃત્યુ પામ્યા ત્યાં સુધી બેભાન રહેલા. બીજે દિવસે સવારના ૭ વાગે તેમણે દેહત્યાગ કર્યો. બધાં સગાંવહાલાં આવી ગયાં હતાં. તેમનો ભત્રીજો પ્રબોધ તે વખતે પાસે હતો. પ્રભાબેને તેને કહેલું કે, "જો, તારા કાકાશ્રીનો જીવ હવે જાય છે."

આ દુઃખદ બિના પછી પ્રભાબેનને સંસાર પ્રત્યે ખૂબ અભાવ આવ્યો હતો. રસોઈ વગેરેમાં રસ દિનપ્રતિદિન ઓછો થતો ગયો. ઘણાખરો વખત તેઓ મૌન-એકાંતમાં ગાળતા હતા.

બે વરસના ગાળા બાદ તેમનું શરીર કથળવા લાગ્યું. પ્રબોધના આગ્રહથી તેઓ અમદાવાદ તો આવ્યાં, પણ સંબંધી કસ્તૂરચંદ

નેમચંદ શેઠના બંગલાના ભોંયરામાં રહેતાં હતાં. દાક્તરી સારવાર અપાતી હતી. દાક્તરી અભિપ્રાયે તેઓને ગળાનું તથા પેટનું કેન્સર હતું. લ. ગો. હોસ્પિટલમાં પણ એક મહિનો દાખલ કર્યાં હતા. પછી દાક્તરી અભિપ્રાયે લાંબો વખત જીવી શકશે નહિ, માંડ મહિનો-માસ કાઢે તેમ હતું. તેઓશ્રીથી કશું ખવાતું પીવાતું નહીં. ૧૯૭૫ના સપ્ટેમ્બરની ૨૬ મી તારીખે બપોરના બે વાગે હરિ : ૐનું સ્મરણ કરતાં કરતાં પ્રભાબેને દેહત્યાગ કર્યો.

યાદગીરીમાં સંસ્મરણો ને ભજનોનો રસથાળ આપતાં ગયાં, જેને કાળ પણ ખૂંચવી શકે તેમ નથી.

## [ ૩ ]

કાવ્યગત ભાવાનુભૂતિ અને વાસ્તવિક જીવનની ભાવાનુભૂતિમાં તફાવત હોય છે. 'પ્રભા-કિરણ'ની રચનાઓમાં આ બંને પ્રકારનો સમન્વય દષ્ટિગોચર થાય છે.

મોટા ભાગનાં ભજનોનું કાઠું કસાયેલું છે. કવયિત્રી દ્વારા પ્રત્યક્ષ થયેલું ભાષા-શિલ્પ ધ્યાન ખેંચી જાય છે. સાચા ભક્તને ન ભભકો હોય કે ન દેખાડો. એ તો પોતાની મૂંઝવણોમાં, બેચેનીમાં કે પ્રભુની લગનીની મસ્તીમાં જે માણ્યું તે માણ્યું. પછી, તેમાં રંગના લસરકા કે સંસારના ઘસરકાઓ જેવા છતા થયા હોય તેવા જ છતા થાય. વળી, અભ્યાસ કરતાં અનુભવનું ભાથું સવિશેષ આસ્વાદ્ય હોય છે એ પણ અહીં સ્વીકારવું જ પડશે. આથી એ પ્રકટ છે કે ઘણે સ્થાને કદાચ કવિતાનો લય ખંડિત થતો જણાય પણ ભક્તિના ભાવમાં ક્યાંય તેનો ભંગ તેમણે કર્યો નથી. વળી કદાચ આ જ કારણે શબ્દપ્રયોગોના વિવિધ સૌન્દર્યો પણ અહીં ધ્યાનાર્હ બન્યા છે. 'સારંગ', 'મુલ્તાની' જેવા રાગોને પ્રયોજનાર તથા 'ગઝલ', 'તોટક', 'ઝૂલણા' જેવા છંદ-પ્રકારોમાં ભક્તિની

સરવાણી વહાવનાર આ કવયિત્રીએ આશ્ચર્ય પમાડે એવા ભાષા-પ્રયોગો પણ કર્યા છે જે સ્વાભાવિક રીતે સર્જન તથા સર્જક બંનેને સાર્થક કરી જાય છે જેને એક સાચા શ્રેયાર્થીના ભક્તિયોગનું પરિણામ જ કહેવું પડશે. આથી ભાવાનુભૂતિને વરેલા એવા ભક્તિસભર માનસ ધરાવતા પ્રભાવતીબેને પોતાની અભિવ્યક્તિમાં કેવા કેવા ભાષા-પ્રયોગો કર્યા છે તે (થોડોક વિસ્તાર થયો છે છતાં) અહીં પ્રસ્તુત છે. કવયિત્રીની રચનાઓ વિશે પ્રસ્તાવનામાં મુ. શ્રી રાવળસાહેબે સારી એવી છણાવટ કરી જ છે તેથી અહીં માત્ર કવયિત્રીની શબ્દ-રચના તથા ભાષા-સંરચના અન્વયે (૧) કેટલાક કઠિન શબ્દ-પ્રયોગો, (૨) દેશજ શબ્દ-પ્રયોગો, (૩) અરબી-ફારસી શબ્દ-પ્રયોગો, (૪) નામપ્રયોગો તથા પૌરાણિક પાત્રનામ પ્રયોગો તેમજ, (૫) કાવ્ય-પંક્તિઓમાં ધ્યાનાર્હ-આકર્ષક વાક્ય-રચનાઓ, આદિના નિર્દેશો અહીં પ્રસ્તુત છે. તેમજ આ કવયિત્રીની ભક્તિપ્રચુર રચનાઓમાં ગુરુની આવશ્યકતા તથા અદબના નિર્દેશો જોવા મળ્યા છે આથી એ સંદર્ભો પણ અહીં પ્રસ્તુત છે. આ દૃષ્ટિએ ભાવુક ભક્ત-શ્રેયાર્થીની હાર્દિક અભિવ્યક્તિ કેવીક છે એ જોઈએ :

**(૧) કેટલાક કઠિન શબ્દ-પ્રયોગો :**

સાહી, વિણુ (૧), રસેલી (૮), દમતી (૧૬), ચહી (૬૨), સેજ (૭૩), સ્તવું (૮૭), ખાડ (૯૦), અરિ (૯૫), તદ્રૂપ (૧૦૦), ગ્રહવું (૧૦૫), દારા (૧૨૫), સરિતા (૧૨૬), અવર (૧૨૯), આર્તનાદ (૧૩૬), નમેરા (૧૬૩), હિન્દીમાં : ઠાડી (૧૭૭). વ. વ.

**(૨) દેશજ શબ્દ-પ્રયોગો :**

બૂડુ (૧) વ્હેલેરા (૮), છબીલાજી (૧૧), ભરૂંસો (૧૪), મુજ, મનડું (૧૬), વા'લા વીંઝણિયાં (૪૫), સુણી (૫૧), આતમ (૫૭), જીરવાય (૫૮), સોણુલા (૫૯), કા'ન (૬૦), દમડી

(૬૪), ગુલવને (૬૨), આંખલડી (૬૯), કાજ, માડી (૭૦), હામ (૭૧) જગે (૭૯), માણવું, પાદ (૮૨), અંતરિયે, તાગ (૮૪), નવ(ના) (૮૯), મનવા (૯૮), સમરું (૧૦૨), ભાળ (૧૦૪), પિછાણું (૧૦૫), ફતવા ફંદ (૧૦૭), તલભાર, વા લો, રાંકડું, નાવડું (૧૦૮), દા'ડી, દા'ડી, કોં' (૧૧૮), ઝાઝું (૧૨૧), એનડી (૧૨૬), રે'તું (૧૨૮), કાં (૧૨૯), તાહરી (૧૩૧), કરગરી (૧૩૩), વારે (વહારે) (૧૩૬), વાલીડા, ગુણલા (૧૩૮), સંસારિયો (૧૩૯), લગાર (૧૪૦), વાલમ (૧૪૨), પખાળું (૧૪૫), આરો, તપારો (૧૫૧), પિયારા મોરે, કન્હાઈ (૧૬૫), જોરીકે (જોડીને) (૧૭૧), કિરપા (૧૭૩). વ.

### (૩) અરબી-ફારસી શબ્દપ્રયોગો :

અરજ (૧૩), દિલદાર, દિવાની (૩૮), મસ્તાન (૫૦), દિલ (૫૧), કુરબાન (૬૧), પાગલ (૬૨), મસ્તાના (૬૮), દર્દ (૬૯), તમાશો (૯૨), આશક (૯૩), મુસાફિર, યારી (૧૦૯), રહેમ (૧૨૦), બેફામ (૧૨૨), દારા (૧૨૫), તમામ (૧૪૪), હોશ (૧૭૦), જીગર, પરવાહ, નશા, શરાબ, પાગલ (૧૮૨)

### (૪) નામ પ્રયોગો તથા પૌરાણિક પાત્રના નામ પ્રયોગો :

નારાયણ, શ્રીકૃષ્ણ, નરસિંહ, જગદીશ, સત્યદેવ, મથુરેશ, ચતુર્ભુજ, રણછોડ, હરિહર, પરિબ્રહ્મ, ત્રિલોચન, અરુણદેવ, લક્ષ્મીપતિ (૧૦), છબીલાજી (૧૧), દીનાનાથ (૧૩), મોરારિ (૨૨), અવિનાશી (૨૫), વ્રજરાજ (૩૨), દિલદાર (૩૮), ગોપાલ (૩૯), શ્યામ (૪૦), સાંવરિયા (૪૫), મા મહેશ્વરી, મા યોગેશ્વરી, મા સર્વેશ્વરી, મા સિદ્ધેશ્વરી, મા રુદ્રેશ્વરી, મા ગંગેશ્વરી (૪૭), રાધા (૫૧), મનમોહન (૫૪), દીનાનાથ (૫૯), મીરાં, શબરી, લક્ષ્મણ, કરમા, વિદુર, (૬૦), દયાનિધિ (૬૫), વનમાળી (૭૬), ગુરુગોવિંદ (૭૮), ગોવિંદ (૭૯), બદ્રિનાથ (૧૦૦),

કામણગારો (૧૦૧), ગિરિધર (૧૦૨), જનકદુલારી ( ૦૫), ગીતા (૧૧૩), ચંડી, કાળી, ત્રિશૂળ, ત્રિશ્વવિહારી, દુઃખહારી, કરુણાધારી, ભવોભવહારી, અસુરસંહારી, મંગલકારી, પ્રેમધરી, મનહારી (૧૫૪), કરુણાનિધિ, કેશવ (૧૫૫), કમળાપતિ, કમલનયન, સત્ચિદાનંદ (૧૫૫)

## (૫) કાવ્યપંક્તિઓમાં ધ્યાનાર્હ આકર્ષક વાક્ય-રચનાઓ :

હૈયાની હાટડી (૭૫), ગુરુ-ગોવિંદ / અગમ-નિગમ / મોહ-માયા / વૃત્તિ-વંટોળિયા (૭૮), ગહન ગતિ / પડદા પાછળ / રમકડે માયાના (૭૯), વિશ્વની વાટિકા / ફૂલડાંની ફોરમ / ક્ષુધાની શાંતિ / તૃષાની તૃપ્તિ / સંસારી તાપ / સંતની ગોઠડી / ભક્તિની ભૂખ / નામને રટાવનો (૮૦), માનસ-સરનાં હંસલા, ખારા નીરે કાં લલચાય, મોતીનો ચારો (૮૧), પુણ્યની પ્રભાત / જીવન-દીપ, જ્યોતિનો પ્રકાશ / કિરણ-રસ, પ્રેમ-રસ (૮૨), હૃદય-કમળ / કુમળી-કળી (૮૩), મોહ-રાત્રી / ઉષાનો પ્રકાશ (૮૪), અમૃત-પ્યાલી / ઝુલે-ઝુલાવે (૮૫), મન-વ્યાધિ-ઉપાધિ (૮૭), તપું તાપ થકી પ્રભુ ! / ભૂરકી ભભૂતિ (૮૮), તમ સંગ પ્રીત / રસ-રંગ રેલવા / મનની વરાળ / હૈયું હળવું / તોડી નવ તૂટે / ક્ષણ ના કરશો દૂર (૮૯), પતિત-પાવન / પાપી પાવન / ઉરની ઊર્મિ (૯૧), હૃદય-કમળના સ્વામી / પ્રેમે પ્રસારો (૯૨), રોમે રોમે રમતો ' રે' (૯૩), ઘટઘટમાં વ્યાપી રહ્યો / નવ ધરશો ઉચાટ (૯૪), અરિના સમો વેગ / સાંવરી સૂરત / શ્યામ રંગ છે સોહામણો / તેજનો પ્રકાશ / નયને નિહાળી / પડીકું એને પાય (૯૫), દીન તણો દાતાર / સૌનો સરજનહાર સોનો રખવાળ (૯૬), મન-માખણ / દેહ દધી / મસ્તીનો દેનાર (૯૭), અંતરને ઓરડે (૯૯), ઊર્ધ્વગામી ઝાડ / ગગા ઠંડીગાર / તપ્ત કુંડ જે પાંચ (૧૦૦),

રોમે રોમે મારો નાથ રમે છે / મોંઘું જીવનનું એ લ્હાણું (૧૦૨), મોંઘાં માન, મનોહર ઝાંખી / લેજો મને બાથ (૧૦૩), છોરું કછોરું કદી (૧૦૪), હૃદય રામ-રટણનું સુખ / સ્મરણરૂપી સુખ (૧૦૫), રંકનું ગજું / મીઠી નજર (૧૦૬), વિચારોના વમળે (૧૦૭), ઘોંચ-પરોણો (૧૦૮), મન-મુસાફિર / ભક્તિ-ભાથું / હરિ-હીરલે / ઝાલી રાખ્યું તેં ખોટું નાણું (૧૦૯), ભવનાં ભમવું ભૂંડું છોડી (૧૧૦), ગુરુ કરાવે ભવપાર / ગુરુ કરશે બ્રહ્માકાર (૧૧૧), મોહ-નિદ્રા (૧૧૨), ત્રિવિધ તાપ; ભવ જલ પાર કરી (૧૧૪), ચંચળ ચિત્ત / રોમેરોમ નાદ જગાડી / પ્રેમ-નશામાં ડોલ / અંતર-ખિડકી ખોલ (૧૧૫), મમતાનાં મૂળ કાપી / વ્હાલો છે વરણાગી (૧૧૬), લક્ષ્મી લોભે વ્યગ્ર થઈ ડોલે / તૃષ્ણામાં રમનાર / દમડો દેતાં દુઃખ જ થાય / પૈસાને જપનારા / ઉપરથી પ્રેમ શો કરતાં / અંદરથી તો વેઢાં ગણતા / માયામાં રમનારા / રંક હૃદયમાં (૧૧૭), ગુરુ બ્રહ્માકાર / ગુરુ વિષ્ણુરૂપ / ગુરુ રુદ્રરૂપ (૧૧૮), અંતર આંખ રુવે છે (૧૨૦), ભક્તિ કેરું ઝરણું (૧૨૧), મોહ-પાશની સાંકળ / અવિદ્યાનાં વાદળ (૧૨૭), પાપ, તાપ કાપ માડી, અવર દોષ દૂર કરો (૧૨૯), અંતરના પટ (૧૩૦), એક દિન જાવું આ પિંજર છોડીને (૧૩૩), ભેદ-અભેદનાં પડદા (૧૩૪), ઠમક ઠમક આ તાલથી ચાલે / અંતરપટ તું કાઢ (૧૩૫), સહ્યું સહેવાય નહીં / આંખે રોવાય નહિ (૧૩૬), આવો તો કરીએ ગોઠડી (૧૩૭), હૈયું હારું રે (૧૩૮), આંખે આંસુ રેલાય (૧૪૦), ઘટઘટે તું વ્યાપી રહ્યો / સર્વ વૃત્તિનો લય (૧૪૧), ને કરવી મારે પ્રભુથી સગાઈ / ગુરુજીએ પ્રેરણા પાઈ / કરવી હરિથી સગાઈ (૧૪૩), ઊનાં આંસુએ સ્નાન કરાવું / ચિત્તનું ચંદન / મન-મોતીની માળા / હૃદય-કમળનો હાર / મુગ્ધ ભાવનો મુગટ / પ્રેમ-ખંસરી / ભાવનાં ભોજન / પ્રેમ-જળની ઝારી / પ્રીતનાં પાન (૧૪૮), હૈયા હિંડોળે (૧૪૯), જગજંજાળ, મમતાની ગઠડી (૧૫૦), જીવ મૂંઝાયે / આંસુ સૂકાયે

(૧૫૧), જેવી તેવી તોય તારી (૧૫૨), ઝુલાવું પ્રેમ-પારણિયે (૧૫૬), એને રોમે રોમે રામ રમે / એના શ્વાસોશ્વાસે પ્રેમ ઝરે / એના અંતરે હિમ-શાંતિ રહે (૧૫૮), ઊધઈ તારું જીવન ખાયે / રામ-સગાઈ સાચી (૧૫૯), આંખે આંસુડાં રેલાય / ભવોભવનાં બંધન (૧૬૨), 'એ કુંજનમાં શ્યામ સંતાયો' (૧૬૩), આતમ ખોજું ઉરકે ઘરમેં (૧૬૬), તેરી પ્રેમ-પિચકારી (૧૬૮), આઓ બાલમ રંગઘરમેં (૧૭૬), મન-મથુરા / તન-ત્રિલોકે / સરલ ભાવકી યમુના બહતી (૧૭૮), કંસ-ક્રોધકા / વૃત્તિ-વૃત્રાસુર (૧૭૯), મમતા-મૌસી પુતના / અહમ્-અસુર / નમ્ર-નંદ (૧૭૯).

આમાં એ તો પ્રકટ જ છે કે કવયિત્રીનો કોઈ 'ઉપાધિ' પ્રકારનો અભ્યાસ નથી પરંતુ જે અભ્યાસ તેઓ પૂર્ણપણે પામ્યાં છે તે છે જીવનને કંઈક પામવાની અભિપ્સાનો. તેથી જ અંતરની વ્યથિત અવસ્થામાં તેઓ પ્રભુને લલકારી કહી શકયા છે કે, 'ઊનાં આંસુએ સ્નાન કરવું', 'આઓ બાલમ રંગઘરમેં વ. વ...' વળી તેમની હાર્દિક ચરમસીમા તો આ રહી કે, 'પ્રભુનો રસ હૈયે રેલાવી, કરવી હરિથી સગાઈ' અને છેલ્લે એક હિન્દી રચનામાં તો તેમની ભાવાભિવ્યક્તિ મીરાં સમાન જ પ્રસ્તુત થયેલી છે જેની કેટલીક પંક્તિઓ આ પ્રમાણે છે :

"કિરપા કરો પ્રભુ ! મુઝ પર ઐસી
મસ્ત રહૂં મૈં તુઝમેં;
ઘટ-ઘટમેં તેરે દર્શન પાઉં
પલ-પલ રહો મેરે દિલમેં" (પૃ૦ ૧૮૬)

### ગુરુ-વંદના :

મનુષ્યજીવનમાં જ્યારે કોઈ ન સમજાય એવી વિકટ સમસ્યા આવી પડે અને તેના પોતાનાથી ન ઉકેલી શકાય એવી પરિસ્થિતિ

જ્યારે ઉપસ્થિત થાય ત્યારે, એના નિવારણ માટે એ કોઈ એવા અનુભવી પુરુષને શોધે છે જે એના પ્રશ્નોનું સમાધાન કરે તથા સમય આવે માર્ગદર્શન પણ આપે. તેમજ આવે સમયે વ્યક્તિને આધ્યાત્મિક જિજ્ઞાસા ઉત્પન્ન થતાં એ જિજ્ઞાસા સંતોષે એવા વ્યક્તિત્વના પરિચયમાં આવવા તે પ્રયત્ન આદરે છે. તેમજ માનવ-જીવનનું આખરી લક્ષ્ય પોતાને ઓળખવાનું છે, પોતાનું આત્મ-દર્શન કરવાનું પણ છે. જ્યારે મનુષ્યને પોતાને ઓળખવાની જિજ્ઞાસા થાય છે ત્યારે તે આધ્યાત્મિક વિષયના જ્ઞાતા, વિદ્વાન જ નહીં પણ જે આત્મનિષ્ઠ છે, જેણે પોતાના આત્માને અનુભવ કરી ઓળખ્યો છે, જગતના અસ્તિત્વનું મૂળ જેમણે જાણ્યું છે, જે શક્તિથી આ વિશ્વનું સંચાલન થાય છે તેને જેમણે જાણી છે, પરમ તત્ત્વનો પાર જેઓ પામ્યા છે એવા વ્યક્તિત્વને તેઓ શોધે છે, અને આ બધું જ્ઞાન ધરાવનાર આત્મનિષ્ઠ વ્યક્તિત્વ તે જ ગુરુ.*

'પ્રભા-કિરણ'ના કવયિત્રી, જેઓ સાધુપ્રકૃત્તિ ધરાવે છે, તેમની અનેક રચનાઓમાં ગુરુ-વંદના, ગુરુભાવના, ગુરુ પાસે કંઈક પામવાની અદમ્ય અભીપ્સા તથા તેવી અદબ જોવા મળે છે. તેમણે પોતાના જીવનકાળમાં કોઈક અજાણ્યા સાંઈ, ગોદાવરી મૈયા, આનંદમયી મા તેમજ પૂ. મોટા જેવા અનેક સંતોનો સત્સંગ મેળવ્યો હતો. પરિણામે પ્રભુ પ્રત્યેની ભક્તિ,

'પ્રભુ! મારી જીવન-જ્યોતિ જગાવ' (પૃ૦ ૪)

× × ×

'કર જોડી પ્રભુ! પાયે લાગું,
વહાવો વસમી વાટ' (પૃ૦ ૪)

× × ×

* 'સદ્‌ગુરુ સુધા' : જગજીવન પ્રકાશન, અમદાવાદ–૧૫, પૃ૦ ૪

'લાગી છે પ્રભુપદની લગની' (પૃ ૦૭)

× × ×

'તારે કાજે જીવવું-મરવું,
તારે કાજે નિત્ય વિચરવું;
એવી આશા હૃદયમાં ધારી રે,
પ્રભુજી ! હું દાસી તમારી રે પ્રભુજી ! પ્યારા.' (પૃ૦ ૨૫)

જેવી અનેક પંક્તિઓ 'પ્રભા-કિરણ'માં દષ્ટિગોચર તો થાય જ છે. તેમજ તેઓ કબીર સમાન ગુરુની મહિમા 'ગુરુ બિન કૌન બતાવે વાટ' કે,

'ગુરુ-ગોવિંદ દોઉ ખડે કાકે લાગું પાય,
બલિહારી ગુરુ આપને, ગોવિંદ દીયો બતાય.'

જેવી વિનમ્રતામાંથી લગીરે ખસવા તૈયાર નથી જ. માટે આ કવયિત્રીએ પણ આ સંકલિત સંગ્રહની પંક્તિઓમાં વારંવાર ગુરુવંદના કે ગુરુનો મહિમા અભિવ્યક્ત કરતા સંકોચ નથી અનુભવ્યો, જેમ કે,

૧. 'ગુરુ-ચરણે નમું હું ભાવ ધરી' (પૃ૦ ૪૪)

૨. 'ગુરુ-પૂર્ણિમા છે પ્યારી,
પૂરું જ્ઞાન તે દેનારી,' (પૃ૦ ૪૮)

૩. 'મારા ગુરુ પરમ ઉદાર.
દયા એણે બહુ કરી રે,
કૃપા-દષ્ટિ ભલી થઈ રે.' (પૃ૦ ૪૯)

૪. 'ગુરુ-ગોવિંદને જુદા ન ભાળશો,
ગુરુ-બિના કાંઈ જ્ઞાન નહિ' (પૃ૦ ૭૮)

૫. 'મન ! તું ગુરુ ગુરુ લલકાર,
બોલી શ્રી ગુરુ જયજયકાર,' (પૃ૦ ૧૧૧)

૬. ‘ગુરુ બ્રહ્માકાર જે
દિવ્ય શક્તિ સર્જન કરો.’ (પૃ૦ ૧૧૯)

૭. ‘ચેત ચેત હવે, મન તું પ્યારા,
ગુરુજીએ જે સમજાવ્યું.’ (પૃ૦ ૧૨૭)

૮. ‘ખટપટ તારી છોડી દઈને
હરિ-ગુરુનો લે સહારો, ઓ જીવડા!’ (પૃ૦ ૧૩૯)

૯. ‘સૌ ગયા ને મારે પણ જાવું,
ગુરુજીએ પ્રેરણા પાઈ’ (પૃ૦ ૧૪૩)

૧૦. ‘સદ્‌ગુરુ-ચરણે પાયે લાગું.’ (પૃ૦ ૧૬૨)

૧૧. ‘નમસ્તે નમસ્તે ગુરુદેવ-પદમાં
નમસ્તે નમસ્તે કોટી કોટી વંદના.’ (પૃ૦ ૧૬૪)

૧૨. ‘પ્રભુપ્રેમ કી પિયાલી;
મેરે ગુરુને પીલાઈ,
ગુરુને પીલાઈ,
મોહે મસ્ત બનાઈ.’

× × ×

‘ગુરુકૃપાસે અબ તો મૈં ભઈ,
આનંદ આનંદ ભઈ.’ (પૃ૦ ૧૭૫)

અર્થાત્, એ પ્રકટ છે કે ‘પ્રભા-કિરણ’માં ગુરુ માટે આકાંક્ષા, ગુરુની કૃપા, ગુરુનું માર્ગદર્શન, ગુરુ માટે આદર અને વિશ્વાસ આ કવયિત્રીની રચનાઓમાં વારંવાર ધ્વનિત થતાં પરિલક્ષિત થાય છે. આમ, એ સ્પષ્ટ જ છે કે મીરાં કે કબીરની બાની તથા અસર પણ પ્રભાબેનની રચનાઓમાં દર્શન આપી જાય છે. તેમની ભક્તિભાવનાની સૃષ્ટિ તેમની ભાષા-સૃષ્ટિ દ્વારા તેમની કવિતાને સ્વાભાવિક મર્યાદાઓ છતાં અંદર પડેલા ભક્તિ-પ્રચુર સચ્ચાઈના

રણકાને કેવળ સાર્થક જ નથી કરતી પરંતુ હાર્દિક અભિવ્યક્તિની પ્રાર્થનાઓ કેવી હોઈ શકે તેને ધ્વનિત પણ તે કરે જ છે.

પ્રભાબેનની હસ્તપ્રતોમાં સરવાળે ૪૦૦ થી પણ વિશેષ ભજનો છે તેમાંથી અહીં માત્ર ૧૮૦ ની સંખ્યા જ પ્રસ્તુત કરી શકાઈ છે, તેમાંય ૨૨ ભજનો તો હિંદીમાં છે. ગુજરાતીમાં 'સાહી', 'સ્તવું', 'અરિ', 'અવર' કે 'નમેરા' જેવા શબ્દોની તથા હિન્દીમાં 'ઠાડી' જેવા શબ્દોની જાણકારી તેમની ભાષા તરફી બહુશ્રુતપણાની જાણકારીને પ્રકટ કરે છે. સંસ્કૃત શબ્દ-પ્રયોગો અલગ તારવ્યા નથી છતાં એ તે સ્પષ્ટ જ છે કે તત્સમ શબ્દોના પ્રયોગો ઠીક ઠીક સંખ્યામાં એમણે પ્રયોજ્યા છે. ઉપરાંત, તદ્ભવ તથા દેશજની સાથે સાથે અરબી-ફારસીના પ્રયોગો પણ અહીં પ્રસ્તુત છે. આથી એ સ્પષ્ટ પ્રકટ છે કે તેમની ભાવનાસૃષ્ટિને ભાષાથકી ક્યાંય ખલેલ પહોંચી જણાતી નથી. અર્થાત્ ગુજરાતીની સાથે સાથે અરબી-ફારસી તથા હિન્દી શબ્દ-પ્રયોગો સારી એવી સંખ્યામાં પ્રયોજાયા છે.

આ શ્રેયાર્થી-સાધિકાએ મોટા ભાગના ભજનો ઈ. સ. ૧૯૪૨ થી '૬૦ ના ગાળામાં રચ્યાં છે, જે અહીં પ્રસ્તુત છે. તેમાં વિષયો તપાસવા બેસીએ તો 'પ્રભુને પ્રાર્થના', 'ગુરુદેવ', 'દુઃખવિષયક', 'મનને', 'કલ્યાણ શુભ ભાવના', 'સામાજિક', 'પરત્વેના', 'બોધવિષયક' તેમજ 'સગાંસંબંધી' સંબોધનનાં ભજનો પ્રસ્તુત છે. રાષ્ટ્રમાતા કસ્તૂરબાના અવસાનની શ્રદ્ધાંજલિ પણ તેમણે પોતાની એક રચનામાં આપી છે પરંતુ અત્યારે તે પ્રાપ્ત થઈ શકી નથી. દુઃખ, વેદનાનાં પ્રતિબિંબો પણ કેટલીક ભજનપરક રચનાઓમાં જોવા મળે છે છતાં આગળ જતાં આખરે તો એ અભિવ્યક્તિ પ્રભુસમર્પણમાં જ પલોટાઈ જતી પ્રકટ થાય છે.

પ્રભાવતીબેનનો જીવન-વ્યવહાર સ્વજન-પ્રેમથી સરાબોર રહેલો જે એમની રચનાઓમાં સચ્ચાઈરૂપે અભિવ્યક્તિ પામ્યો છે. આથી ઠીક ઠીક ભજનની રચનાઓ વ્યક્તિપરક પણ બની છે છતાં તેમાં સમગ્રમાં તેમની વત્સલતાનો રણકો જ સંભળાય છે. પરિણામે તેમની આવી ઉત્કટતા આત્મા-પરમાત્માની મિલનની ભૂમિકા સુધી પણ પહોંચી શકી છે અને તેથી પ્રભુને પામવા તેઓ ગુરુની વંદના હૃદયપૂર્વક આવકારે છે.

આમ, એ સ્પષ્ટ છે કે ભાવ, ભાવના અને પ્રભુ-શ્રદ્ધાનો ત્રિવેણી-સંગમ એટલે 'પ્રભા-કિરણ'ની રચનાઓ. સર્જકની સચ્ચાઈપૂર્ણ અભિવ્યક્તિ કેવી હોઈ શકે તે આ સંગ્રહ અવશ્ય ઉપસાવે છે જ. એક ભાવાનુભૂતિ ધરાવતું વ્યક્તિત્વ કેવું હોઈ શકે એ તો અવશ્ય આ પુસ્તક આલોકિત કરે જ છે તેથી એ પણ નિઃશંકપણે કહેવું પડશે કે આ રચનાઓ થકી 'પ્રભાવતીબેન કાપડિયા,' 'પ્રભાબહેન', 'કાકી' કે 'બા' ક્યારેય વિસ્મરિત નહીં જ બને.

– સંપાદક

તા. ૨૭-૭-૧૯૮૭

---

* અવધૂતજી ચન્દ્રાવતીને છાતરાવલી કહેતા.

(નોંધ : કૌંસમાં પ્રસ્તુત આંકડા પૃ. નં. સૂચવે છે.)

# ભક્તહૃદયની ભાવ-સરવાણી

એક અને અદ્વિતીય પરમ સત્તાને એકલું ખેલવાનું ન ગમ્યું અને એણે એકના બહુ થવા ઇચ્છયું ને તેમ કર્યું ત્યારે એનાથી અળગા પડી ગયેલા અને જીવભાવ તથા જન્મ-મરણના આંટાફેરામાં ફસાઈ પડેલા એના અંશોમાંથી ઘણાને પોતાના મૂળ સ્વરૂપથી વિખૂટા પડી ગયાની વેદના જાગી તેને ફરી પામવા અને તેનામાં ભળી જવાની – તેને ज्ञातुं द्रष्टुं य तत्त्वेन प्रवेष्टुम् – ની આરત ને તરસ જમાને જમાને વ્યાકુળ કરતી આવી છે. એ વ્યાકુળતાએ ભક્તો અને તેમના હૃદયોદ્ગારની કવિતા પ્રગટાવી અન્યોને તેમને અનુસરવાની પ્રેરણા રેલાવી છે. એવી યુગોથી ચાલી રહેલી હરિનાં જનની વણથંભી વણઝારમાં ભળનારાંનો, ભલે मनुष्याणां सहस्रेषु कश्चित् જેવો આછો ને ઓછો પણ સતત ઉમેરો થયાં જ કર્યો છે, અને પરમ સત્તા પોતાની જગતલીલા સમેટવાનું કરશે ત્યાં લગી થયા કરતો પણ રહેવાનો.

જેમના ભક્તિ-ઉદ્ગારો આગળનાં પૃષ્ઠોમાં મુદ્રિત થયા જોશો એ શ્રીમતી પ્રભાવતીબેન ચુનીલાલ કાપડિયા (૧૯૦૧–૧૯૭૫) સંસ્કારબળે તેમજ સંત-સંપર્કે મધ્ય વય પછી વિશેષ ઈશ્વરાભિમુખ બનેલ જીવ હતાં. એમના ઉછેર અને તારુણ્યકાળે કન્યાઓને ઉપલબ્ધ થોડીઘણી પ્રાથમિક કેળવણી પામી સંસાર-રથે જોતરાયેલાં આ સન્નારીએ વાચનનો શોખ સારો કેળવેલો, જે તેમને પોતાના ભાવોદ્ગાર ભગવાનને પદો દ્વારા સંભળાવવામાં પરોક્ષ રીતે થોડોક મદદગાર નીવડ્યો જણાશે. પ્રમાણિક અને સજ્જન સ્ટેશન માસ્તર તરીકેની નોકરી બજાવતા પતિ શ્રી ચુનીલાલ

કાપડિયા સાથેના સહધર્મચરણમાં સંતાનપ્રાપ્તિ દૈવે ન કરાવી, પણ એમનું નારીસહજ માતૃવાત્સલ્ય વણવણ્યું રહ્યું ન હતું. વહેલા ગુજરી ગયેલ જેઠનાં તેમણે ઉછેરી પાળી ભણાવી પરણાવેલાં સંતાનો જ નહિ, એવી જ પ્રેમોદ્ગાર વાત્સલ્યભરી તેમની સંભાળ પામેલાં આ સંગ્રહના સંપાદક તથા તેમનાં ભાંડુઓ તેમજ બીજાં પણ કેટલાંક તેની એકી અવાજે સાક્ષી પૂરશે. એવા જ તેમના વાત્સલ્યનો લાભ પામેલા સ્વ. વજુભાઈ જાની જે થોડો સમય સાબરમતી આશ્રમમાં હરિજન સેવક સંઘમાં નોકરી બજાવતા હતા તેમની દ્વારા પ્રભાબેન આપણી નજીકના દાયકાઓના એક વિરલ સંત પૂ. શ્રી મોટાના સંપર્કમાં સને ૧૯૪૦ કે તેની આસપાસમાં આવ્યાં હતાં. પૂ. મોટા અમદાવાદ તથા સૂરત તેમને ઘેર વારંવાર જતા અને ત્યાં મૌનખંડ બનાવરાવી તેમને જપ-ધ્યાન પણ કરાવતા. એમના સંપર્ક અને માર્ગદર્શનનો લાભ પામતાં વધતી રહેલી એમની ભક્તિભાવનાએ એમને પદો સ્ફુરાવવા માંડતાં તે ચાલુ રાખી નોટ-બુકમાં ઉતારવાની પૂ. મોટાની સૂચના કે ઉત્તેજનનું એક પરિણામ તે એમનાં ચારસો જેટલાં પદો, જેમાંથી સંપાદક શ્રી રજનીકાન્ત જોશીએ સવિવેક ચૂંટેલાં ૧૮૦ આ પુસ્તકમાં સંગ્રહ પામ્યાં છે.

આ પદ-રચના સ્વ. પ્રભાબેનની સાધનાનો જ એક ભાગ કે અંશ બની ગઈ હતી. પૂ. મોટાએ એમના સાધનાકાળે પુષ્કળ કાવ્યો પ્રભુને કરેલી પ્રાર્થનાનાં લખ્યાં છે. તેઓ જેમને તેમણે સ્વજનો માન્યા હતા તેમને કહેતા કે ભગવાન સાથે બધી હૈયાની વાત કરવાનું રાખો. પ્રભાબેનનાં પદો એ રીતે ભગવાન સાથેની એમની વાતચીત છે, એમનું આત્મનિવેદન છે. જુઓ એમના જ શબ્દો :

પ્રભુજી! લીધાં મૌન-એકાંત, તમ સાથ બોલવા રે લોલ.
પ્રભુજી! કાઢું મનની વરાળ, કે હૈયું હળવું થવા રે લોલ.
(૮૬)*

* કૌંસમાં મૂકેલ આંકડા કાવ્યોના ક્રમાંક સૂચવે છે.

'સંતકૃપાથી પ્રભુ! કાંઈ સૂઝ્યું' (૪૪). એ જ એમની આ બધી રચનાઓનું મૂળ છે. 'ભક્તિ કેરું ઝરણું વ્હાલા! હૈયે મારે ભરજો' (૧૧૭) એ એમણે પ્રભુ પાસે માગ્યું છે ને તે તેમને મળ્યું છે. એ ઝરણું જ આ પદોરૂપે વહ્યું છે.

પ્રભુ સાથે વાત કરવામાં તો બહુધા એમને પ્રાર્થના જ કરવાની હોય ને? સંગ્રહની ૧૮૦ રચનાઓમાંથી ૧૧૧ પ્રાર્થનાની જ છે. પ્રભાબેનની એ પ્રાર્થનાઓમાં ક્યાંય ધન, સંતાન, પદ કે યશ જેવાં ઐહિક સુખ કે કષ્ટભંજન અને વ્યાધિનિવારણ માટેની સંસારી માગણી ભાળશો જ નહિ. સંસારમાં આવી પડતાં દુઃખ પરત્વે તેમની માગણી જો હોય તો તે છે આ :

સમતા આપો પ્રભુ! ઉરમાં, જેથી દુઃખ સહેવાય.

× × ×

દાવાનળ સળગે છતાં; હરિ હરિ રટાય.

બાકી તો તેમની માગણી તો હોય છે ષડ્‌રિપુથી ઉગારવાની, હૃદયના અંધકારને હઠાવી આત્મજ્યોતિ જગાડવાની, મોહ-માયાથી છોડાવવાની, શરણમાં લેવાની, ભવ-સિંધુ તરાવવાની, હૈયાના મેલને કાપવાની, માન-અભિમાનથી મુક્ત બનાવવાની, અને સૌથી વધુ તો દર્શન-મિલનની કૃપા કરવાની. એને માટેની તેમના ભક્તહૃદયની ઝંખના અને વ્યાકુળતા સંગ્રહનાં સંખ્યાબંધ પદોમાં અને નીચેની જેવી પંક્તિઓમાં આર્તભાવે વ્યક્ત થઈ છે :

મને તારા કાજે ધગધગતી જ્વાલા પ્રગટજો. (૧૦૮)

રૂમઝૂમ રૂમઝૂમ આવ રે, પ્રભુ! રૂમઝૂમ રૂમઝૂમ આવ રે;
બંસી બજાવી, ધૂન મચાવી, હૃદયમંદિરમાં ગાવ રે, પ્રભુ!
(૨૬)

નથી રે સહેવાતું હવે વાલમા! શાને કરો તમે વાર જી?
(૩૪)

વહાલા! અંતરપટ તુજ તોડી, મને દ્યો તમ સાથે જોડી....
(૩૯)

હું પ્યાસી પ્રભુદર્શનની, પ્રભુ! વહેલા આવો રે. (૫૬)

જુગ જુગનાં રે છૂટાં પડયાં, હવે શાને કરો વાર રે? (૫૭)

તુજ વિના પ્રભુ! ચેન ન પડતું,
ખાવું-પીવું કાંઈ ન ગમતું.... (૭૦)

મારે મંદિરે પધારો મારા શ્યામ! વાટ તારી જોઈ રહી.
(૮૯)

તમે આવો આવોને મારા શ્યામ! દિન-રાત ઝંખી રહી.
(૧૫૧)

....લૌટકે આકે મુઝે દર્શન દેના. (૧૬૫)

દર્શનકી મૈં પ્યાસી, દિન દિન ફિરું ઉદાસી. (૧૬૮)

મૈં તો તરસ રહી દરસનકે લિયે. (૧૭૦)

આપ બિના હુઈ બાવરી, રૈન બીતી, ભયા ઉજારા;
નયન ખીંચ દેખત રહી, દેખા ન શ્યામ મેરા. (૧૭૭)

આવી પ્રિયતમ પ્રભુનાં દર્શન-મિલન માટેની વ્યાકુળ પ્રાર્થના તેની ભક્તની પ્રભુ વણસાંભળી ઓછી રાખે? સંગ્રહનાં કેટલાંક પદોમાં એ સંતોષાયાની આધ્યાત્મિક અનુભૂતિ પણ ગવાઈ છે. જોઈએ થોડીક વાનગી :

છૂપા છૂપા તોયે પ્રભુજી મારા, કૃપા કીધી તેં આજે રે.'
(૧૯)

આજ હરિ-મિલનની આ રાત છે,

મને વ્હાલા પ્રભુનો સાથ છે.

પ્રભુના પ્રેમમાં રાત વીતી ભાવમાં,

મારા હૈયાહિંડોળે એનો વાસ છે. (૪૮)

સુણી પોકાર મારાં દુખિયા આ દિલનો,

દર્શન આપીને હૈયું ઠારતો. (૪૯)

પ્રેમ-પ્યાલી પીધી ભરપૂર (૨), મસ્ત આનંદે ડોલતી. (૬૪)

દિવ્ય જ્યોતિનો ઝળકાટ (૨), અંતરના આ મંદિરે. (૭૧)

વાયુરૂપે પ્રભુ પધાર્યા આલિંગન કરવા હૃદયે. (૭૩)

પ્રેમનાં પૂર ઉલટ્યાં આજે, ઝીલવા આવો આજ (૨);

સાંવરી સૂરત પ્રેમે ભાળી (૨) હૈયું આ મલકાય. (૯૧)

આજ ઊઠે ઉરમાં હરિ, તોડી અંતરપટ;

જ્યોતિમાં આ જ્યોતિ મેળવી, નિરખું પ્રેમ-સ્વરૂપ. (૯૫)

રૂમઝૂમ રૂમઝૂમ આવે કનૈયો....

ઉર-વ્રજકુંજે, મીઠું મીઠું ગૂંજે,

ઠમક ઠમક આ નાચે કનૈયો. (૯૭)

મારું ચિત્ત લીધું હરી, દેહભાન ભૂલી;

જાયે આંસુ વહી, પ્રેમે હૈયે ધરે. (૧૧૦)

મને સહાય થયા મોરારી રે, મારી અંતરવેદના ટાળી. (૧૨૩)

ક્યાંથી આ તેજ પ્રકાશ્યું રે ઊંડા અંધારે ? (૧૨૭)

સારી રાત સંભળાયો રે મધુરો રણકાર,

ઝમઝમ કરતો હૃદયે ઊતરતો, પ્રીતમનો રણકાર. (૧૩૭)

પ્રેમબંસરી વાગી રે મધનિશાએ.
રોમરોમ ઝનઝન થાયે, મસ્તી અનેરી હૃદે લહરાયે.... (૧૫૪)

'હાં રે! મારે અંતરે જાગ્યા અલબેલા' (૧૮) એ આ લેખિકાની વિનંતિ એ અલબેલાએ આમ કોઈ કોઈ ધન્ય ક્ષણે સ્વીકાર્યાના જ અનુભવની આ આહ્લાદક અભિવ્યક્તિ નથી તો બીજું શું છે? એનો જ એક સંદેશવાહક નથી કહી ગયો–Knock and the door shall be opened unto you? આવી આત્મિક અનુભૂતિની ક્વચિત્ ક્વચિત્ ઝલક મેળવવાનાં અધિકારિણી લેખિકાને બનાવનાર એમની ભક્તિપૂત ભાવસ્થિતિની આપણને ઝાંખી કરાવતાં પદો આગળ પહેલાં બતાવેલાં ઉપરાંત બીજાં પણ સંગ્રહમાં ઘણું નજરે ચડવાનાં, જેમાંનાં નં. ૨૨, ૩૬, ૩૭, ૬૦, ૬૪, ૬૬, ૭૧, ૮૫, ૮૯, ૧૩૮, ૧૬૩નાં ખાસ ધ્યાન ખેંચે તેવાં છે. વહાલા પ્રભુનો મહિમા પણ પ્રભાબેન કેવા ભાવથી ૭૬, ૭૭ અને ૮૯ એ પદોમાં ગાય છે! સંગ્રહની ૧૧૧ રચનાઓ જે પ્રાર્થનાની છે તેમાં એમના ભક્તહૃદયનો ઉદ્ગાર છે, તો એક પદમાં તેમણે ભગવાનને બોલતા સંભળાવ્યા છે–'નિહાળો તો થાયે પ્રકાશ' (૧૫૫)માં. 'અણુએ અણુમાં મારો છે વાસ, નિહાળો તો થાયે પ્રકાશ' એમ કહેતા ભગવાન मुझको क्यों ढूंढत है बंदे मैं तो तेरे पास हूँ ની જ વાત બીજા શબ્દોમાં સુણાવી રહ્યા છે. કોને? ભક્તના હૃદય-કર્ણને. વસ્તુતઃ આ છે ભક્તના જ અંતરમાં ઊઘડતી જ્ઞાનદૃષ્ટિ. 'ભગવદ્ગીતા'નું

तेषां सततयुक्तानां भजतां प्रीतिपूर्वकम् ।
ददामि बुद्धियोगं तं येन मामुपयान्ति ते ॥ (१०–१०)

એ ભગવદ્વચન પ્રભાબેનની બાબતમાં કેમ જાણે એના પ્રભુએ સાચું પાડયું હોય! પ્રભુએ દીધેલા બુદ્ધિયોગે જ એમની પાસે પ્રભુને શ્રીમુખે

જડ, થડ, શાખા ને ફળફૂલમાં,
પહાડ, પર્વત ને રેતીનાં રણમાં,
ભરચક ભરેલો મારો વાસ છે.
રજ રજ માંહી હું છું વસેલો,
સર્વમાંહી રહું રસેલો....

પદ ૧૫૫માં અને સ્વમુખે પદ ૧૩૬ની ‘ઘટઘટે તું વ્યાપી રહ્યો’ એ તથા

પતિ, પુત્ર, પુત્રી, સહુ, સર્વ છે તારાં રૂપ.

× × ×

જડ ને ચેતન સર્વમાં વિલસે પ્રભુ! તું.

એ પંક્તિઓ ઉદ્‌ગારાવી છે, જેમ ‘સર્વના ઘટ વિશે એક તું વિલસે, આત્મરૂપે પ્રભુ! એક તું છે’ (૨૮) એ પંક્તિ પણ.

પરંપરાગત ભક્તિકવિતામાં મનને ઠપકારતાં, ચેતવતાં અને શિખામણ આપતાં પદોનો એક આખો વર્ગ હોય છે. આ સંગ્રહમાં પણ ‘વહી ગયું રે જીવન’ (૫૦), ‘કાં ફસાય?’ (૭૮), ‘ઓ મનવા! હરિ હરિ તું રટને!’ (૯૪), ‘મનવા! ફતવા કરે તું શાને?’ (૧૦૩), ‘અભિમાની મનવા!’ (૧૦૪), ‘મન મુસાફિર!’ (૧૦૫), ‘ચરણે પ્રભુને રહીએ રે’ (૧૦૬), ‘મનવા! હરિ: ૐ હરિ: ૐ બોલ’ (૧૧૧), ‘ભજી લો મોહન ભાવે રે, ઓ મન પ્યારા!’ (૧૧૨), ‘રે મન, માયામાં ક્યાં તું ફસાયું?’ (૧૨૨), ‘રે મન! હરિ: ૐ-હરિ: ૐ બોલ’ (૧૨૫), ‘ઓ જીવડા! ક્યાં સુધી રહેશે તું આવો?’ (૧૩૪), ‘ઓ જીવડા! હરિ: ૐ હરિ: ૐ બોલ’ (૧૪૪) અને ‘ઓ હંસલા! જોને તું જાગી’ (૧૫૩) એવાં પ્રબોધક પદો છે. ૬૧ અને ૧૧૩ આંકનાં કાવ્યો સંસારી જીવોને ઉદ્દેશીને લખાયાં છે. ‘પ્રભુના જન તો તેને રે કહીએ’ (૬૫) પ્રભુના

જનનાં લક્ષણો વર્ણવે છે. ૧૫૨.મા પદમાં જે સંતનાં લક્ષણો વર્ણવી તેને ભાવભરી વંદના અર્પાઈ છે તે પૂ. મોટા પ્રત્યેનો લેખિકાનો ભક્તિભીનો ગુરુભાવ નં. ૪૨ અને ૪૭નાં પદોમાં વ્યક્ત થયો છે. ગુરુની શક્તિ અને એનો ઉપકાર લેખિકા પૂરાં સમજે છે એ 'ગુરુ-ગોવિંદ' (૭૫) પદ બતાવે છે.

સંગ્રહમાં માતાજીની સાત પ્રાર્થનાઓ છે, જે પ્રભુની પ્રાર્થના જેવી જ ભક્તિ-આર્દ્રતા લેખિકાની દર્શાવે છે. પાંચેક પદ્ય-રચનાઓ જુદી જુદી સ્વજનકલ્પ વ્યક્તિઓને લગતી છે, જેમાંય રચનારનો ઉદાર પ્રેમભાવ અને ભક્તિભાવના જોનારને દેખાયા વિના રહેશે નહિ. બદ્રીનાથ અને ગંગાના દર્શને લેખિકાના હૃદયમાં સ્ફુરાવેલો ભક્તિભાવ એ રચનાઓ(૯૬ ને ૮૭)ને આત્મલક્ષી રચનાઓ ચેલી વ્યક્તિલક્ષી રચનાઓની જેમ બનાવે છે. 'વિદાય આપો પ્રેમથી' (૯૦) એ આત્મલક્ષી રચનામાંની સૌ સ્વજનોની ક્ષમા અને હરિ-શરણુ માટેની પ્રેમાશિષની વિનમ્ર યાચના સમગ્ર સંગ્રહ સ્ફુરાવશે તે પ્રભાબેનની વંદનીયતામાં વધારો કરે તેવી છે.

'પ્રભા-કિરણ'નાં છેલ્લાં બાવીસ પૃષ્ઠો વાચકોનું ધ્યાન ખેંચ્યા વિના રહેશે નહિ. એમાં છપાયેલ રચનાઓ વ્રજશૈલીની હિંદીમાં છે. એ ભાષા-શૈલી લેખિકાને ગુજરાતી જેટલી જ સહજતાથી ફાવ્યાનું એ સિદ્ધ કરે તેમ છે. એમાંની ભાવસામગ્રી લેખિકાના ભક્ત-હૃદયને ગોપીભાવ અને મીરાં-ભાવ કેવાં સહજ હતાં એ બતાવી આપે છે. કોઈ કોઈ ગુજરાતી અને કોઈ કોઈ હિંદી પદોમાં મીરાંની

> જો મૈં ઐસા જાનતી પ્રીત કિયે દુઃખ હોય,
> નગર ઢિંઢોરા પીટતી, પ્રીત ન કીજો કોય.

અને 'મીરાં પ્રેમ દીવાની મેરો દરદ ન જાને કોય' એ 'મેરી લાગી

લટક ગુરુ ચરનનકી ' જેવી પ્રસિદ્ધ પંક્તિઓનો પડઘો વાંચનાર સાંભળી શકશે. ગુજરાતી-હિંદી ભક્તિકવિતાથી પ્રભાબેન વાકેફ હતાં એમ આ પુસ્તક બતાવી આપે તેમ છે.

સાહિત્યની દૃષ્ટિએ નહિ, ભાવની દૃષ્ટિએ જ જોવાની છે આ સંગ્રહની પદ્યરચનાઓ. પૃ. ૮૯ પરની ચાતક-પોષક-ઉદ્ધારક-આશક-સંહારક-પ્રોત્સાહક-પાલક-આહ્‌લાદકના પ્રાસ, પૃ. ૧૪૮-૪૯ પરનાં ચિત્તનું ચંદન, મન-મોતીની માળા, હૃદયકમળનો હાર, મુગ્ધ ભાવનો મુગટ, પ્રેમની બંસરી, પ્રેમજળની ઝારી, અને હૈયાહિંડોળાનાં રૂપકો, કેટલાય જાણીતા ઢાળ સાથે ગઝલ, ઝૂલણા ને તોટક જેવા છંદના સુગમ પ્રયોગ, ગેયતા માટેની ફાવટ તથા

મારું હૃદય ગોકુળ ગામ,
જ્યાં વસે સુંદર શ્યામ, મારું હૃદય ગોકુળ ગામ.
ગોકુળ ગામે ગાય અનેરી, પ્રભુ તેનો ગોપાલ,
મન મસ્તાની ગાય આ જોજે, કરે નહિ તોફાન. મારું૦

જેવી કડીઓ લેખિકાને અનાયાસસિદ્ધ કવિત્વ પણ આવી મળ્યું દેખાડે છે એ ખરું, પણ કાવ્યસિદ્ધિ તેમનું સાધ્ય ન હતી, હૃદયના ભક્તિભાવને વૈખરીમાં વ્યક્ત કરવાની જ તેમની મથામથ હતી. એમની ભાવ-ભગતિનું અને એમના ભક્તહૃદયનું જે દર્શન આ સંગ્રહની રચનાઓ કરાવે છે એમાં જ એની મૂલ્યવત્તા રહેલી છે. લેખિકાના જેવી ભાવ-ભગતિના ચાહક વાંચનાર આ સંગ્રહના વાચનને અંતે એમના ભક્તહૃદયના પૂજક-પ્રશંસક બની રહે તેમ છે.

આ શબ્દો સાથે મારાં એ ભક્ત-હૃદયને અને તેના ભાવ-ગાનના પ્રેરકને ભાવભર્યાં વંદન !

૨૮-૭-૧૯૮૭ : અમદાવાદ　　　　અનંતરાય મ. રાવળ

# આભાર-દર્શન

સદ્ગત પ્રભાબહેનને દૈહિક રીતે વિદાય થયે બાર વર્ષ પૂરા થયાં છે. આ અવકાશમાં 'પ્રભા-કિરણ'ને પ્રકાશિત કરવા ઘણો પ્રયાસ કરી જોયો, પરંતુ વાસ્તવમાં તો જ્યારે જેનો યોગ હોય છે ત્યારે જ તે પૂર્ણ થાય છે, અન્યથા નહીં. આ સાથે આપ સહુના હાથમાં આ પુસ્તક મૂકતા આનંદ અનુભવીએ છીએ, તેમ જ એક પુણ્યકાર્ય કર્યાની તૃપ્તિ પણ.

સદ્ગત પ્રભાબહેનનાં ભજનોને વ્યવસ્થિત કરી, રાગ-રાગિણી તથા ઢાળ-પ્રાસ મેળવી આપવાના સાધુ-કર્મમાં શ્રી નીલમબહેન વૈદ્ય તથા શ્રી શિરિનબેન મહેતાનો સારો એવો ફાળો રહ્યો છે. તેઓના પુરુષાર્થ અને જહેમતને કારણે તેમણે અમારું કાર્ય તો હળવું જ બનાવી દીધેલું. આ બંને બહેનોનો ખૂબ ખૂબ આભાર.

મુ૦ શ્રી અનંતરાય રાવળસાહેબે પોતાનો અમૂલ્ય સમય ફાળવી 'પ્રભા-કિરણ'ની પ્રસ્તાવના ઘણા જ પ્રેમથી લખી આપી છે તે માટે તેમના પણ અમે આભારી છીએ. તેઓશ્રીને સદ્ગત પ્રભાબહેનનો પરિચય તો હતો જ, આથી આ પુસ્તક માટે તેમની પ્રસ્તાવના મળી છે એ માટે અમારાં 'બા', સદ્ગત પ્રભાબહેનનો આત્મા પણ અવશ્ય પરિતોષનો અનુભવ કરતો હશે!

આ પુસ્તકના સંપાદકશ્રીનો આભાર કેવી રીતે માનવો? તેઓ તો અમારા પરિવારના જ છે. તેમજ તેમની સક્રિયતાને કારણે જ 'અમૃતા પ્રકાશન' દ્વારા આ પ્રકાશન શક્ય બની શક્યું છે. અહીં તેમનો આભાર માનીશું તો તેમને નહીં જ ગમે, આથી, હાર્દિક આનંદ જ વ્યક્ત કરીએ છીએ. સાથે સાથે સ્વાતિ પ્રિન્ટિંગ પ્રેસનો પણ આભાર, જેમણે ખૂબ જ ઝડપથી અને સુઘડ રીતે 'પ્રભા-કિરણ' આપ સહુના હાથમાં મૂકવાનું શ્રેયકાર્ય કર્યું છે.

૨૫-૯-૧૯૮૭

પ્રબોધચંદ્ર કાપડિયા
ચંદ્રાવતી કાપડિયા

## સંપાદકનાં પ્રકાશનો

- ‘વિદિત’ (વિવેચન) ૧૯૮૧
- ‘હિન્દી કવિ ધૂમિલ’ (વિવેચન) ૧૯૮૨
- ‘અવલોકન’ (નિબંધ) ૧૯૮૩
- ‘વત્સલ મા કસ્તૂરબા’ (ચરિત્ર) ૧૯૮૩
- ધૂમિલ-કૃત ‘પટકથા’ (કાવ્યાનુવાદ) ૧૯૮૪
- ‘તમિલ કવિ સુબ્રહ્મણ્ય ભારતી’ (ચરિત્ર-વિવેચન) ૧૯૮૫
- ‘हिन्दी-गुजरातीकी समानस्रोतीय शब्दावली’ (शोधकार्य) १९८५
- ‘हिन्दी भाषा और साहित्यके विकास में गुजरात का योगदान’ – अन्य सहयोगियोंके साथ (संपादन) १९८५
- ‘અવલોકિત’ (વિવેચન) ૧૯૮૬
- વિજુ ગણાત્રા ॥ ફૂલ મરૈ પૈ મરૈ ન બાસૂ ॥ (ચરિત્ર-વિવેચન) ૧૯૮૭
- ‘પ્રભા-કિરણ’ : પ્રભાવતી કાપડિયાની ગુજરાતી-હિન્દી રચનાઓનું સંપાદન, ૧૯૮૭
- ‘એક આત્મનિવેદકની અભિવ્યક્તિ’ (ચરિત્ર-વિવેચન) ૧૯૮૭
- ગાંધી કાવ્ય-ગંગાના હિન્દી કવિ ભવાનીપ્રસાદ મિશ્ર (પરિચયાત્મક અવલોકન) ૧૯૮૭

**હવે પછી...**

- ‘पांचाली’ (नाटक)
- ‘ચિન્તયામિ મનસા’ અને બીજા લેખો
- अज्ञेय-संपादित ‘सप्तक-काव्य’ (समीक्षा)

**પ્રાપ્તિસ્થાન : અમૃતા પ્રકાશન** (ફોન નં. ૪૦૬૧૯૭)
સી/૫, ઓજસ એપાર્ટમેન્ટ્સ,
સુરેન્દ્ર મંગળદાસ માર્ગ, અમદાવાદ–૩૮૦ ૦૧૫

# અનુક્રમ


નિવેદન :
'એક આત્મનિવેદકની અભિવ્યક્તિ' સંપાદક ૩
પ્રસ્તાવના :
'ભક્તહૃદયની સરવાણી' શ્રી અનંતરાય મ. રાવળ ૨૮
આભારદર્શન પ્રબોધચંદ્ર કાપડિયા, ચંદ્રાવતી કાપડિયા ૩૭

૧. પ્રાર્થના ૧
૨. એળે રે ગયું રે જીવન ૩
૩. જીવન-જ્યોતિ જગાવ ૪
૪. તારો જાપ જપાવ ૫
૫. 'હરિ: ૐ' બોલો ૬
૬. પ્રભુની લગની લાગી ૭
૭. મને મોહ-માયાથી છોડાવ ૮
૮. શરણમાં તું લઈ લેજે ૯
૯. 'હરિ: ૐ' વસો ૧૦
૧૦. ઘટઘટમાં પ્રભુ વ્યાપ ૧૧
૧૧. મારી અરજ ૧૩
૧૨. પ્રભુ! લેજે તું ઉગારી ૧૪
૧૩. લગની લગાડો પ્રભુ ૧૫
૧૪. મુજ અભાગી કાજે ૧૬
૧૫. મારી લાજ તમારે હાથ ૧૭
૧૬. દેજે દેજે પ્રભુ! ભક્તિભાવના ૧૮
૧૭. કેમ કરી રિઝાવું ૧૯
૧૮. જાગો અંતરે વ્હાલા રે ૨૦
૧૯. કૃપા કીધી તેં આજે રે ૨૧

૨૦. દીનદયાળુ તું છે પ્રભુ! ૨૨
૨૧. જાગોને મારા અંતરયામી ૨૩
૨૨. તોયે મસ્તી એની રે ૨૪
૨૩. મને ભક્તિ આપો તારી રે ૨૫
૨૪. ગ્રહ્યું છે મેં શરણું તારું ૨૬
૨૫. પ્રણય-ઘૂંઘટ જરા ખોલ રે ૨૭
૨૬. પ્રભુ! રૂમઝૂમ રૂમઝૂમ આવ રે ૨૮
૨૭. ઝટ પ્રગટ થાવ ગિરધારી ૨૯
૨૮. જાગને ઘટ વિષે-૧ ૩૦
૨૯. તુજ દર્શનની અભિલાષા ૩૧
૩૦. મારે મંદિરે પધારો વ્રજરાજ ૩૨
૩૧. નાથ! જરા નયન મિલાવ ૩૩
૩૨. શ્યામ! આવો તો ઝુલાવું ૩૪
૩૩. જાગને ઘટ વિષે-૨ ૩૫
૩૪. નથી રે સહેવાતું હવે ૩૬
૩૫. ઓ રસિયા ક્યાં રે ગયો? ૩૭
૩૬. ઓ દિલદાર! ૩૮
૩૭. મારું હૃદય ગોકુળ ગામ ૩૯
૩૮. મને તો મારો શ્યામ લાગે પ્યારો રે ૪૦
૩૯. હું દ્વારે તારે આવી ૪૧
૪૦. મોહન! તારી ઠમક ઠમક ચાલ ૪૨
૪૧. સાંવરિયા! તું તો છે ઠગારો ૪૩
૪૨. ગુરુચરણે નમું હું ભાવ ધરી ૪૪
૪૩. પાવન કરોને મારાં આંગણાં ૪૫
૪૪. પોકાર ૪૬
૪૫. હૈયે મને લેને મા હૃદયેશ્વરી! ૪૭
૪૬. ગુરુપૂર્ણિમા છે પ્યારી ૪૮

૪૭. ગુરુપૂર્ણિમા ૪૯
૪૮. હરિ મિલનની આ રાત છે ૫૦
૪૯. આજ મારો શ્યામ હીંડોળે ઝૂલંતો ૫૧
૫૦. વહી ગયું રે જીવન ૫૨
૫૧. હરિ ! આવોને આજ ૫૩
૫૨. વ્હાલાં ! પાયે પડીને માગું ૫૪
૫૩. પ્રભુ ! દેજે દર્શન તારું ૫૫
૫૪. મને ચરણ-શરણમાં લેજો ૫૬
૫૫. હાથ હરિ ! મારો ઝાલજો રે ૫૭
૫૬. તુજ વિયોગનું દુઃખ છે ભારી ૫૮
૫૭. તુજ વિના હું કોને કહું ? ૫૯
૫૮. કર જોડી હું પ્રાર્થું ૬૦
૫૯. કૃષ્ણ કેમ રીઝયા ? ૬૨
૬૦. રમું હું તારા રંગમાં ૬૩
૬૧. સંસારી જીવ બિચારા ૬૪
૬૨. હવે રંકને નિહાળો ૬૫
૬૩. વીનવું હું તુજને પ્યારા ૬૬
૬૪. પ્રેમ-પ્યાલી પીધી ભરપૂર ૬૭
૬૫. પ્રભુના જન તો તેને રે કહીએ ૬૮
૬૬. વાગી છે પ્રેમ-કટારી ૬૯
૬૭. પૂજ્ય લલિતાબાને અંજલિ ૭૦
૬૮. સકળ જગમાં એક તું છે ૭૧
૬૯. મિલન મારું કયારે થશે ? ૭૨
૭૦. જીવન લાગે ઝેર ૭૩
૭૧. અંતરના આ મંદિરે ૭૪
૭૨. આવોને શ્યામ ખોલું હૈયાની હાટડી ૭૫
૭૩. શાશ્વત સુખના સંગીત માંહી ૭૬

૭૪. ચિ. રમાકાન્તની વર્ષગાંઠ નિમિત્તે ૭૭
૭૫. ગુરુ-ગોવિંદ ૭૮
૭૬. ગહન ગતિ ગોવિંદ! તારી ૭૯
૭૭. વિશ્વની વાટિકામાં ૮૦
૭૮. કાં ફસાય? ૮૧
૭૯. રાખો પ્રભુ! તુજ પાદમાં ૮૨
૮૦. શું અર્પું તુજને આજ? ૮૩
૮૧. આવો મારે અંતરિયે ૮૪
૮૨. તું છે મારો પ્યારો ૮૫
૮૩. તુજ પ્રેમ પ્રભુ! મને મસ્ત કરે ૮૬
૮૪. ચરણે નમું હું ભગવંત! અહો ૮૭
૮૫. તુજ પ્રેમ કરે મન મસ્ત બને ૮૮
૮૬. પ્રભુજી! બાંધી તમ સંગ પ્રીત ૮૯
૮૭. પાય પડું મા ગંગાને ૯૦
૮૮. હરિ સંભાળજો ૯૨
૮૯. હું તો પ્રભુ! પ્રેમની ચાતક ૯૩
૯૦. વિદાય આપો પ્રેમથી ૯૪
૯૧. પ્રેમનાં પૂર ઊલટયાં આજ ૯૫
૯૨. નંદદુલારા, બંસીવાળા ૯૬
૯૩. મારા જીવનનો આધાર ૯૭
૯૪. ઓ મનવા! હરિ હરિ તું રટને ૯૮
૯૫. મારા અંતરના ઓરડે ૯૯
૯૬. બદ્રીનાથજી ૧૦૦
૯૭. રૂમઝૂમ રૂમઝૂમ આવે કનૈયો ૧૦૧
૯૮. હું ગિરિધર ક્યારે ભાળું? ૧૦૨
૯૯. મારે મંદિરે પધારો મારા શ્યામ! ૧૦૩
૧૦૦. માડી! યાચું તને હાથ જોડી ૧૦૪

૧૦૧. હું લાગું તને પાય, ઓ જનકદુલારી! ૧૦૫
૧૦૨. કેવી દયા પ્રભુએ કરી? ૧૦૬
૧૦૩. ઓ મનવા! ફતવા કરે તું શાને? ૧૦૭
૧૦૪. અભિમાની મનવા! ૧૦૮
૧૦૫. મન મુસાફિર! ૧૦૯
૧૦૬. ચરણે પ્રભુને રહીએ રે ૧૧૦
૧૦૭. બોલો શ્રી ગુરુ જયજયકાર ૧૧૧
૧૦૮. તવ ચરણનું ધ્યાન ધરવા ૧૧૨
૧૦૯. શરણું પ્રભુ! આપ સદા તું મને ૧૧૩
૧૧૦. શ્રીકૃષ્ણ મોરારી હરે ૧૧૪
૧૧૧. મનવા હરિ: ૐ, હરિ: ૐ બોલ ૧૧૫
૧૧૨. ભજી લો મોહન ભાવે રે ૧૧૬
૧૧૩. ચરણે લેજે તારા ૧૧૭
૧૧૪. પૂજ્ય બાને ૧૧૮
૧૧૫. કર જોડી આ શીશ નમે ૧૧૯
૧૧૬. હરિ! આવો ૧૨૦
૧૧૭. હરિ! તારા જપમાં રે ૧૨૧
૧૧૮. વિપત વેળાએ આવોને ૧૨૨
૧૧૯. અરે ઓ દિવ્ય શક્તિઓ! ૧૨૪
૧૨૦. શ્રી નેમચંદ શેઠના મૃત્યુ દિને ૧૨૫
૧૨૧. કુ. કપિલાબેનને પ્રત્યુત્તર રૂપે ૧૨૬
૧૨૨. રે મન! માયામાં ક્યાં તું ફસાયું? ૧૨૭
૧૨૩. મારી અંતર વેદના ટાળી ૧૨૮
૧૨૪. અ. સૌ. પૂજ્ય બાની પ્રાર્થના ૧૨૯
૧૨૫. રે મન! હરિ: ૐ, હરિ: ૐ બોલ ૧૩૦
૧૨૬. મારા સાસુજીની પ્રાર્થના ૧૩૧
૧૨૭. ક્યાંથી આ તેજ પ્રકાશ્યું રે? ૧૩૨

૧૨૮. એક દિન જાવું આ પિંજર છોડીને ૧૩૩
૧૨૯. પ્રભુ! મારા અંતરચક્ષુ ખોલ ૧૩૪
૧૩૦. હરિ! હવે આંખ જરા ઉઘાડ ૧૩૫
૧૩૧. વારે ચડોને વિઠ્ઠલા! ૧૩૬
૧૩૨. આવો તો કરીએ ગોઠડી ૧૩૭
૧૩૩. અંતરને નાદે પોકારું રે ૧૩૮
૧૩૪. ઓ જીવડા! ક્યાં સુધી રહેશે તું આવો? ૧૩૯
૧૩૫. મારું હરી લીધું તેં મન ૧૪૦
૧૩૬. દર્શન ક્યારે આપશો? ૧૪૧
૧૩૭. સારી રાત સંભળાયો રે, મધુરો રણકાર ૧૪૨
૧૩૮. મારે ઊડવું છે વ્યોમ માંહી ૧૪૩
૧૩૯. હું તો શોધું મારે શ્યામ ૧૪૪
૧૪૦. બોલો, કેમ મળો મને નાથ ૧૪૫
૧૪૧. હરિ : ૐ હરિ ૧૪૬
૧૪૨. પ્રભુ! મારી ધીરજ ખૂટી ગઈ ૧૪૭
૧૪૩. આવોને પ્રભુ પૂજન કરું ૧૪૮
૧૪૪. ઓ જીવડા! હરિ : ૐ, હરિ : ૐ બોલ ૧૫૦
૧૪૫. પ્યારા પ્રભુ! હવે ધ્યાનમાં આવો ૧૫૧
૧૪૬. શ્રદ્ધા-ભક્તિ ઉર ભરો રે હરિ ૧૫૨
૧૪૭. મનડું મૂંઝાયું મારું ૧૫૩
૧૪૮. નમન કરું તુજ ચરણે-૧ ૧૫૪
૧૪૯. નમન કરું તુજ ચરણે-૨ ૧૫૫
૧૫૦. ઝુલાવું પ્રેમ-પારણિયે ૧૫૬
૧૫૧. તમે આવો આવોને મારા શ્યામ! ૧૫૭
૧૫૨. એવા સંતચરણે મુજ શિર નમે ૧૫૮
૧૫૩. ઓ હંસલા! જોને તું જાગી ૧૫૯
૧૫૪. પ્રેમની બંસરી વાગી મધ-નિશાએ ૧૬૦

૧૫૫. નિહાળો તો થાય પ્રકાશ ૧૬૧
૧૫૬. પ્રભુ! મને દુઃખ અનેરું થાય ૧૬૨
૧૫૭. મારું હૃદય કુંજનવન ૧૬૩
૧૫૮. નમું દેવ ચરણા ૧૬૪
૧૫૯. મેરા કૌન સહારા? ૧૬૫
૧૬૦. શ્યામ! આઓ મોરે મંદિરપે ૧૬૬
૧૬૧. જ્યોતિસે જ્યોતિ મિલા દે ૧૬૭
૧૬૨. પ્રેમ-પિચકારી મોરે અંગમેં લગી ૧૬૮
૧૬૩. પ્રીત લગી ઘનસ્યામનકી ૧૬૯
૧૬૪. કટારી દિલમેં લગી ૧૭૦
૧૬૫. મત જાના સાંવરિયા! પ્રીત જોરી કે ૧૭૧
૧૬૬. પ્રેમ-ચિનગારી મારે ઉરસે લગી ૧૭૨
૧૬૭. મેરે શ્યામ કે લિયે ૧૭૩
૧૬૮. નયનોંમેં બસા સાંવરિયા ૧૭૪
૧૬૯. પ્રેમ કી પિયાલી ૧૭૫
૧૭૦. બાલમ! તેરે લિયે ૧૭૬
૧૭૧. મૈં તો ઠાડી ૧૭૭
૧૭૨. સાંવરિયા! મન-મથુરામેં બસો ૧૭૮
૧૭૩. સાંવરિયા! પ્રેમકી બંસી બજા ૧૭૯
૧૭૪. હરિ-સ્મરણ હો મેરે હૃદયમેં ૧૮૦
૧૭૫. મૈં તેરે શરનમેં આઈ ૧૮૧
૧૭૬. અબ કહાં ગયો છુપાઈ? ૧૮૨
૧૭૭. તુમ બિન કૌન હમારા? ૧૮૩
૧૭૮. લે લો અપની શરણમેં ૧૮૪
૧૭૯. મૈં તો ચલી રે ચલી ૧૮૫
૧૮૦. તેરે દર્શન દો ભગવન્ત ૧૮૬

# શુદ્ધિ-પત્ર

| પૃ૦ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૨ | શીર્ષક | વૃજરાજ | વ્રજરાજ |
| ૭૧ | ,, | જગમા | જગમાં |
| ૮૨ | ,, | યાદમાં | પાદમાં |
| ૧૦૧ | ૪ | વૃજ | વ્રજ |
| ૧૦૫ | ૧ | સાંભળે | સાંભરે |
| ૧૧૭ | ૧ | બિચારી | બિચારા |
| ૧૩૫ | ૫ | દેખાવ | દિખાવ |
| ૧૫૪ | ૧૭ | તારી | તારે |
| ૧૬૨ | ૭ | ગ્રંથી | ગ્રંથિ |
| ૧૬૬ | ૧૦ | મુજમે | મુઝમે |
| ૧૬૯ | ૫ | વૃજનાથનકી | વ્રજનાથનકી |
| ૧૬૯ | ૮ | ચટકી | ચટક |
| ૧૭૪ | ૧૦ | ફિરે | ફિરું |

# પ્રભા-કિરણ

•

પ્રભાવતી કાપડિયા

•

સંપાદક

રજનીકાન્ત જોશી

"હરિ આવો,
હવે આ રહેમ ધરી
મુજ અંતર આંખ રૂવે છે હરિ!
હવે બહુ થઈ,
પ્રભુ! પ્રેમ ધરો
હવે દર્શન કાજે રૂપ ધરો."

– પ્રભાવતી કાપડિયા



પ્રભાવતી કાપડિયા

[ઈ. ૧૯૦૧ – ૧૯૭૫]

## ૧. પ્રાર્થના

( ઢાળ : " વૈદર્ભી વનમાં વલવલે..." )

હું અજ્ઞાની છું આપની,
બચાવી લેજો બાપ,
ષડ્ રિપુથી છું ઘેરાયેલી,
ઉગારી લ્યોની બાપ. હું૦
આવે વિચાર-વમળો ઘણાં,
તેમાં ડૂબી જવાય;
બાંય સાહી ઉગારજો,
તને લાગું હું પાય. હું૦
તારું સ્મરણ કરતાં ઘણાં
શત્રુ ઊભાં શાં થાય,
તેને હઠાવી શકું નહિ,
પ્રભુ ! આવોની સ્હાય. હું૦
કામ-ક્રોધ-રાગાદિક,
શત્રુ ભારે કહેવાય,
હું અબળા તો શું કરું ?
તમ વિણ કોની સહાય ? હું૦
ભવ મધ્યે નાવ મારું પડ્યું,
હાલક-ડોલક થાય;
તાત ! તમે ઉગારજો,
બૂડું છું ઝાલો બાંય. હું૦

પ્રભુ! મને લાગે ઘણું,
આ તે શું કહેવાય?
આપો શિખામણ તો ઘણી,
ફળે તે ન ઉરમાંય. હું૦

પ્રભુ! કૃપા કરજો હવે,
આપો તારા વિચાર,
મળવા તને હું મથું ઘણી,
પ્રભુ! કરજે તું સહાય. હું૦

બે કર જોડીને વિનવું,
રાખો ચરણુની માંય;
વાંક–ગુન્હા ક્ષમા સૌ કરો,
જાણી તમારી ગાય. હું૦

તા. ૮–૫–'૪૨

હરિ ॐ

## ૨. એળે રે ગયું રે જીવન

(ઢાળ : જૂનું તો થયું રે દેવળ)

એળે રે ગયું રે જીવન, એળે રે ગયું;
જાણ્યા પ્રભુને વિના, જીવન એળે રે ગયું.

હૃદે અંધકાર ભારે
તેમાં નહિ વિચાર્યું જ્યારે,
હવે તો પ્રભુ! મારે સ્હેવાનું રહ્યું. જીવન૦

ત્યારે કૃપા તેં કીધી,
ડૂબતી બચાવી લીધી,
હવે તો ઉગારવું તારે જ રહ્યું. જીવન૦

મારી દોરી તારે હાથે,
ક્રોધાદિ શત્રુ છે માથે,
હવે તો છોડાવવું તારે રહ્યું. જીવન૦

પ્રભુ! તમ દર્શન માટે
તલસું છું દિન-રાતે,
મનડું મારું તને ચહી ના શક્યું. જીવન૦

કર જોડી વિનવું અતિ,
સુધારો મારી મતિ,
હવે તો બાપુ! તારે જોવાનું રહ્યું. જીવન૦

તા. ૧૨-૫-'૪૨

હરિ ૐ

## ૩. જીવન-જ્યોતિ જગાવ

જીવન-જ્યોતિ જગાવ
  પ્રભુ ! મારી જીવન-જ્યોતિ જગાવ,
મારા હૃદયમાં ઘોર અંધારું,
    પ્રકાશ તું પ્રગટાવ. પ્રભુ૦
અણી સમયે આવી ઊભો,
    ડૂબતી'તી મારી નાવ. પ્રભુ૦
અંધારપટમાં હું અથડાતી,
    આવી ઝાલ્યો હાથ. પ્રભુ૦
તારી કૃપાથી તુજને ભજું હું,
    મૂકશો નહિ હવે સાથ. પ્રભુ૦
પ્રેમ દેખાડી, પ્રેમ જ આપો,
    પ્રેમે જપાવ તારો જાપ. પ્રભુ૦
કર જોડી પ્રભુ ! પાયે લાગું,
    વટાવો વસમી વાટ, પ્રભુ૦

તા. ૧૩-૫-'૪૨

હરિ ૐ

## ૪. તારો જાપ જપાવ

તારો જાપ જપાવ,
    પ્રભુ! તું તારો જાપ જપાવ.
મારા હૃદયમાં અતિ અધમતા,
    તેને તું ઝટ કાઢ. પ્રભુ! તું૦

શુદ્ધ કરાવી, મંદિર બનાવી
    દિવ્ય જ્યોતિ પેટાવ. પ્રભુ! તું૦

દયા કરી પ્રભુ! આપ વસો તો
    થાયે જય જયકાર. પ્રભુ! તું૦

કર જોડી પ્રભુ! પાયે લાગું,
    વેગે વહેલો આવ. પ્રભુ! તું૦

તા. ૧૪-૫-'૪૨

હરિ ૐ

## ૫. 'હરિ: ૐ' બોલો

હરિ: ૐ બોલો
હરિ: ૐ બોલો
પ્રિય જન સહુ 'હરિ: ૐ' બોલો
'હરિ: ૐ'થી હટતી રે દુષ્ટમતિ,
'હરિ: ૐ'થી થાય છે શુદ્ધમતિ,
'હરિ: ૐ' બોલી આ હૃદય ખોલો. 'હરિ: ૐ' બોલો

'હરિ: ૐ'થી દુઃખ જાયે નક્કી,
'હરિ: ૐ'થી આપ પ્રકાશો વળી,
'હરિ: ૐ'થી કર પ્રભુનો ગ્રહી લો. 'હરિ: ૐ' બોલો

'હરિ: ૐ' બોલ્યા વિણ જિંદગી ગઈ,
'હરિ: ૐ' બોલી કર જોડી રહી,
'હરિ: ૐ' બોલી પ્રિય સૌ મહાલો. 'હરિ: ૐ' બોલો

તા. ૧૫-૬-'૪૨

હરિ ૐ

## ૬. પ્રભુની લગની લાગી

લાગી છે પ્રભુપદ લગની.
પ્રભુપદ, પ્રભુપદ, પ્રભુપદ જેને,
લગની લાગે તેને કાંઈ નવ સૂઝે,
પ્રભુ-ભજનમાં નિશદિન ગૂંજે,
પ્યારા પ્રભુની જેને લાગે લગની. લાગી છે૦

કામ-ક્રોધ કાઢી જે નાખે,
રાગ-દ્વેષ જે છોડી મેલે,
હૃદય-મંદિરની વાસે જે ખડકી. લાગી છે૦

પ્રભુ-ભજનની જોગ જો મસ્તી,
વાસનાઓ તેની બધી સમૂળગી ખસતી,
પ્રભુની મન ત્યારે લાગે શી ચટકી. લાગી છે૦

હાથ જોડી વ્હાલા ઊભી રહી હું,
પ્રભુ-રટણ તારું માગી રહી હું,
મને ચરણમાં દ્યોની હવે પટકી. લાગી છે૦

તા. ૧૫-૫-'૪૨

હરિ ૐ

## ૭. મને મોહ-માયાથી છોડાવ

મોહ-માયાથી છોડાવ
પ્રભુ! મને મોહ-માયાથી છોડાવ,
સંસાર-સ્વાદે હું છું રસેલી,
તારી માયામાં પ્રભુ! ફસેલી;
મમત્વ મારું મુકાવ. પ્રભુ! મને૦

મારું મારું કરતાં જીવન વીત્યું,
તુજ તરફ હવે વહન થયું;
દયા લાવી તું બચાવ. પ્રભુ! મને૦

આ રે જગતમાં હું શું રહી,
તમ વિના પ્રભુ! મારું ન કોઈ;
વેગે વ્હેલેરા તું આવ. પ્રભુ! મને૦

કર જોડી પ્રભુ! માગું હું એક,
તને ભજવાનો આવો છે ટેક;
તારે ચરણે તું ઢળાવ. પ્રભુ! મને૦

તા. ૧૮-૫-'૪૨

હરિ ૐ

## ૮. શરણમાં તું લઈ લેજે

(ગઝલ)

મુંઝાઉં છું, મુંઝાઉં છું, અતિશય દિલે મુંઝાઉં છું;
અરે આ જીવનને માટે, હવે તો હું મુંઝાઉં છું. (૧)

પડેલા કૈંક સંસ્કારો, પ્રભુ! તેથી મુંઝાઉં છું;
જશે તે ઉરથી ક્યારે, પ્રભુ! તેથી મુંઝાઉં છું. (૨)

પ્રયત્નો કાઢવા કરતી, પરંતુ ધૂળમાં મળતાં;
કસોટી આકરી થાતી, પ્રભુ! તેથી મુંઝાઉં છું. (૩)

તને મળવા રટણ જારી, પ્રભુ! ખૂબી કરે ભારી;
અરે વિઘ્નો મૂકે લાવી, પ્રભુ! તેથી મુંઝાઉં છું. (૪)

ન દીઠેલું બતાવે તું, બનાવે ના બનાવેલું;
પ્રભુ! એવું નિહાળીને, અરે હું તો મુંઝાઉં છું. (૫)

વિષમ સંસારમાં રહીને, પ્રભુને ક્યમ હું પામું?
જીવન કેવી રીતે જીવવું? ન જાણું, હું મુંઝાઉં છું. (૬)

પ્રભુ! રસ્તો કરી દેજે, શરણમાં તું લઈ લેજે;
મતિ સારી દીધા કરજે, ન જેથી કંઈ મુંઝાઉં છું. (૭)

હરિ ૐ

## ૯. 'હરિ : ૐ' વસો

મુજ મસ્તકમાં 'હરિ : ૐ' વસો,
મારા નયનોમાં નારાયણ વસો;
મારા કાનોમાં શ્રીકૃષ્ણ વસો,
મારી નાસિકે નરસિંહ વસો.

મારી જીહ્વાએ જગદીશ વસો,
મારી વાણીમાં સત્યદેવ વસો;
મારા મનમાં મથુરેશ વસો;
મુજ ચિત્ત મહીં ચતુર્ભુજ વસો.

મારા હૃદયમાં રણછોડ વસો,
મારા હાથોમાં હરિહર વસો;
મારા પાદોમાં પરિબ્રહ્મ વસો,
મારી ત્વચાએ ત્રિલોચન વસો.

મારી અસ્થિમાં અરુણદેવ વસો,
મારા લોહીમાં લક્ષ્મીપતિ વસો;
પ્રભુ! સર્વરૂપે આવી રક્ષા કરો,
એકરૂપે આવીને હાથ ધરો.

તા. ૧૦-૨-'૪૪

હરિ ૐ

## ૧૦. ઘરઘરમાં પ્રભુ વ્યાપ

(તાટક છંદ)

કરો કામ હવે છટપટ કરી,
ખટરાગને પ્રભુ ! નાખ તોડી;
ગમતું તારું કરવા મને,
ઘરઘરમાં પ્રભુ ! વ્યાપ હવે.

છબીલાજી પાલવે પડું તને,
જશે લાજ પ્રભુ ! આ તારી અરે;
ઝટ આવીને ઉગાર મને,
ટપકાવે છે પ્રભુ પ્રેમ ખરે.

ઠમકો લઈને તું આવ હવે,
ડગમગતું ડગલું મારું રહે;
ઢંઢોળી તું તવ ચરણે લહે,
તવ બાળકી પ્રભુ ! હાથ જોડે.

થડકે નહીં મારું હૃદય અરે,
દશા મારી પ્રભુ ! હવે શું જ થશે;
ધગધગતી પ્રભુ મને ધગશ તું દે,
નહિ સ્મરણ તારું ભૂલું હૃદે.

પરિણામ પ્રભુ કંઈ લાવ હવે,
ફરી જન્મ-મરણનો ફેરો ટળે;

બહુ આંશ ધરું તુજ ઉપર અરે,
ભવસિંધુ આ તરવો છે મારે;
મને દિવ્ય શક્તિ પ્રભુ! આપ હવે,
યજ્ઞ તુજ કરવા હું મથું ભારી,
રણસંગ્રામે કર જીત મારી;
લઈ નામ તારું હું મસ્ત બનું,
વળી રટના હૃદયમાં લક્ષ કરું.

શમી જાય પ્રભુ! આ મારી મતિ,
સર્વ વાતે પ્રભુ! કર શુદ્ધ અતિ;
ષડ્‌રિપુનો પ્રભુ! નાશ કર,
હરિ હાથ ઝાલી તું હૃદે ધર.

ક્ષમા આપ મને, હું કરગરું;
જ્ઞાન આપ મને પ્રભુ! પાયે પડું.
ઘરઘરમાં પ્રભુ! વ્યાપ હવે
ઘરઘરમાં પ્રભુ! વ્યાપ હવે.

તા. ૧૯–૨–'૪૪

હરિ ૐ

## ૧૧. મારી અરજ

રક્ષણ મારા મન તણું કરજો. (ટેક)

હરિ ! મારી અરજ ઉરે ધરજો,
દીનાનાથ ! મુક્ત મને કરજો. રક્ષણ૦

મનડું મારું ભમતું તો રહે છે,
મૂંઝાવી મુજને તે દે છે;
હરિ ! મારી વારે હવે ચડજો. રક્ષણ૦

પ્રભુ ! હું તો ચરણે પડી તારે,
તારા વિના કોણ બીજું મારે ?
પ્રભુ ! હવે આંય તમે ધરજો. રક્ષણ૦

સ્મરણ તારું મનડું ભુલાવે,
પળે પળે નામ ન લેવા દે;
હરિ ! હવે કૃપા તમે કરજો. રક્ષણ૦

હાથ જોડી પાયે તને લાગું,
મનથી પર થવા હું માગું;
પ્રભુ ! મને ચરણે તારે લેજો. રક્ષણ૦

હરિ ૐ

## ૧૨. પ્રભુ! લેજે તું ઉગારી

( ગઝલ )

હરિ! સંસારસાગરમાં, મૂકી આ નાવડી મારી,
હવે સંભાળજે બાપુ! ડૂબે ના બાળકી તારી;
ચડી તોફાનમાં હોડી, પિતા! તું આવજે દોડી,
અરે ભવસિંધુ છે ભારી, પકડજે હાથમાં દોરી.

ભરૂંસો તુજ ઉપર રાખી,
ચલાવી નાવડી મારી;
બિરદ તવ તાત! ના જાયે,
ડૂબે ના રાંકડી તારી.

પિતા હું બાળકી તારી.
અરે ક્યાં મેલી વિસારી?
મને એ દુઃખ છે ભારી,
પ્રભુ! તું લે ચરણ તારી.

કર્યાં છે પાપ મેં ભારી,
છતાં છું બાળકી તારી;
જશે આ લાજ તો તારી,
પ્રભુ! લેજે તું ઉગારી.

હરિ ૐ

## ૧૩. લગની લગાડો પ્રભુ

(ઢાળ: મધુરી શી મોરલી બજાવજે કનૈયા)

લગની લગાડો પ્રભુ ! તારા પ્રિય નામની,
તારા પ્રિય નામની, દિવ્ય એ ધામની. લગની૦

મોહ–માયાને પ્રભુ ! અળગી કરાવી,
મારા–તારાને પ્રભુ ! દેને ફગાવી,
પ્યારી ભક્તિ મને આપો શ્રી ! આપની. લગની૦

લોભની જાળથી મુજને હઠાવો,
માન–અભિમાનથી મુક્ત બનાવો;
તારા આ નામની પહેરાવો કફની. લગની૦

રાગ–દ્વેષથી પ્રભુ ! દૂર કરાવો,
પ્રેમામૃત પાઈ મને શુદ્ધ બનાવો;
તારે ચરણે પ્રભુ ! લે મન જકડી. લગની૦

પાયે પડીને કહું એક જ આપો,
સંસારી બંધન મારાં આવીને કાપો;
તુજ ચરણમાં લગાડો ચટકી. લગની૦

હરિ ૐ

## ૧૪. મુજ અભાગી કાજે

મુજ અભાગી કાજે....તું નાસી ગયો આજે,
મનડું મારું લાજે, તું કેમ હવે રીઝે ?
મારા કર્મ-પાપે હું તપું છું તાપે,
શાન્તિ કેમ લાવું ? હું ગુણ કેમ ગાઉં ?
નથી ભાવ જે ભક્તિ, નથી ગુણ ગાવાની શક્તિ,
શક્તિ તારી દેજે, જેથી વ્હાલા તું રીઝે;
રહું છું હું રમતી, પ્રભુ નિત્ય તને દમતી,
વૃત્તિ નથી શમતી, હું કેમ થાઉં ગમતી ?
દયા પ્રભુ ! કરજે, મને તારે ચરણે લેજે,
ભક્તિ-ભાવ દેજે, કે જેથી તું રીઝે;
પ્રાર્થના આ મારી, તું લેજે ઉર ધારી,
ભક્તિ આપ પ્યારી, કે સેવા કરું તારી.

તા. ૧૩-૪-'૪૪

હરિ ૐ

## ૧૫. મારી લાજ તમારે હાથ

( રાગ : કાલિંગડો )

લાજ તમારે હાથ,
પ્રભુ ! મારી લાજ તમારે હાથ. (ટેક)

હું નિર્બળ તું માથે સબળ છે,
બિરદ ન જાય ઓ તાત ! પ્રભુ૦

જન્મ આપ્યો તેં મોંઘા મૂલ્યે,
સંસાર-સાગરે નાવડી ડોલે;
સુકાની થઈ આવો નાથ. પ્રભુ૦

સર્વ જગોએ વ્યાપી રહ્યો તું,
અંધ દશામાં કેમ હું નીરખું ?
દિવ્ય ચક્ષુ તુજ આપ. પ્રભુ૦

ભવ-સાગરમાં હું અથડાતી,
અહીં-તહીં પ્રભુ ! ગોથા ખાતી
કૃપા કરો હવે બાપ. પ્રભુ૦

તા. ૧૧-૩-'૪૪

હરિ : ૐ

## ૧૬. દેજે દેજે પ્રભુ! ભક્તિભાવના

દેજે દેજે પ્રભુ! ભક્તિ-ભાવના,
કરું વ્હાલા! જેથી તારી સાધના રે. દેજે૦

આપ દિવ્ય શક્તિ મને તારી,
વ્હાલા! વૃત્તિ સૌ જાય નઠારી;
પ્રભુ! કરું હું તારી પ્રાર્થના રે. દેજે૦

હાથ જોડી હું હરિ! યાચું,
વ્હાલા! પાયે પડીને માગું;
લેજે લેજે વ્હાલા! મને ઉરમાં રે. દેજે૦

તા. ૧૪-૩-'૪૪

હરિ : ૐ

## ૧૭. કેમ કરી રિઝાવું ?

કેમ કરી તને રિઝાવું ?
ઓ વ્હાલમા ! કેમ રિઝાવું ?
ભક્તિ ને ભાવ મારા ઉરમાં જરાય ના,
મમતા ને માયા વ્હાલા ! હૈડે શાં રમતાં !
વૃત્તિઓને વશ હું થાઉં.....ઓ વ્હાલમા !

માન-અભિમાન કૈં ઉરમાં વસેલાં,
રાગ અને દ્વેષ પ્રભુ ! નથી હઠેલા;
કેમ કરી તુજ પાસ આવું ? ઓ વ્હાલમા !

તા. ૧૭–૩–'૪૪

હરિ : ૐ

# ૧૮. જાગો અંતરે વ્હાલા રે

(ગરબી)

હાં રે! મારે અંતરે જાગો અલબેલા,
હાં રે! તને કરું પ્રણામ, હું પહેલાં રે. મારે૦

હાં રે! પ્રભુ! સંસાર-સાગર જળ ભારી,
હાં રે! પ્રભુ! ઊગરવાની નથી બારી;
હાં રે! હરિ! આવોને મુજ ભાળ લેવા રે. મારે૦

હાં રે! પ્રભુ! હાથ ઝાલ્યો તેં મારો,
હાં રે! પ્રભુ! બચવાનો નથી આરો;
હાં રે! હરિ! જાગોને વહેલા વહેલા રે. મારે૦

હાં રે! પ્રભુ! પ્રેમને નથી કંઈ ભાવ,
હાં રે! કંઈ નથી અંતર-આર્તનાદ;
હાં રે! હરિ! આપોને મીઠા પ્રેમ-જોવા રે. મારે૦

હાં રે! પ્રભુ! કર જોડીને પ્રાર્થું,
હાં રે! વળી નીચી પડીને પાયે લાગું;
હાં રે! હરિ! જાગો અંતરે વ્હાલા રે. મારે૦

તા. ૨૨-૩-'૪૪

હરિ: ૐ

## ૧૯. કૃપા કીધી તેં આજે રે

છૂપા છૂપા તોયે પ્રભુજી મારા,
કૃપા કીધી તેં આજે રે. (ટેક)

ઘનઘોર શું રૂપ જ તેં લીધું,
દર્શન દેવા કાજે રે;
હું ગુણહીણીના અવગુણ ન જોતો,
સદાએ સહાય તું આપે રે. છૂપા૦

અધમ ઓધારણ નાથ ઓ મારા,
લીલા તારી કેમ ગાઉં રે!
સદાય તારું સ્મરણ કરાવી,
ચરણે ચિતડું લગાડો રે. છૂપા૦

ફેબ્રુઆરી, ૧૯૪૪

હરિઃ ૐ

## ૨૦. દીનદયાળુ તું છે પ્રભુ!

દીનદયાળુ તું છે પ્રભુ! આ
 અલખ નિરંજન મહાયોગી,
મંગળરૂપ તમારું પ્રભુજી!
 અખિલ ભુવનનો તું ભોગી. દીનદયાળુ૦
પ્રેમ રસીલો રંગ-રસ ભીનો,
 તારી લીલા છે ન્યારી;
ષડ્‌રિપુનો નાશ જ કરજે,
 દુઃખ-ભંજન ઓ મોરારિ! દીનદયાળુ૦
ભવસાગર છે અતિ આ ભારે,
 પાર કરું કેમ અવિનાશી?
જેમાં મગરમચ્છ છે ભારે,
 કેમ તરી શકું ગિરધારી? દીનદયાળુ૦
રૂપ તમારું છે નિર્મળ આ,
 મન કરજે નિર્મળ મારું,
તુજ ચરણમાં ચિત્ત લઈને,
 શરણ આપજે મને તારું. દીનદયાળુ૦
અરજ મારી સુણજો હરજી!
 પ્રેમ ધરી હું પાયે ધરું,
એક જ માગું તુજ કને હું,
 ભક્તિ-ભીનું હૈયું મારું. દીનદયાળુ૦

હરિ: ૐ

## ૨૧. જાગોને મારા અંતરયામી

(પ્રભાતિયું)

જાગોને મારા અંતરયામી,
દાસી ઉપર કૃપા કરજો રે.
જીવન તો પ્રભુ! એળે ગયું છે,
તુજ સ્મરણ નવ કીધું રે. જાગોને૦

ઘોર અંધારું આ દૂર કરીને,
દિવ્ય પ્રકાશ મને આપો રે. જાગોને૦

દાસી આ તારી ડૂબી મરે છે,
આવી પ્રભુજી ઉગારજો રે. જાગોને૦

પ્રાર્થું તને હું, હૃદયે જાગો,
ઘોર નિદ્રાને ત્યાગો રે. જાગોને૦

૨૮-૪-'૪૪

હરિ: ૐ

## ૨૨. તો'યે મસ્તી એની રે

પ્રભુને કાજે આ જીવન હવે રે,
આ જીવન હવે રે, આ જીવન હવે રે.
પ્રભુને૦

હરિ છે મારા ને હું છું હરિની,
ભલે મને તાવે, તોયે મસ્તી એની આવે રે.
પ્રભુને૦

રાત-દિન નાદ ગૂંજે, મને કાંઈ નવ સૂઝે,
વ્હાલાના પ્રેમે મન મારું મહાલે રે.
પ્રભુને૦

૧૯૪૪

હરિઃ ૐ

## ૨૩. મને ભક્તિ આપો તારી રે

"હું દાસી છું તમારી રે, પ્રભુજી! પ્યારા,
ચરણ-કમળની છું ઉપાસી,
તુજ દર્શનની હું છું પ્યાસી;
દર્શન દેજોને અવિનાશી રે. પ્રભુજી!

મોહન! આ મૂર્તિ પ્યારી,
ક્યારે નીરખશે આંખ મારી?
ઝટ આવોને મોરારિ રે. પ્રભુજી!

તારે કાજે જીવવું-મરવું,
તારે કાજે નિત્ય વિચરવું;
એવી આશા હૃદયમાં ધારી રે. પ્રભુજી!

કૃપા-દૃષ્ટિથી મને નિહાળો,
કર્મ-બંધન મારાં ટાળો,
હરિ! ઉઠાડો કર ઝાલી રે! પ્રભુજી!

પ્રાર્થું હું તને કર જોડી,
મારામાં છે ભક્તિ થોડી,
મને ભક્તિ આપો તારી રે. પ્રભુજી!

૧૯૪૪, ગ્રહણના દિવસે

હરિ: ॐ

## ૨૪. ગ્રહ્યું છે મેં શરણું તારું

(ગઝલ)

રડે છે આંખ સંસારે, પ્રભુ! તવ પ્રેમને માટે,
અરે! હું ક્યાં હવે જાઉં? પ્રભુ! તલસું છું તુજ માટે.
અરે! મુજ મૂર્ખ મનને હું
પ્રભુ! શી રીતે સમજાવું?
રડે જો તુજ માટે તો,
પછી રહે દુઃખમાં શાનું?
અરે! સંસારમાં સુખ
પ્રભુ! હું ક્યાંય ના ભાળું?
ભરેલી આધિ ને વ્યાધિ
અરે! વ્હાલા! હું નિહાળું.
નથી કો માત ને તાત,
નથી ભગિની ને ભ્રાત;
પ્રભુ! સંસાર-સાગરમાં
હવે તું એક છે તાત.
રખે જો તું વિસારે તો,
રહે ના કોઈએ મારું;
વહાલા તાત! તું જોજે,
ગ્રહ્યું છે મેં શરણ તારું.

હરિઃ ૐ

## ૨૫. પ્રણય-ઘૂંઘટ જરા ખોલ રે

પ્રણય-ઘૂંઘટ જરા ખોલ રે,
　　પ્રભુ! પ્રણય-ઘૂંઘટ જરા ખોલ.
પ્રેમ કરી હવે બોલ રે
　　પ્રભુ! પ્રણય-ઘૂંઘટ જરા ખોલ.
પ્રેમના મંદિરે આવી પ્રભુજી!
　　મગન થઈને ડોલ રે. પ્રભુ!
નાચી નચાવી રૂમઝૂમ કરતી,
　　ઉરાડો રંગની છોળ રે. પ્રભુ!
પ્રેમે પ્રગટાવી, પ્રેમ સ્મરાવી,
　　પ્રેમ-કટોરી ઢાળ રે. પ્રભુ!
પ્રેમે કર જોડી પાયે રે લાગી,
　　માગું અમૂલખ મોલ રે. પ્રભુ!

તા. ૨૧-૨-'૪૫

હરિ: ૐ

## ૨૬. પ્રભુ! રૂમઝૂમ રૂમઝૂમ આવ રે

રૂમઝૂમ રૂમઝૂમ આવ રે
પ્રભુ! રૂમઝૂમ રૂમઝૂમ આવ રે.
બંસી બજાવી, ધૂન મચાવી,
હૃદય-મંદિરમાં ગાવ રે. પ્રભુ!
ભર નિદ્રાએ, ઘેરી મને છે,
નૂપુરને ઠમકે જગાડ રે. પ્રભુ!
કૃપા વરસાવી હૃદયે લગાડી,
અંતરપટ ખોલાવ રે. પ્રભુ!
પ્રણયરસે પ્રભુ! મને રેલાવી,
પ્રભા તારી પ્રગટાવ રે. પ્રભુ!

તા. ૨૨-૨-'૪૫

હરિ: ૐ

## ૨૭. ઝટ પ્રગટ થાવ ગિરધારી

મારે હૃદે પધારો મોરારિ!
ઝટ પ્રગટ થાવો ગિરધારી!
  તેં લગની તારી લગાડી
  વ્હાલા! પ્રેમની ચટકી ચખાડી,
વ્હાલા! કેમ કરો હવે ન્યારી. ઝટ૦

તારી વિરહ-વેદના ભારી,
કોને કહું એ કથની મારી!
  પ્રિય! દુ:ખની છે બલિહારી. ઝટ૦

વ્હાલા! વાટડી જોતાં સહેવું,
મારે તુજ ચરણોમાં રહેવું;
  પ્રભુ! પ્રેમ કરો પ્રેમધારી. ઝટ૦

પ્રભુ! કર જોડીને યાચું,
વ્હાલા! પાયે પડીને માગું;
  રહું તારામાં મતવાલી. ઝટ૦

તા. ૨૬-૩-'૪૫

હરિ : ૐ

## ૨૮. જાગને ઘટ વિષે–૧

[ રાગ: આશામાઢ ( પ્રભાતિયું ) ]

જાગને ઘટ વિષે, દિવ્ય જ્યોતિ વડે,
તુજમાં મુજને એક કરી દે. (ટેક)

તુજ વિના નથી, કોઈ મારું હરિ!
સર્વમાં માહરે એક તું છે. જાગને૦

સર્વના ઘટ વિષે, એક તું વિલસે,
આત્મરૂપે પ્રભુ! એક તું છે. જાગને૦

નિન્દ્રા તું કેમ ધરે, જાગ ઝટ અંતરે,
કાળ શો વહી ગયો, બાકી પળ છે. જાગને૦

યાચું તને કરગરી, પ્રેમે પાયે પડી,
પ્રગટ થાઓ હવે એક રૂપે. જાગને૦

તા. ૨૭–૩–'૪૫

હરિ: ૐ

## ૨૯. તુજ દર્શનની અભિલાષા

વિયોગે વાટડી જોતી વ્હાલાજી! શા માટે સંતાયા રે!
તુજ દર્શનની અભિલાષા મોટી, શા કાજે છુપાયા રે?
પ્રેમ દેખાડી મુજને વિસારી, હવે કેમ અળગા થયા રે?
તુજ ઉપર મારી જીવનની નાવડી, સુકાની થઈ સંતાયા રે?
આવો આવોને પ્રભુજી! વ્હેલા, દર્શન કરું હું પ્યારા રે,
યાચું તને હું કર જોડીને, પ્રભુજી! નવ થશો ન્યારા રે.

હરિ : ૐ

## ૩૦. મારે મંદિરે પધારો વૃજરાજ

પ્રેમ કરી મારે મંદિરે પધારો, વ્હાલા શ્રી વૃજરાજ !
હેત કરીને મને હૈયે ધરોને, પ્રીતમ ! મારા આજ.

દિવ્ય પગલાં પાડી તારાં,
રસ ઢાળોને મહારાજ રે;
પ્રેમ-સરિતા હૃદયે રેલાવો,
પામર જોડે હાથ. પ્રેમ કરી૦

જીવન-મરણ તારે કાજે,
સફળ કરો જીવ્યું આજ રે;
જીવન મારું અર્પણ કરિયું,
એ વ્હાલાની સાથ. પ્રેમ કરી૦

કર જોડી પ્રિય ! પાયે પડું છું,
અળગી ન કરશો નાથ રે !
દિનરાત મારી પાસે રહેજો;
તજશો નહિ મારો સાથ. પ્રેમ કરી૦

હું અબળા ત્હારી શરણે આવી,
પકડો મારો હાથ રે;
હાથ ગ્રહી નવ તરછોડી દેશો,
રાખજો વ્હાલા લાજ. પ્રેમ કરી૦

હરિ : ૐ

## ૩૧. નાથ! જરા નયન મિલાવ

નાથ ! જરા નયનો મિલાવ,
મોહક તારી મૂર્તિ દિખાવ. નાથ ! જરા૦

નયનોમાં પ્રેમ ભરી,
વ્હાલા ! હવે દેખો જરી;
મસ્તી આ તારી ભરી,
જીવન બહેલાવ. નાથ ! જરા૦

પ્રેમ ભરી બોલ પ્યારા,
હવે મૂકો માન તારાં,
મને સાથે લઈ વ્હાલા,
રંગ રેલાવ. નાથ ! જરા૦

રંકનીય રંક હું,
તને વધુ શું કહું ?
પ્રેમમાળ મારી પ્રભો !
કંઠે સોહાવ. નાથ ! જરા૦

હરિ : ૐ

## ૩૨. શ્યામ! આવો તો ઝુલાવું

ઓ શ્યામ! આવો તો ઝુલાવું. (ટેક)

હૃદેની કુંજમાં હૈયા હિંડોળે,
બાંધી છે મન તણી દોર રે
ઓ શ્યામ!

પ્રેમ-પુષ્પથી હિંડોળો ગૂંથી,
વ્હાલા! ગાન-ગલીચા પથરાવું રે.
ઓ શ્યામ!

પાયે પડીને વ્હાલા! હૈયાને હેતે,
ધીમે ધીમે ઝુલાવું રે. ઓ શ્યામ!

હરિ: ૐ

## ૩૩. જાગને ઘટ વિષે-૨

( પ્રભાતિયું )

જાગને ઘટ વિષે, દિવ્ય શક્તિ વડે,
રાત તો વહી ગઈ, વ્હાણું વાશે;
ભક્તિને ભાવથી, કર્મને પ્રેમથી,
જ્ઞાનવિવેકથી જાગને તું. જાગને૦

રંકના રંકથી, પ્રેમ-સેવા થકી,
સ્થિરતા સ્થાપીને જાગને તું;
પાય પડી કહું તને, શક્તિ તારી વડે;
પ્રગટ થાને પ્રભુ! આત્મ-રૂપે. જાગને૦

તા. ૪-૫-'૪૫

હરિ: ૐ

## ૩૪. નથી રે સહેવાતું હવે

(રાગ : સારંગ)

[ ઢાળ : જનની જીવો રે ગોપીચંદની ]

નથી રે સહેવાતું હવે વાલમા !
શાને કરો તમે વાર જી ?
વેદનાએ વ્યાકુળતા થાતી,
નથી રહેતું કંઈ ભાન જી. નથી રે૦

વિલંબ કરો કેમ વિઠ્ઠલા ?
દર્શન દ્યોને પ્રભુ ! ઝટ જી,
તારે શરણે પ્રભુ ! હું રહી,
નથી કોઈની આશ જી. નથી રે૦

હરિ : ૐ

## ૩૫. ઓ રસિયા ક્યાં રે ગયો ?

ઓ રસિયા !
રસનો ચટકો લગાડી, ક્યાં રે ગયો ?
લોકોની લાજ છોડી, સગા શું સંબંધ મોડી,
તુજ સાથે પ્રીત જોડી રે. ઓ રસિયા૦

દયાહીન કે'તાં તને, હૃદે દુઃખ થાય રે,
વેદનાએ વ્યાકુળ થાતાં
બોલી તો જવાય રે. ઓ રસિયા૦

મીઠાં મીઠાં ગાન આપે,
વ્હાલભર્યું તાન આપે,
છતાં પ્રભુ ! દર્શન નવ થાય રે.
ઓ રસિયા૦

વ્હાલામાં વ્હાલો તું છે,
ન્યારામાં ન્યારો તું છે;
તો યે વ્હાલા ! આઘો આઘો જાય રે.
ઓ રસિયા૦

તા. ૧૦–૫–'૪૫

હરિ : ૐ

## ૩૬. ઓ દિલદાર !

ઓ દિલદાર !
　　દિવાની થઈ છું તારે કાજ. (ટેક)

પ્રેમની મસ્તી કોઈ ન જાણે,
　　જાણે તે જ માણે;
વાલમ કેરી વાટડી જોતાં,
　　　　વેદના અપાર. ઓ દિલદાર !

પ્રેમ-ભિખારણ પ્રેમ જ માગે,
　　એ જ કરે પોકાર;
પ્રેમ ધરી પ્રભુ ! આવો વ્હેલા,
　　　　ઊભી છું તારે દ્વાર. ઓ દિલદાર !

તા. ૯-૪-'૪૫

હરિ : ૐ

## ૩૭. મારું હૃદય ગોકુળ ગામ

( રાગ : મુલ્તાની )

મારું હૃદય ગોકુળ ગામ,
જ્યાં વસે સુંદર શ્યામ, મારું હૃદય ગોકુળ ગામ.

ગોકુળ ગામે ગાય અનેરી,
પ્રભુ તેના ગોપાલ,
મન મસ્તાની ગાય આ જોજે, કરે નહિ તોફાન.
મારું૦

પ્રેમ-યમુના નિત્ય વહે છે,
ગોપ-ગોપી પણ ત્યાંય;
શ્યામ પ્રભુ ! મારો મસ્ત બનીને, ગાય મધુરાં ગાન.
મારું૦

જગવૃક્ષનાં મૂળ ગયાં ને,
કોમળ કદંબ ત્યાંય,
વાલમ મારે ઊભો રહીને, મારે છે પ્રેમનું તાન.
મારું૦

એ ગોકુળની ગોવાલણ હું,
કૃપાથી બની છું આજ;
વાલમ ! સદા રાખજે એવી, પ્રાર્થું છું ભગવાન.
મારું૦

હરિ : ૐ

## ૩૮. મને તો મારો શ્યામ લાગે પ્યારો રે

મને તો મારો શ્યામ લાગે પ્યારો. (ટેક)

પ્રભુએ પ્રીત મુજ સાથે જોડી,
બંધન નાખ્યાં તોડી;
વ્હાલમની આ પ્રીતથી મને,
જગ લાગે ખારો. મને તો૦

નિહાળું નહિ જ્યારે હું એને,
આંસુ વહે આ નયને;
હવે તો મારો એ જ
પ્રીતમ પ્યારો. મને તો૦

નમી નમી વા'લા પાયે લાગું,
ચરણે પડી રહેવા યાચું
હવે મને આશરો તારો,
પ્રભુ! એક જ તારો. મને તો૦

હરિ : ૐ

## ૩૯. હું દ્વારે તારે આવી

હું દ્વારે તારે આવી પ્રભુ!
કાં દ્વાર ન ઉઘાડો?
તારી પ્રીત તેં લગાડી,
થઈ તુજ આગળ હું ઉઘાડી;
હવે શાને કરો છો તપારો?
હું દ્વારે૦

હું પડી છું તારે ચરણે,
પૂરી છતાં ન કાં લે શરણે?
હવે દોષો મુજ કાં ભાળો?
હું દ્વારે૦

વ્હાલા! અંતરપટ તુજ તોડી,
મને ઘો તમ સાથે જોડી,
પ્રભુ! જીવનજ્યોત જગાવો.
હું દ્વારે૦

હરિ: ૐ

## ૪૦. મોહન! તારી ઠમક ઠમક ચાલ

મોહન! તારી ઠમક ઠમક ચાલ,
વ્હાલા! મને આવે અતિ પ્યાર;
  શ્યામલ આ દેહ તારી,
  મુખ ઉપર સ્મિત ભારી;
  વનમાળા હૃદે હાલાહાલ....મોહન તારી૦

માથે પીંછ મનનો ધારી,
કર્યું ચંદન ચિતનું ભારી;
કાને કાપ-કુંડળનો ચમકાર....મોહન તારી૦

  પ્રેમનું પીતાંબર પહેરી,
  પ્રીતનો આ પટકો ઓઢી;
  પગે નૂપુરનો ઝણકાર....મોહન તારી૦

પાયે પડી કહું છું તારી,
દર્શન મને દેજો દાડી;
આવો આવો નંદના કુંવર....મોહન તારી૦

તા. ૧-૪-'૪૫

હરિ : ૐ

## ૪૧. સાંવરિયા ! તું તો છે ઠગારો

સાંવરિયા ! તું તો છે ઠગારો
ચોરી તું કરનારો. સાંવરિયા૦

પ્રીત કરી તેં પ્રેમ ભરીને,
તું ખસી દૂર જનારો. સાંવરિયા૦

આર્તનાદથી જે પોકારે
ત્યાંય રહે તું ન્યારો. સાંવરિયા૦

કેમ દયાળું કહું તને હું ?
રીબવી તું રીઝનારો. સાંવરિયા૦

હરિ : ૐ

## ૪૨. ગુરુ-ચરણે નમું હું ભાવ ધરી

શુભ દિન પવિત્ર છે આજ હરિ,
તુજ ચરણે નમું હું પ્રેમ ધરી;
આપ્યું વ્રત પ્રભુ! તેં પ્રેમ કરી,
ગુરુ-ચરણે નમું હું ભાવ ધરી. (૧)

મને શક્તિ દે પ્રભુ! તારી ગણી,
વ્રત થાય ફલિત આ જેથી કરી;
તુજ પાયે પડું પ્રભુ! કરગરી,
ગુરુ-ચરણે નમું હું ભાવ ધરી. (૨)

તુજ સ્વરૂપ કળાય ન કેમ કરી?
ધરો રૂપ સદા કંઈ લીલા કરી,
મારું મન હરી લો તુજ ભણી;
ગુરુ-ચરણે નમું હું ભાવ ધરી. (૩)

તુજ પ્રાર્થના કરું હું કેમ કરી?
નથી બુદ્ધિ જરાય મુજ માંહી જરી;
છતાં હસ્ત ગ્રહ્યો તેં કૃપા કરી,
ગુરુ-ચરણે નમું હું ભાવ ધરી. (૪)

તા. ૩-૯-'૪૭

હરિ : ૐ

## ૪૩. પાવન કરીને મારાં આંગણાં

ઓ સાંવરિયા! પાવન કરીને મારાં આંગણાં,
વ્હાલા! ચિત્તનો ચંદરવો બાંધી;
મન-મોતીનાં તોરણ ટાંગી,
વ્હાલા! આવો તો લઉં ઓવારણાં.
ઓ સાંવરિયા૦

વ્હાલા! ગુણ-ગલીચા પથરાવું,
પ્રભુ! બુદ્ધિના બાજઠ ઢાળું;
તારાં પદ પખાળું પ્રેમ-નિર્ઝરણાં.
ઓ સાંવરિયા૦

તને જમાડું ભાવનાં ભોજનિયાં,
વા'લા! નાખું વા લઈ વીંઝણિયાં;
તને રિઝાવું પ્રેમ પડી ચરણાં.
ઓ સાંવરિયા૦

પ્રભુ! હાથ જોથી પાયે લાગું,
તુજ પાસ સદા એક જ માંગું;
મન રાખો સદા તું હરિ-શરણાં.
ઓ સાંવરિયા૦

હરિ: ૐ

## ૪૪. પોકાર

પ્રભુજી ! ઉતારો ભવ પાર !
મને એક તારો આધાર. પ્રભુજી૦

લક્ષ ચોરાશી ફેરા ફરીને,
આવ્યો છું તારે દ્વાર. પ્રભુજી૦

ગર્ભમાં લટક્યો ઊંધે માથે,
દશ માસ નરકાગાર. પ્રભુજી૦

ગર્ભ માંહી જે કૉલ કરેલો,
વીસરી ગયો હું તાત. પ્રભુજી૦

સંત-કૃપાથી પ્રભુ ! કંઈ સૂઝ્યું,
હવે કરું છું પોકાર. પ્રભુજી૦

હરિ : ૐ

## ૪૫. હૈયે મને લેને મા હૃદયેશ્વરી !

(માતાજીની પ્રાર્થના)

શક્તિ તારી આપ મા મહેશ્વરી !
ભક્તિ તારી આપ મા યોગેશ્વરી ! શક્તિ૦

ભક્તિ તારી આપ માડી !
તારે ચરણે આવું દોડી !
શાંતિ મને આપ મા સર્વેશ્વરી ! શક્તિ૦

રૂદ્ર રૂપને તું ધારી,
દુષ્ટ વૃત્તિ નાંખ મારી;
શ્રદ્ધા દૃઢ આપ મા સિદ્ધેશ્વરી ! શક્તિ૦

તું દયાળુ માત મારી,
મારી પાસે રહેજે દાડી;
શત્રુ સામે ઝૂઝ મા રુદ્રેશ્વરી ! શક્તિ૦

તારો અનુરાગ આપ,
રાતદિન રાખું જાપ,
તારા બળે ગાજું મા ગંગેશ્વરી ! શક્તિ૦

પ્રેમે પાયે લાગું માત,
તારો મને દેજે સાથ;
હૈયે મને લેને મા હૃદયેશ્વરી ! શક્તિ૦

તા. ૨૬-૨-'૪૫

હરિ : ૐ

## ૪૬. ગુરુ-પૂર્ણિમા છે પ્યારી

ગુરુ-પૂર્ણિમા છે પ્યારી, પૂરું જ્ઞાન તે દેનારી. (ટેક)

પ્રેમામૃત તારું પાજે, પૂરું જ્ઞાન લેવા કાજે;
હૃદય-પૂર્ણિમા ઉજાળી, ગુરુ-પૂર્ણિમા છે પ્યારી,
ઉર-ચંદ્ર તું તો બનજે, સોળે કળાએ ખીલજે,
તેજ તારું દે પ્રસારી; ગુરુ-પૂર્ણિમા છે પ્યારી.
મમ સર્જનહાર તું છે, સર્જન નવું તું કરજે.
વ્હાલા! હસ્ત તારો ધરી. ગુરુ-પૂર્ણિમા૦

સહુ તત્ત્વનો તું સાર, પરિબ્રહ્મ તું અપાર,
જ્ઞાનદૃષ્ટિ દે તારી. ગુરુ-પૂર્ણિમા૦

નથી પ્રેમ, ભક્તિ, ભાવ, ગુણ ગાવા નથી જ્ઞાન;
પ્રભુ! મૂર્ખી એવી તારી. ગુરુ-પૂર્ણિમા૦

મમ દોષ ક્ષમા તું કરજે, કરુણાથી અંકે લેજે,
જેવી છું તેવી હું તારી. ગુરુ-પૂર્ણિમા૦

કર જોડી પાયે લાગું; નમનો તને કરું હું;
તું લેજે ચરણમાં તારી. ગુરુ-પૂર્ણિમા૦

તા. ૧૪-૭-'૪૬

હરિ : ૐ

## ૪૭. ગુરુપૂર્ણિમા

મારા ગુરુ પરમ ઉદાર,
દયા એણે બહુ કરી રે,
કૃપા-દૃષ્ટિ ભલી થઈ રે. મારા ગુરુ૦
મુજ નિરધનને ધન જ આપી,
હરિ–હીરલો હૃદયે સ્થાપી,
મને કરી છે એણે ન્યાલ,
રહું ચરણે પડી રે. મારા ગુરુ૦
મુજ મલિનતા એણે કાઢી,
હૃદય ભક્તિગાન આપી;
મને કીધી એકાકાર.
કૃપા તેં બહુ કરી રે. મારા ગુરુ૦
પ્રેમભાવથી શક્તિ દીધી,
શામળિયાને સન્મુખ કીધી;
મારી નૈયા કરવા પાર.
સુકાની એ થઈ રે. મારા ગુરુ૦
પરમ દયાળુ ગુરુ મારા,
મન-ઇન્દ્રિયો વશ કરનારા;
એનું ઋણ નહિ ફિટાય,
રહું ચરણે ઢળી રે. મારા ગુરુ૦

૧૯૪૯, ગુરુપૂર્ણિમા

હરિ : ૐ

## ૪૮. હરિ–મિલનની આ રાત છે

આજ હરિ-મિલનની આ રાત છે,
મને વ્હાલા પ્રભુનો સાથ છે. આજ૦

શ્યામના સંગમાં ઝૂલું હું રંગમાં,
મારો વ્હાલો પ્રભુ મસ્તાન છે. આજ૦

વ્હાલાના વ્હાલમાં, ભાન ભૂલી તાલમાં,
એની મસ્તીનું ઓર કંઈ તાન છે. આજ૦

પ્રભુના પ્રેમમાં રાત વીતી ભાવમાં,
મારા હૈયા–હિંડોળે એનો વાસ છે. આજ૦

હરિ : ૐ

## ૪૯. આજ મારો શ્યામ હીંડોળે ઝૂલંતો

(ઢાળ :- ઝીણા મોર ટહુકે છે લીલી નાઘેરમાં)

આજે હીંડોળે શ્યામ મારો ઝૂલંતો,
સાથે રાધા - ગોરીને ઝુલાવતો. આજ૦

શ્યામની સાથમાં શ્યામ-શી શોભતી,
વ્હાલો પ્રેમ સ્વરૂપે પ્રકાશતો. આજ૦

શૃંગાર ધર્યા વ્હાલે, હૈયું શું નાચે ભાવે!
મારા હૈયામાં વ્હાલો રાચતો. આજ૦

પગના ઠમકારથી, ઝાંઝર-ઝણકારથી,
વ્હાલો ધીમે ધીમે રે હીંચોળતો. આજ૦

સુણી પોકાર મારાં દુખિયા આ દિલનો,
દર્શન આપીને હૈયું ઠારતો. આજ૦

હરિ : ૐ

## ૫૦. વહી ગયું રે જીવન

વહી રે ગયું જીવન, વહી રે ગયું,
પ્રભુને જાણ્યા વિના જીવન વહી રે ગયું. (ટેક)

જૂઠી જંજાળે જીવડા, શું રહ્યો રાચી રે,
માયામાં મનડું તારું ફસી તો રહ્યું. પ્રભુ૦

કામ ને લોભ, મોહ, કામ ન આવે રે,
ભક્તિનું ભાથું હવે ભરી લે પૂરું. પ્રભુ૦

સમજ હવે તું જીવડા, નથી કોઈ વ્હાલા તારા,
પ્રભુનું શરણ તો એ જી! તારે તો રહ્યું. પ્રભુ૦

હરિ : ૐ

## ૫૧. હરિ આવોને આજ

હરિ! આવોને આજ, મારે ઉર–આંગણિયે;
ઉર–આંગણિયે, મારા હૈયા–મંદિરિયે. હરિ૦

નિર્મળ મનની ગંગા વહે છે, સ્નાન કરાવું આજે,
પ્રેમ–પીતાંબર હું પહેરાવું, તિલક કરું મહારાજ. હરિ૦

હૃદય-કમળમાં લઈ પધરાવું, સ્થાન એ તારે કાજ;
ભાવનાં ભોજન હેતે અર્પું, આરોગો મહારાજ. હરિ૦

પ્રીતની આ પાન–બીડી, લ્યોને શ્રી મહારાજ;
સદાય મારી સાથે રહેજો, મૂકશો મા મુજ સાથ. હરિ૦

હાથ જોડી વિનવું ત્યારે, રહેજો હૈયાં સાથ;
ચરણ પકડી પ્રાર્થું તુજને, કરજે તારી દાસ. હરિ૦

હરિ : ૐ

## પ૨. વ્હાલા! પાયે પડીને માગું

"મનમોહન મૂર્તિ તારી,
મને લાગે છે અતિ પ્યારી. (ટેક)

મારો હૃદયદેવ આ નાચે,
પાયે મધુર નૂપુર બાજે,
વ્હાલા! ચિત્તને હરનારી. મનમોહન૦

વા'લો પ્રેમ-લતામાં વિચરતો,
વળી હૃદયની કૂંજે રમતો,
ધરી રૂપ આનંદકારી. મનમોહન૦

વ્હાલા! પાયે પડીને માગું,
તારા ભાવ મહીં નિત રાચું,
રહું તારામાં મતવાલી. મનમોહન૦

હરિ: ૐ

## ૫૩. પ્રભુ! દેજે દર્શન તારું

દેજે દર્શન મને તારું, પ્રભુજી!
દેજે દર્શન મને તારું. (ટેક)

દિવ્ય સ્વરૂપ કેવું પ્યારું, પ્રભુજી!
દેજે દર્શન મને તારું.

દયા–સાગર! દયા તું કરજે,
રંકનો તું હાથ પકડજે,
શ્યામ સ્વરૂપને પામું, પ્રભુજી!
દેજે દર્શન મને તારું.

હરિ : ૐ

## ૫૪. મને ચરણ-શરણમાં લેજો

ચરણ-શરણમાં લેજો હરિ !
 મને ચરણ-શરણમાં લેજો. (ટેક)

દીન, પતિત પણ હું છું તારી,
 હાથ ગ્રહો નેહે મોરારી;
 તમે વહારે મારી ચઢજો. હરિ ! મને૦

અધમ ઓધારણ નાથ ઓ મારા,
 આપ વિના કોણ તારણહારા ?
 ભાળ આ રંકની લેજો. હરિ ! મને૦

પ્રાર્થના મારી ઉરલે ધારી,
 હાથ હરિ ! હવે ધરજો;
 હરિ મને ચરણ-શરણમાં લેજો.

હરિ : ૐ

## ૫૫. હાથ હરિ ! મારો ઝાલજો રે

"હાં રે ! હૃદે જ્યોતિરૂપે પ્રભુ જાગજો,
મારા હૈયાના મેલને કાપજો રે. હૃદે૦

આતમના તેજથી અંધકાર કાઢીને,
દિવ્ય સ્વરૂપે પ્રકાશજો રે. હૃદે૦

વિશ્વનો આનંદ પ્રભુ ! ઉરમાં રેલાવી,
ઝળહળતી જ્યોતને પેટાવજો રે. હૃદે૦

તારા સહુ દાસના દાસની ય રજ હું,
હાથ હરિ ! મારો ઝાલજો રે. હૃદે૦

સરિતા સમો વેગ, હૈયે આપીને,
તારામાં રંકને સમાવજો રે. હૃદે૦

હરિ : ૐ

## ૫૬. તુજ વિયોગનું દુઃખ છે ભારી

હું પ્યાસી પ્રભુદર્શનની, પ્રભુ! વહેલા આવો રે,
વહેલા આવો રે પ્રભુ! વહેલા આવો રે. હું પ્યાસી૦

ચિતડું મારું ચટપટ થાતું,
મનડું ન રહે હાથ;
આંસુધારા આંખ થકી વહે,
પકડો મારો હાથ. હું પ્યાસી૦

હું અબળાનું જોર ન ચાલે,
દર્શન દો મુજ નાથ!
વિરહ–અગ્નિ હૈયે બળે છે,
તાપે તપું છું આજ. હું પ્યાસી૦

ક્રૂર હૃદયના નાથ તમે છો,
કોણ કહે છે દયાળ?
તાપે તપતી દાસી પોકારે,
તો યે દયા નવ થાય. હું પ્યાસી૦

દેહનું દુઃખ આ દુઃખ ન લાગે,
એ દુઃખથી સુખ થાય,
તુજ વિયોગનું દુઃખ છે ભારી,
મારાથી ના જીરવાય. હું પ્યાસી૦

હરિ : ૐ

## ૫૭. તુજ વિના હું કોને કહું ?

(ઢાળ : જનની જીવો રે ગોપીચંદની)

વિનતિ સુણો રે દીનાનાથજી !
  દાસી કરે પોકાર જી. (ટેક)

જુગ જુગના રે છૂટાં પડયાં,
  હવે શાને કરો વાર જી? વિનતિ૦

ચોર્યાસી ફેરા રે ફરી વળી,
  તો યે ન લાગ્યા હાથ જી. વિનતિ૦

માનવ-દેહ હવે મળ્યો,
  કૃપા કરી ધરો હાથ જી. વિનતિ૦

મારું મારું કરતાં જીવન ગયું,
  રહ્યું હવે માત્ર શેષ જી. વિનતિ૦

આતમ-જયોતિનાં સોણલાં,
  આવે દિન ને રાત જી. વિનતિ૦

ચેન પડે ન ચારે દિશામાં,
  ઊંડી વેદના અપાર જી. વિનતિ૦

તુજ વિના હું કોને કહું ?
  નહિ કોઈને સમજાય જી. વિનતિ૦

હરિ : ૐ

## ૫૮. કર જોડી હું પ્રાર્થું

"પ્રભુ પૂજારી રસ-પ્રેમનો,
વ્હાલો પ્રેમ માગે રે;
પ્રેમ માગે રે પ્રભુ!
પ્રેમ માગે રે. (ટેક)

રાધા-ગોરીનો પ્રેમ જ દેખી,
વન વન ભટકે કા'ન;
વિરહ-ઘેલાં રાધાજીને,
આપ્યાં છે હૈયાં-દાન. વ્હાલો૰

પ્રેમ-ઘેલીએ ગોપીઓનાં
લૂંટયાં મહીનાં માટ;
પ્રેમ ધરી દહીં, માખણ ખાધાં,
પૂરી છે મનની આશ. વ્હાલો૰

મીરાંનું હૃદય પ્રેમથી ડોલે,
મસ્તી ભરેલો નાથ;
પ્રેમ ધરીને ઝેર જ પીધું,
દીધું છે અભયદાન. વ્હાલો૰

પ્રેમ ભરેલી શબરીએ,
ચાખ્યાં છે કાંઈ બોર,
ભાવ ધરીને પ્રભુએ ખાધાં,
ઉતાર્યો લક્ષ્મણ તોર. વ્હાલો૰

વાલી કરમાની ખીચડીને;
આરોગે ભગવાન;
આચારવિચાર જોયાં ન વ્હાલે,
પ્રેમ ઉપર કુરબાન. વ્હાલો૦

વિદૂર પત્ની ભાવમાં ભૂલ્યાં,
છોડાં ધર્યાં દીનાનાથ;
આરોગે પ્રભુ હેત ધરીને,
ભક્તને વશ ભગવાન. વ્હાલો૦

સૌ ભક્તોનો પ્રેમ જ દેખી,
હૈયું દ્રવે છે આજ;
કરજોડી હું પ્રાર્થું તુજને,
પ્રગટો પ્રેમે દીનાનાથ. વ્હાલો૦

હરિ : ૐ

## ૫૯. કૃષ્ણ કેમ રીઝયા ?

પ્રશ્ન :– કહોને રાધિકા ! કૃષ્ણ કેમ રીઝયા ?
કેમ રીઝયા કૃષ્ણ ? કેમ રીઝયા ? કહોને૦

ઉત્તર :– રાતદિન ચહી ચહી વ્હાલાને રટતી,
એના વિયોગે હું હૈયામાં ઝૂરતી.
દેહનાં ભાન જ્યારે પૂરું ભૂલ્યાં.
ત્યારે કૃષ્ણ અમ પર રીઝયા.

હરિ : ૐ

## ૬૦. રમું હું તારા રંગમાં

(રાગ : સારંગની ધૂન)

પ્રેમ-વેલી રોપાવ,
સ્નેહ-વારી સીંચાવ;
ચઢું હું તારા નાદમાં. પ્રેમવેલી૦

વહાલ કરી વિકસાવ,
કરો એની રખેવાળ,
લિપટાવું તારા યાદમાં. પ્રેમવેલી૦

હૈયે જોમને તું આપ,
આતમ-જ્યોત જગાવ;
ડોલું હું બ્રહ્માનંદમાં. પ્રેમવેલી૦

પ્રેમ-ભાવથી તું આવ,
પ્રભુ રંજે હૈયા સાથ;
રમું હું તારા રંગમાં. પ્રેમવેલી૦

કમાટી બાગ, સીતાપુર

હરિ : ૐ

## ૬૧. સંસારી જીવ બિચારા

સંસારી જીવ બિચારા,
શું સમજે પ્રભુને પ્યારા. ટેક૦

જગની ડાળે નિશદિન ઝૂલે,
લક્ષ્મી લાભે વ્યગ્ર થઈ ડોલે,
તૃષ્ણામાં રમનાર. શું સમજે૦

દમડી દેતાં દુઃખ જ થાયે,
આપે પ્રભુ તદપિ ન ધરાયે,
પૈસાને જપનારા. શું સમજે૦

ઉપરથી સૌ પ્રેમ શો કરતાં,
અંદરથી તો વેઢા ગણાતાં,
માયામાં રમનારા. શું સમજે૦

રંક હૃદયમાં પ્રભુ તું વસજે,
આશા–તૃષ્ણાથી દૂર કરજે,
ચરણમાં લેજે તારા. શું સમજે૦

હરિ : ૐ

## ૬૨. હવે રંકને નિહાળો

વિશ્વવ્યાપી પ્રભુ! હવે રંકને નિહાળો, (ટેક)
હાથ ઝાલી છોડો જલદી, ક્યાં કરું પોકારો?
જગત-જંજાળથી, પ્રભુ! મને છોડાવો;
બ્રહ્મ કેરા નાદમાં, ધ્યાનમાં ચઢાવો. વિશ્વ૦

આશા બધી ચરણે ધરી,
એક આશ હૈયે ભરી,
તારો કે ખુરાડો નાથ! હાથ ગ્રહ્યો તારો. વિશ્વ૦

જ્યાં તને મેં મારો જાણ્યો.
તું પછીથી ક્યાં અજાણ્યો?
સૂના આ સંસારમાં, તારો મને સહારો. વિશ્વ૦

સ્વાર્થી આ સંસારમાં,
પ્રભુ! એક તું બસ મારો,
તારા વગર કોઈ નહિ, દુઃખ જાણનારો. વિશ્વ૦

કૃપા કરી હૈયે ધરો,
દોષ સકળ માફ કરો,
દયાનિધિ દાખવી દયા! દાસીને ઉગારો. વિશ્વ૦

હરિ: ૐ

## ૬૩. વીનવું હું તુજને પ્યારા

હૃદયથી ના થશો ન્યારા,
વીનવું હું તુજને પ્યારા. (ટેક)

આનંદ-ઊર્મિ હૃદયે ભરજે,
દિવ્ય શક્તિ માંહી તું ઝુલવજે,
આપ છો તારણહારા. વીનવું૦

પ્રેમ-નશો તારો પાજે,
તારી પછાડી પાગલ કરજે,
વરસાવી પ્રેમની ધારા. વીનવું૦

આપ વિના પ્રભુ! કંઈ નવ ભાળું,
ચર્મ-ચક્ષુ લઈ કર અજવાળું,
દિવ્ય દૃષ્ટિ દેનારા. વીનવું૦

હરિ: ૐ

## ૬૪. પ્રેમ-પ્યાલી પીધી ભરપૂર

પ્રેમ–પ્યાલી પીધી ભરપૂર (૨)
મસ્ત આનંદે ડોલતી. (ટેક)

સ્વાદ એનો લાગે મધુર (૨)
કેમ શકું તે વર્ણવી? પ્રેમપ્યાલી૦

બ્રહ્મનાદ થાય મધુર (૨)
એના નાદે શી ડોલતી! પ્રેમપ્યાલી૦

મસ્તી એની જાણે શું કોણ (૨)
કોને કહું એ ગૂઢ વાતડી? પ્રેમપ્યાલી૦

હરિ: ૐ

## ૬૫. પ્રભુના જન તો તેને રે કહીએ

(ઢાળ : વૈષ્ણવ જન તો તેને રે કહીએ)

પ્રભુના જન તો તેને રે કહીએ,
જે પ્રભુને ન વિસારે રે. પ્રભુના૦

સારા યે જગમાં પ્રભુને જુએ,
પ્રભુ વિના નહિ કોઈ રે. પ્રભુના૦

મન-વચનની શુદ્ધિ જે જાળવે,
સૌમાં હરિને જોઈ રે. પ્રભુના૦

સકળ જગતમાં ફરતો રહે છે,
મન છે પ્રભુના સાથે રે. પ્રભુના૦

દુઃખ આવે તો ડગે ન ક્યાંયે,
હૈયે ધરી પ્રભુ! શ્રદ્ધા રે. પ્રભુના૦

પ્રેમ ધરી દે નામ પ્રભુનું,
પ્રભુમાં છે મસ્તાના રે. પ્રભુના૦

એવા ભક્તાને હાથ જોડીને,
કરીએ કોટી પ્રણામો રે. પ્રભુના૦

તા. ૯-૯-'૪૫

હરિ : ૐ

## ૬૬. વાગી છે પ્રેમ-કટારી

વાગી છે પ્રેમ – કટારી,
પ્રભુજી ! વાગી છે પ્રેમ-કટારી. (ટેક)

ઉપરથી તે સીધી જાતી,
અંતરમાં તે ઊંડી થાતી,
લાગે છે ઘા કારી. પ્રભુજી૦

એનાં દુઃખે દાઝું પ્રીછી,
આંખલડીએ નિદ્રા છોડી
કોને કહું પોકારી ? પ્રભુજી૦

પ્રેમનું દર્દ પ્રભુ ! 'એ' ભારી,
જીવતાં નાંખે કેવું મારી ?
એવી છે પ્રેમ-ચારી. પ્રભુજી૦

હરિ : ૐ

## ૬૭. પૂજ્ય લલિતાબાને અંજલિ

શીતળ છાંયડી માડી તાહરી,
મીઠી ગોદ એ ક્યાં ગઈ સરી ?

અમો કાજ મા ! આંસુ સારતી,
અમો કાજ તું શી દુઃખી થઈ ?

ન આપ્યું સુખ મા ! કાંઈ અમે તને,
સેવા ન થઈ મા ! અમથી તુજ કંઈ.

નથી પૂરી કરી આશ તુજ અમે,
પાદ સેવિયા પ્રેમથી ન કંઈ.

દોષ અમ બધા તેં જતા કરી,
ભૂલ અમ બધી લક્ષ ના ધરી.

અધમ એવી હું પાય તુજ પડું,
હાથ જોડીને તવ ક્ષમા ચહું.

તા. ૫-૫-'૪૬

હરિ : ૐ

## ૬૮. સકળ જગમા એક તું છે

સકળ જગમાં એક તું છે.
વંદું હું મોરારી. (ટેક)
વંદું હું મોરારી,
વંદું હું પોકારી. સકળ૦

સર્વ પાપ તાપ કાપ,
વા'લા તારી ભક્તિ આપ;
મને લેજે હૈયા સાથ,
પ્રેમ પ્રભુ! ધારી. સકળ૦

દુષ્ટ મતિ નિર્બળ અતિ,
ચાલવા કેરી ગતિ નથી;
કૃપા કરી કરો ઊભી,
હાથ તુજ પસારી. સકળ૦

ભર દરિયે છોડી મૂકી,
તરવાની કંઈ હામ નથી;
આવો નાથ! પકડી હાથ,
દાસી લ્યો ઉગારી. સકળ૦

હરિ ઃ ૐ

## ૬૯. મિલન મારું ક્યારે થશે?

મિલન મારું ક્યારે થશે?
બોલો મારા શ્યામ!
બોલો મારા શ્યામ,
બોલો મારા રામ. મિલન૦

સર્વ ભોગ દીધા છોડી,
તારે ચરણે ચિત્ત જોડી;
પ્રેમ ધરી આવો હવે,
અંતરના આરામ. મિલન૦

મુખડું તારું જ્યાં ન ભાળું,
હૃદય વલોવાય મારું;
ઘૂંઘટ તોડી આવો દોડી,
દિલના દિલારામ. મિલન૦

તારે કાજે ઝૂરતી અતિ,
વા'લા તને દયા નથી;
અંતરપટ ખોલી હવે,
બોલો આતમરામ. મિલન૦

હરિ: ૐ

## ૭૦. જીવન લાગે ઝેર

જીવન લાગે ઝેર પ્રભુજી!
 જીવન લાગે ઝેર. (ટેક)

તુજ વિના પ્રભુ! ચેન ન પડતું,
ખાવું-પીવું કાંઈ ન ગમતું;
 નથી કર્યાં મેં વેર. પ્રભુજી૦

સેજમાં સૂતાં સુખ ન મળતું,
આંખલડીમાં આંસુ ગળતું-
 ક્યારે કરશો મહેર? પ્રભુજી૦

અન્ય વાતોમાં હવે ન રસ કંઈ,
અંતર મારું રહે રસિકથી;
 રીઝે પ્યારો કેમ? પ્રભુજી૦

પ્રેમ તણો કો કરશો ન નશો,
કરશો કો' તો અંતરે બળશો;
 પ્રભુનો ન્યારો ખેલ. પ્રભુજી૦

તા. ૯-૫-'૪૬, રાત્રિ

હરિ: ૐ

## ૭૧. અંતરના આ મંદિરે

(સારંગની ધૂન)

કંઈ વાગે ઘંટનાદ, કંઈ વાગે ઘંટનાદ;
અંતરને આ મંદિરે,

થાય મધુરા રણકાર, થાય મધુરા રણકાર;
અંતરના આ મંદિરે.

ઢાળ્યાં દિવ્ય આસન, ઢાળ્યાં દિવ્ય આસન;
અંતરના આ મંદિરે.

ધ્યાન ધૂપની સુવાસ, ધ્યાન ધૂપની સુવાસ;
અંતરના આ મંદિરે.

દિવ્ય જ્યોતિનો ઝળકાટ, દિવ્ય જ્યોતિનો ઝળકાટ;
અંતરના આ મંદિરે.

પડે પ્રેમનો પોકાર, પડે પ્રેમનો પોકાર;
અંતરના આ મંદિરે.

પ્રગટો આત્મ-સ્વરૂપ; પ્રગટો આત્મ-સ્વરૂપ.
અંતરના આ મંદિરે.

હરિ : ૐ

## ૭૨. આવોને શ્યામ! ખોલું હૈયાની હાટડી

આવોને શ્યામ? ખોલું હૈયાની હાટડી,
અંતર ખોલીને કહું વાતલડી,
કર્મ-બંધન મારાં ક્યારે હઠી જાશે?
ક્યારે કરીશ મુજ ગોઠલડી?

મળવા ચહું તને જ્યારે હું ઉરથી,
આવે વંટોળિયા આંધી ચઢી,
પાપ મારાં હજુ પૂરાં થયાં નથી,
બોલો વહાલા! કરી પ્રીતલડી.

હૃદય મૂંઝાય ને જીવ ચૂંથાય છે,
ક્યારે રમીશ સંગ રાતલડી?

હરિ: ૐ

## ૭૩. શાશ્વત સુખના સંગીત માંહી

વાયુ રૂપે પ્રભુ પધાર્યા,
    આલિંગન કરવા હૃદયે;
એના તાપે તપી રહેલી,
    આવ્યો શીતળ કરવાને.

ઉપરથી શીતળતા કરતો,
    અંતરમાં દે શો બાળી;
આઘો જઈને ઊભો રહે છે,
    લુચ્ચો એવો વનમાળી.

આપે દુઃખ, તપાવી તાપે,
    અંતરનો કેવો કાળો?
દુઃખો પડતા દોડી આવે.
    બનવાને વ્હાલો વ્હાલો.

વખાણ એનાં ક્યાં શા કરું હું?
    કરવાની શક્તિ કંઈ ના;
શાશ્વત સુખના સંગીત માંહી,
    રહી રમાડી વા'લો ત્યાં.

તા. ૯-૫-'૪૬

હરિ : ૐ

## ૭૪. ચિ. રમાકાન્તની વર્ષગાંઠ નિમિત્તે

અરે! ઓ! બાલુડા મારા!
તને હું પ્રાર્થું દિલ પ્યારા;
જીવન કરી દિવ્ય પ્રભુને તું
રહેજે અંતરે વ્હાલા.

કરીને કર્મનો યોગ,
લહીને મસ્તી શું જોમ;
તમારી જૂની જંજાળો.
ફગાવી દ્યો પ્રભુ-ચરણે.

બધી ચિંતા દઈ છોડી,
રહો વા'લા તણા શરણે;
હૃદયથી પ્રિય સ્વજનં પાસે,
હું પ્રાર્થું એક તે દેજે.

તા. ૧૬-૫-'૪૬,
વૈશાખ - ૧૫

હરિ : ૐ

:

## ૭૫. ગુરુ-ગોવિંદ

ગુરુ-ગોવિંદને જુદા ન ભાળશો,
　　ગુરુ વિના કંઈ જ્ઞાન નહિ. (ટેક)

અગમ-નિગમનો મારગ બતાવે,
　　રસ્તે ચઢાવે ગુરુ શાન દઈ. ગુરુ૦

મોહ-માયાના પડદા તોડીને,
　　સહાય કરે તે પ્રેમ ધરી. ગુરુ૦

વૃત્તિ-વંટોળિયા આવે જો ઉરમાં
　　ગુરુ બચાવે શક્તિ દઈ. ગુરુ૦

પ્રેમનો ભાવ તે આપે હૃદયમાં,
　　ગુરુ-ગોવિંદ બે એક થઈ. ગુરુ૦

તા. ૧૯-૫-'૪૬

હરિ: ૐ

## ૭૬. ગહન ગતિ ગોવિંદ! તારી

ગહન ગતિ ગોવિંદ! તારી શી ન્યારી?
મૂઢ મતિ શું શકે એને જાણી? (ટેક)

જળની જગે સ્થળ તું તો કરતો,
સ્થળની જગે જળને તું તો ભરતો;
કેમ શકું તારી લીલા પીછાણી? ગહન૦

પડદા પાછળ કેવો નિરંતર રહેતો,
રમકડે માયાના, જગને નચવતો;
એવો વા'લો તું શો છે ખેલાડી. ગહન૦

સહુને તું તો તારાથી અળગા કરતો,
લેતાં નામ તારું, કેવું તું પજવાતો,
શકે એક સંત તને બસ જાણી. ગહન૦

શુક્રવાર, તા. ૨૪-૫-'૪૬

હરિ: ૐ

## ૭૭. વિશ્વની વાટિકામાં

વિશ્વની વાટિકામાં પ્રભુ બિરાજતો,
લીલા કરી ગૂઢ મહાલતો રે. (ટેક)

રંગબેરંગી ફૂલડાંની ફોરમે,
સુવાસ અર્પી રાચતો રે. વિશ્વની૦

મધુરાં ફળો શાં ઝાડોમાં ઝૂલતાં,
ક્ષુધાની શાંતિ પમાડતો રે. વિશ્વની૦

મીઠાં મીઠાં આ નદીઓનાં પાણીડાં,
તૃષાની તૃપ્તિ કરાવતાં રે. વિશ્વની૦

ધગધગતા તાપમાં માનવી ઘૂમતા,
શીતળતા વૃક્ષલતા આપતી રે. વિશ્વની૦

સંસારી તાપથી જીવને છોડાવવા,
સંતની ગોઠડી સધાવતો રે. વિશ્વની૦

ભક્તિની ભૂખ એ જગવે હૈયામાં,
પ્રભુનાં નામને રટાવતો રે. વિશ્વની૦

તા. ૨૫-૫-'૪૬

હરિ : ૐ

## ૭૮. કાં ફસાય?

માનસ-સરના હંસલા તું,
ખારા નીરે કાં લલચાય?
અરે! તું ખારા નીરે કાં લલચાય? (ટેક)

મોતીનો ચારો ચરનારો તું
ખોટા કાચે કાં મોહાય?
અરે! તું ખોટા કાચે કાં મોહાય? માનસ૦

દિવ્યતા તારી છોડીને તું,
સંસારે કાં લપટાય?
અરે! તું સંસારે કાં લપટાય? માનસ૦

બ્રહ્માનંદમાં રહેનારો તું,
મોહજાળે કાં ફસાય?
અરે! તું મોહજાળે કાં ફસાય? માનસ૦

રાત્રિના ૧૧-૩૦
તા. ૧૧-૭-'૪૬

હરિ : ૐ

## ૭૯. રાખો પ્રભુ! તુજ યાદમાં

પુષ્યની પ્રભાત આજ ઊગી ઓ વ્હાલમા!
આવો આવોની આજ,
આનંદ-રસને માણવા. પુષ્યની૦

જીવન-દીપને પેટાવજો ઓ વા'લમા!
હૃદયે જ્યોતિનો પ્રકાશ,
કિરણ-રસને રેલાવવા. પુષ્યની૦

પ્રેમ-રસ આપજે પૂરો ઓ વા'લમા!
હૈયે રટું હું પ્યારું નામ,
મસ્ત થઈ ફરું હું તાનમા. પુષ્યની૦

તુજને હું પ્રાર્થું, હૃદયથી ઓ વા'લમા!
આપો શરણ સદાય,
રાખો પ્રભુ તુજ પાદમા. પુષ્યની૦

તા. ૩૧-૧૦-'૪૬

હરિ : ૐ

## ૯૦. શું અર્પું તુજને આજ ?

શું અર્પું તુજને આજ ?
    પ્રભુ ! શું અર્પું તુજને આજ ?
નથી જીવનમાં કંઈ સાજ,
    પ્રભુ ! શું અર્પું તુજને આજ ? શું અર્પું૦

હૃદય-કમળની કુમળી કળી આ,
    તે ધરું તુજ પાદ;
જતન કરી ખીલવજે એને.
    પ્રેમ ધરી મહારાજ. શું અર્પું૦

કમળ ખીલવી, આસન આદરી,
    વસી રહેજે સદાય;
આત્મ-સ્વરૂપે દર્શન દેજે,
    કરજે તારી દાસ. શું અર્પું૦

તા. ૧૪-૭-'૪૬

હરિ : ૐ

# ૮૧. આવો મારે અંતરિયે

(ઢાળ : નાગરવેલીઓ રોપાવ તારા રાજમહેલોમાં)

મારા પ્રાણના આધાર,
આવો મારે અંતરિયે;
કરજો જ્યોતિનો પ્રકાશ,
આવો મારા અંતરિયે. (ટેક)

કમળ કોમળ ખીલવી રૂડું,
સુવાસ પ્રેરો ભાવે;
પ્રગટ થાવો કૃપા કરીને
સૂના શાં મંદિરિયે. મારા૦

આદિ નહિ અંત જ જેનો,
તેનો કેમ કઢાયે તાગ ?
સકળ જગનો પાલક તું તો,
પૂર્ણ બ્રહ્મ અપાર. મારા૦

મોહ રાત્રીની કાળાશ કાઢી,
આપો ઉષાનો પ્રકાશ;
સૂર્ય-કિરણો ઝળકાવીને,
કરો મને એકતાર. મારા૦

હરિ : ૐ

## ૮૨. તું છે મારો પ્યારો

તું છે મારો પ્યારો,
તારણહારો
જીવન ખિલાવે;
ઘડીએ ઘડી.

જીવન વિકસાવી,
અમૃત-પ્યાલી;
પિયે વા'લો—
પ્રેમ ધરી રે ધરી.

બ્રહ્મ-આનંદે,
દિવ્ય-આનંદે,
ઝુલે ઝુલાવે,
પ્રિય! ધીરે ધીરે.

દિવ્યતા તારી,
ઉર દે ઉતારી,
પ્રાર્થું પાયે હું-
ઢળી રે ઢળી.

તા. ૧૪-૭-'૪૬

હરિ : ૐ

## ૮૩. તુજ પ્રેમ પ્રભુ! મન મસ્ત કરે

(તોટક છંદ)

તુજ પ્રેમ પ્રભુ! મને મસ્ત કરે,
મુજ ચિત્ત સદા, તુજ પાસ રહે,
કેમ આવું પ્રભુ! તુજ પાસે હવે?
નમું પ્રેમ કરી, તુજ પાદ પરે. (૧)

તુજ વિષે સદા એક તાર કરી,
સુખદુઃખ અડે હૃદયે ન જરી.
મુજ હૃદે સદા તુજ વાસ રહે,
નમું પ્રેમ કરી, તુજ પાદ પરે. (૨)

હરિ: ૐ

## ૮૪. ચરણે નમું હું ભગવંત! અહો

(તોટક છંદ)

તુજ પાસ પ્રભુ! હું પોકારી રહી,
મન-વાંછિત ભક્તિ, તું આપ ચહી,
પ્રભુ-પ્રેમ સદા ભરપૂર વહો,
ચરણે-નમું હું ભગવંત! અહો. (ટેક)

મુજ આત્મસ્વરૂપ સદા પ્રગટે,
મન વ્યાધિ-ઉપાધિ તમામ મટે;
તુજ નામ સદા હૃદયે મુજ હો. ચરણે૦

સમભાવી સદા મુજને કરજે,
સુખદુઃખ મહીં પ્રભુ! શાંતિ રહે,
શુભ મંત્ર સદા 'હરિ ૐ' રહો. ચરણે૦

હૃદ-ભાવ વડે મન શુદ્ધ કરો,
ચરણે તુજ મારું સદા મન હો,
હૃદ-પુષ્પ ધરું પ્રભુ! આપ લહો. ચરણે૦

પ્રભુ! શક્તિ તું દે સ્તવું ગુણ કયા,
કરું ચિંતન આત્મસ્વરૂપ સદા;
અતિ અલ્પમતિ કયમ પ્રાર્થું કહો,
ચરણે નમું હું ભગવંત! અહો.

હરિ: ૐ

## ૮૫. તુજ પ્રેમ કરે મન મસ્ત બને

( તોટક છંદ )

તુજ પ્રેમ કરે મન મસ્ત બને,
　　મુજ ચિત્ત રહે પ્રભુ ! તુજ કને.
વિરહાગ્નિ રહ્યો સળગી હૃદયે,
　　તપું તાપ થકી પ્રભુ ! આજ ખરે.

મન મારું ઉદાસીન થાય હવે,
　　ક્યમ આવી મળું મુજ નાથ ! તને ?
ભૂરકી ભભૂતિ તુજ નાખી મને,
　　તુજ વિણ હવે નહિ કાંઈ ગમે.

તુજ દર્શન દે પ્રભુ ! પ્રેમ કરી,
　　ઉરમાંહી વળે બહુ શાંતિ ખરી,
નમું, પ્રાર્થું સદા કરી પ્રેમ હરિ !
　　ચરણે પડું તુજ હું પ્રણામ કરી.

હરિ : ૐ

## ૮૬. પ્રભુજી! બાંધી તમ સંગ પ્રીત

પ્રભુજી! આવો ઉરની માંય
કે રસ-રંગ રેલવા રે લોલ.
પ્રભુજી! લીધાં મૌન એકાંત,
તમ સાથ બોલવા રે લોલ.
પ્રભુજી! કાઢું મનની વરાળ,
કે હૈયું હળવું થવા રે લોલ.
પ્રભુજી! નથી મારું જ્યાં કોઈ,
કે હૈયું જહીં ખોલું રે લોલ.
પ્રભુજી! બાંધી તમ સંગ પ્રીત,
કે તોડી નવ તૂટે રે લોલ.
પ્રભુજી! તું છે મારે એક,
કે આનંદ માણવા રે લોલ.
પ્રભુજી! પાયે પડીને માંગું,
કે રાખો મને શરણમાં રે લોલ.
પ્રભુજી! ક્ષણ ના કરશો દૂર
કે સાથ પૂરો દઈ રે લોલ.

તા. ૩૧-૧૦-'૪૬

હરિ : ૐ

## ૮૭. પાય પડું મા ગંગાને

॥ "ગંગાષ્ટક" ॥

હિમગિરિથી મા તું ધસતી,
ધસતી પ્રિયને કાજ રે;
પ્રીતમનું એક લક્ષ જ રાખી,
જુવે ન શિખર ખાડ રે,
પાય પડું મા ગંગાને. (૧)

ભેખડ જ્યાં જ્યાં આવે ત્યાં ત્યાં,
કરતી તોડી ભૂકા રે;
અન્ય જગોને નિહાળે ના,
ધપતી વહાલમ કાજ રે,
પાય પડું મા ગંગાને. (૨)

વાંકોચૂંકો પંથ વટાવી,
ઝાડી જંગલ ફરતી રે,
સ્વામીને હું ક્યારે ભેટું?
એવું ચિંતન કરતી રે,
પાય પડું મા ગંગાને. (૩)

વહાલાને મળી એકરસ થાતી,
થઈને પ્રિય સ્વરૂપે;
નિજ સ્વરૂપને છોડી દઈને,

આનંદે કૂદતી માત,
પાય પડું મા ગંગાને. (૪)

પતિત પાવન નામ ધર્યું મા!
પાપી પાવન કરિયા રે,
એવી દયાળુ માવડી મારી,
આશિષ આપો મા!
પાય પડું મા ગંગાને. (૫)

તુજ સમી મા! ઉરની ઊર્મિ,
બાળાને મા! દેજે રે,
પ્રભુ–મિલનને કાજે મા! હું,
લક્ષી રહું દિનરાત,
પાય પડું મા ગંગાને. (૬)

બપોરે
તા. ૧–૧૧–’૪૬

હરિ: ૐ

## ૮૮. હરિ સંભાળજો

મારા કષ્ટ સમયના સાથી રે,
હરિ! સંભાળજો.
મારા હૃદય–કમળના સ્વામી રે,
હરિ! સંભાળજો.

દુઃખ સમયે દોડી આવો,
આવી કર તુજ પ્રેમે પ્રસારો,
હું છું તમારી દાસી રે.
હરિ! સંભાળજો.

દીન દયાળુ તું છે મારો,
શાને નાથ! કરો છો તમાશો?
હું ચરણે પડી છું તમારે રે,
હરિ! સંભાળજો.

તા. ૧૬–૮–'૪૮

હરિ : ૐ

## ૮૯. હું તો પ્રભુ! પ્રેમની ચાતક

હું તો પ્રભુ! પ્રેમની ચાતક,
મારો એ જ છે પોષક. હું તો૦

એ જ મારો જીવન-સાથી,
એ જ ઉદ્ધારક,
એ છે મારો પ્રાણ-પ્યારો,
એ મારો આશક. હું તો૦

પ્રતિકૂળતા નિહાળે પોતે,
બનતો સંહારક;
હૃદયે વસી પ્રેમ શો કરતો;
રહેતો પ્રોત્સાહક. હું તો૦

રોમે રોમે રમતો રે' છે,
એ મારો પાલક;
પ્રેમ-સુધા વરસાવીને,
બનતો આહ્લાદક. હું તો૦

હરિ : ૐ

## ૯૦ વિદાય આપો પ્રેમથી

વિદાય આપોને પ્રેમથી,
મારા વ્હાલાં (સૌ) સ્વજન!
તમ ચરણે પડી માંગું હું.
અંતર-આશિષ વચન. વિદાય૦

આજ લગી મન દુભવ્યાં,
હોય જેનાં મેં;
માફી માગું હું સૌ તણી,
ક્ષમા આપો મને. વિદાય૦

પ્રભુને શરણે હું જાઉં છું,
નવ ધરશો ઉચાટ;
ઘટઘટમાં વ્યાપી રહ્યો,
તેણે આપ્યો છે સાથ. વિદાય૦

આ દેહનો મોહ છોડીને.
ધરો પ્રભુને ચરણ;
પ્રેમથી આશિષ આપીને,
મૂકો હરિને શરણ. વિદાય૦

તા. ૧૨-૪-'૪૯

હરિ : ૐ

## ૯૧. પ્રેમનાં પૂર ઊલટયાં આજ

પ્રેમનાં પૂર ઊલટયાં આજે, ઝીલવા આવો આજ;
અરે! કોઈ આવો ઝીલવા કાજ. પ્રેમના૦

અરિના સમો વેગ છે એનો (૨)
રોકયો ના રોકાય
અરે! આ રોકયો ના રોકાય. પ્રેમના૦

સાંવરી સૂરત પ્રેમે ભાળી (૨)
હૈયું આ મલકાય.
અરે! આ હૈયું તો મલકાય. પ્રેમના૦

શ્યામ રંગ છે સોહામણો ને (૨)
તેજનો પ્રકાશ રેલાય,
અરે! આ તેજનો પ્રકાશ રેલાય. પ્રેમના૦

પ્રેમ ભરી આ નયને નિહાળી (૨)
પડીકું એને પાય,
અરે! આ પડીકું એને પાય. પ્રેમના૦

હરિ : ૐ

## ૯૨. નંદદુલારા, બંસીવાળા

નંદદુલારા, બંસીવાળા,
સૌનો તું રખવાળ છે; (૨)
સૌનો તું રખવાળ,
પ્રભુજી! સૌનો તું રખવાળ. નંદદુલારા૦

સારા જગમાં વ્યાપી રહ્યો તું,
ઘટઘટમાં તુજ વાસ છે,
સૌનો તું રખવાળ છે. નંદદુલારા૦

દીન તણો દાતાર પ્રભુ! તું,
સૌનો સરજનહાર છે,
સૌનો તું રખવાળ છે. નંદદુલારા૦

હરિ: ૐ

## ૯૩. મારા જીવનનો આધાર

મારા જીવનનો આધાર, કૃષ્ણ! કરુણાના કરનાર,
કરુણાના કરનાર, કૃષ્ણ! કરુણાના કરનાર.
મારા૦

હૃદે કૂંજમાં બંસી બજાવી,
ગાન! મધુરું ગજાવી;
પ્રેમ-સ્વરૂપે આવી, આ પ્રેમ-સ્વરૂપે આવી;
તન્મયતા કરનાર, કૃષ્ણ! કરુણાના કરનાર.
મારા૦

મન-માખણ ચોરી લીધું,
દેહ-દધી મુજ લૂંટી લીધું,
મસ્તીનો દેનાર, કૃષ્ણ! કરુણાના કરનાર.
મારા૦

હરિ : ૐ

## ૯૪. ઓ મનવા! હરિ હરિ તું રટને!

ઓ મનવા! હરિ હરિ તું રટને!
જેથી ભવ જલ પાર ઊતરશે. ઓ મનવા૦

ક્ષણુ-ભંગુર આ જીવન તારું,
શાને કહે તું મારું મારું?
પ્રભુ-શરણે હવે તું મને. ઓ મનવા૦

પ્રભુને ચરણે દે ચિત્ત જોડી,
માયાનો પડદો (તુજ) દે તોડી,
કર હરિ-શું પ્રીત, તું કાં લટકે? ઓ મનવા૦

તા. ૭-૫-'૪૯

હરિ : ૐ

## ૯૫. મારા અંતરના ઓરડે

મારા અંતરને ઓરડે
નયન ભરી નિરખું,
નયન ભરી નિરખું,
ચરણે ઢળી માંગું હું. મારા૦

આજ ઊઠે ઉરમાં હરિ !
તોડી અંતર-પટ,
જ્યોતિમાં આ જ્યોત મેળવી,
નિરખું પ્રેમ-સ્વરૂપ. મારા૦

હરિ : ૐ

## ૯૬. બદ્રીનાથજી

(ઢાળ : રાધે-શ્યામ કૃપા કરો મુજ પરે,
હું તો આવી પ્રભુ ! તુજ દ્વાર પરે.)

બદ્રીનાથ વસ્યા, હિમ ટોચ પરે,
દર્શનાર્થે ભક્તો દોડાદોડ કરે.

(સાખી)

ત્યારે કૃપા કરી મુજ પર હે દયાળુ નાથ !
મન–ઇન્દ્રિયોને વશ કરી, સદા રાખ તુજ ભાન;
નમું ! નમું ! પ્રભુ ! તુજ ચરણુ પરે. બદ્રીનાથ૦
રમ્ય ભૂમિ આપની, દેખી હું થઈ મસ્ત;
ગગનચુંબિત પર્વતો, અને રંગબેરંગી ફૂલ;
હરિ ! ગાલીચા બિછાવ્યા તેં કળા કરી. બદ્રીનાથ૦
ઊર્ધ્વગામી ઝાડ સૌ, નિહાળે તુજ રૂપ,
ગંગા મધુરું ગાન કરી, બને છે તદ્રૂપ;
લીલા નિહાળી અંતર ગાન કરે. બદ્રીનાથ૦
બરફના જ્યાં પર્વતો, ને ગંગા ઠંડી ગાર;
એવી ભૂમિમાં તેં કર્યાં, તપ્ત કુંડ જે પાંચ;
સૌ સ્નાન કરી આનંદ કરી. બદ્રીનાથ૦
પ્રાર્થું હું તુજને પ્રભુ ! સદા કરો હૃદયમાં વાસ,
અંતર્ચક્ષુ ખોલીને, દે તું દિવ્ય પ્રકાશ;
તારી જ્યોતિમાં જ્યોતિ મિલાવી તું દે. બદ્રીનાથ૦

તા. ૧૩-૫-’૪૯, બદ્રીનાથજી

હરિ : ૐ

## ૯૭. રૂમઝૂમ રૂમઝૂમ આવે કનૈયો

રૂમઝૂમ રૂમઝૂમ આવે કનૈયો,
આવે કનૈયો, બંસી બજૈયો.
રૂમઝૂમ૦

ઉર-વૃજ કૂંજે, મીઠું મીઠું ગૂંજે,
ઠમક ઠમક આ નાચે કનૈયો.
રૂમઝૂમ૦

બંસી બજાવે વ્હાલો, રસ રેલાવે,
રંગભર રંગભર ખેલે કનૈયો,
રૂમઝૂમ૦

કામણગારો વ્હાલો મન હરનારો,
પ્રેમ--રસ, પ્રેમ-રસ, રેલે કનૈયો.
રૂમઝૂમ૦

હરિ : ॐ

## ૯૮. હું ગિરિધર ક્યારે ભાળું ?

હું તો ગિરિધર ક્યારે ભાળું ? (ટેક)
ઘડીએ ઘડીએ હું સમરું એને,
નયનોથી ક્યારે નિહાળું ?
હું તો૦
ઉરે વસીને વ્હાલો છૂપો રહે છે,
કેમ કરી હું તો નિહાળું ?
હું તો૦
રોમે રોમે મારો નાથ રમે છે,
મોંઘું જીવનનું એ લ્હાણું,
હું તો૦

હરિ: ૐ

## ૯૯. મારે મંદિરે પધારો મારા શ્યામ!

મારે મંદિરે પધારો મારા શ્યામ!
વાટ તારી જોઈ રહી. (ટેક)

હવે મૂકોને તમારા બહુ મોંઘાં માન,
વાટ જોઈ થાકી ગઈ.
મારે૦

ચહું ઘડીએ ઘડી મારા શ્યામ!
મનોહર ઝાંખી તારી.
મારે૦

ઝટ પ્રગટીને ઓ નાથ! લેજો મને બાથ,
રસ રંગ પ્રેમ ભરી.
મારે૦

આવો, આવો ઓ મારા શ્યામ!
તલસાવો ન દાસી તારી.
મારે૦

હરિ : ૐ

## ૧૦૦. માડી! યાચું તને હાથ જોડી

(છંદ : ઝુલણા)

આસુરી વૃત્તિ મા! ટાળજે તું બધી,
શરણ તવ રાખજે, દીન જાણી.
તુજ આશ્રય મને એક છે માવડી!
જાણી પામર મને આવને દોડી.
થાય જો માવડી! છોરું કછોરું કદી,
અંક લે મા! મને હાથ પકડી.
ચરણ તારે મને રાખ તું માવડી!
વગર માડી! જગે ભાળ કો' લે?
શક્તિ તારી મને માડી! તું આપજે,
માડી! યાચું તને એ હાથ જોડી.

હરિ: ૐ

## ૧૦૧. હું લાગું તને પાય, ઓ જનકદુલારી !

(રાગ : પછી શામળિયોજી બોલિયા તને સાંભળે રે)

હું લાગું તને પાય, ઓ જનકદુલારી !
તમે કૃપા કરોને માય ! બાંય ગ્રહો મારી. હું૦
હું રંકથી યે રંક,
આવી તુજ ચરણે; (૨)
મા ! કૃપા કરીને આજ,
લ્યો મને શરણે. હું૦
તમે રટો નિરંતર રામ,
મા ! ઓ મારી; (૨)
એવી આપો હૈયે હામ;
સ્મરણ રહે જારી. હું૦
તમે સહ્યાં છે બહુ દુઃખ,
જગત સૌ જાણે; (૨)
હૃદય રામ-રટણનું સુખ,
કોણ પિછાણે ? હું૦
મા ! શક્તિ તારી દેજે,
દુઃખ સમયમાં ; (૨)
મા ! સ્મરણરૂપી સુખ,
દેતી મુજમાં. હું૦

હરિ : ૐ

## ૧૦૨. કેવી દયા પ્રભુએ કરી?

( ગઝલ )

ખાવા વિષે ચિંતા તમે મુજ કાંઈ રે કરશો નહીં,
છે દયા પ્રભુજી તણી તે શક્તિ આપે છે ઘણી.
એની કૃપાથી મસ્ત રહું છું, પ્રેમ તે પ્રભુનો ગણી,
જીવન જીવવા જેટલું આપે મને ચિંતા કરી.
એણે કૃપા વરસાવી છે આ પ્રેમ-ખોરાકે થઈ.
જે છે કૃપા તે પ્રભુ તણી, હું રંકનું એ ગજું નહીં.
સૌ સ્નેહીના શુભ પ્રેમથી, કેવી દયા પ્રભુએ કરી?
મીઠી નજરથી નિહાળજો, એવું જ હું માંગી રહી.

શનિવાર,
તા. ૨-૬-'૪૯

**નોંધ :** શ્રી ગંગામૈયાની ચિંતાથી થયેલું.

હરિ : ૐ

## ૧૦૩. ઓ મનવા! ફતવા કરે તું શાને?

ઓ મનવા! ફતવા કરે તું શાને?
પ્રભુ-ચરણે તું લાગી જાને,
ઓ મનવા૦

નવા નવા ફંદ કરી તું ફસાવે,
વિચારોના વમળે (મને) તું ડુબાવે,
મને આડે રસ્તે તું ચઢાવે.
ઓ મનવા૦

તને વહાલા મીઠું જગમાં લાગે,
પ્રભુના સ્મરણેથી દૂર તું ભાગે,
ઊંધા પાસા નાંખી કાં રમાડે?
ઓ મનવા૦

તારી તુમાખી પ્રભુ પાસે ન ચાલે,
પટકી તને વહાલો કરશે ઠેકાણે,
હવે તું રંક બની પ્રભુ — રટને.
ઓ મનવા૦

હરિ : ૐ

# ૧૦૪. અભિમાની મનવા !

[ ઢાળ: મનમોજીલા ! ઓચિંતા તેડાં રે હરિનાં આવશે,
તને સમજાવ્યું પણ ચઢ્યું ચઢશે.
કહી કહી થાકયો કે આગળ નડશે,
પલપલનાં લેખાં દેવાં પડશે. મનમોજીલા ! ]

અભિમાની મનવા ! અભિમાન કરે શું આવડું ? (ટેક)

તારું પ્રભુ પાસે જરી ચાલે નહિ,
તો, ય ગર્વ નકામો છોડે નહિ,
વા'લો ખુડાડશે તારું નાવડું. અભિમાની૦

તને ઘોંચ-પરોણો કરવી પડે,
તો ય સમજ તને ના કાંઈ રહે,
તારો કર્તા-હર્તા સર્વ પ્રભુ. અભિમાની૦

તારું ચાલે ત્યાં તલભાર નહિ,
તો ય જોર કરી તું જાય વહી,
વા'લો ગ્રહી લેશે તારું બાવડું. અભિમાની૦

હું તારાથી તો બહુ થાકી,
તને પ્રભુચરણમાં દઉં મૂકી,
પ્રભુ કરશે તને હવે રાંકડું. અભિમાની૦

હરિ : ૐ

## ૧૦૫. મન મુસાફિર!

મન-મુસાફિર! ચાર જ દિન તારે રહેવું. (ટેક)

તારું અસલ વતન છે દૂર અતિ,
શાને પરદેશે રહે તું લપટી;
તારે જરૂર તો છે જાવાનું.
મન૦

જવા દેશ કર તું તૈયારી,
વા'લા પ્રભુની સાથે કર યારી;
સાથ લેજે તું ભક્તિ-ભાથું.
મન૦

જૂઠ કાજે તું તો લોભાયો,
હરિ-હીરલો હાથથી ખોવાયો;
ઝાલી રાખ્યું તેં ખોટું નાણું.
મન૦

હવે સમજને મન તું પ્યારા,
કર હવે પ્રભુને તું તારા;
પ્રભુ-ચરણે તારે છે વસવું.
મન૦

હરિ : ૐ

## ૧૦૬. ચરણે પ્રભુને રહીએ રે

પ્રભુનું નામ લેતાં મનડાં,
શાને પાછાં વળીએ રે? (ટેક)

ભવમાં ભમવું ભૂંડું છોડી,
પ્રેમે પ્રભુને વરીએ રે.
પ્રભુનું૦

જૂઠા જગને છોડી દઈને,
હેતે હરિને ભજીએ રે.
પ્રભુનું૦

કર જોડીને પ્રાર્થું તુજને,
ચરણે પ્રભુને ઠરીએ રે.
પ્રભુનું૦

હરિ : ૐ

# ૧૦૭. બોલો શ્રી ગુરુ જયજયકાર

મન! તું ગુરુ ગુરુ લલકાર,
બોલી શ્રી ગુરુ જયજયકાર,
શ્રી ગુરુ જય જય કાર,
બોલો શ્રી ગુરુ જય જયકાર. મન તું૦

પથ્થરમાં ગુરુ પ્રાણ પૂરે,
હૃદયમાં જ્યોતિ પ્રગટાવે;
કરે જીવનો ઉદ્ધાર. બોલો૦

કથીરમાંથી કંચન કરતા,
રોમે રોમે જોમ ભરતા;
સદ્‌ગુરુ તારણહાર. બોલો૦

ભવોભવના પાપ હટાવે,
અંતરમાંહી ધૂન મચાવે;
ગુરુ કરાવે ભવપાર. બોલો૦

'હરિ: ૐ'ની ધૂન મચાવો,
ગુરુ–શરણે પ્રેમે જાવો;
ગુરુ કરશે બ્રહ્માકાર. બોલો૦

ઈ. ૧૯૫૦

હરિ: ૐ

## ૧૦૮. તવ ચરણનું ધ્યાન ધરવા

રહું એકાંતે હું તવ ચરણનું ધ્યાન ધરવા,
સદા સાથે રહે જો, તુજ સ્મરણમાં મસ્ત બનવા.

મને વ્હાલા! તારા ચરણરસનો સ્વાદ દેજો,
મને તારા કાજે, ધગધગતી જ્વાલા પ્રગટજો.

સદા વ્હાલા! મારી મોહ-નિદ્રા હઠવજો,
મને તારા માંહી મન-હૃદયથી મસ્ત કરજો.

વળી તારી બંસી મુજ હૃદયમાં ગાન પૂરજો,
મને તારા માંહી શરીર-મનનું ભાન ભુલવજો.

જેઠ વદ ૧૨, ૨૦૦૫
ગુરુવાર, તા. ૨૩-૬-'૪૯

હરિ : ૐ

## ૧૦૯. શરણું પ્રભુ! આપ સદા તું મને

નમું પ્રાતઃ સમે બાળકૃષ્ણ તને,
શરણું પ્રભુ આપ સદા તું મને;
ચિત્તવૃત્તિ સદા તુજમાંહી રહે,
ધરું શિર સદા તુજ પાદ પરે.

કર્મયોગ બતાવ્યો ગીતાને વિષે,
મુજ અંતર લક્ષ ઉતારો હવે;
તુજ કૃપા વિના નહિ કામ સરે,
ધરું શિર સદા તુજ પાદ પરે.

વનકુંજ વિષે પ્રભુ બંસી ધરી,
સહુ ગોપીઓને પ્રેમઘેલી કરી;
ભર પ્રેમ એવો મુજ ઉર વિષે,
ધરું શિર સદા તુજ પાદ પરે.

પ્રેમ કરી તને પ્રાર્થું જરી,
ધરી હાથ કરો ભવપાર હરિ!
મુજ ચિત્ત સદા તુજમાંહી રમો,
તુજ પાદ પરે મુજ શિર રહો.

શુક્રવાર,
તા. ૨૪-૬-'૪૯

હરિ : ૐ

## ૧૧૦. શ્રીકૃષ્ણ મોરારી હરે

શ્રીકૃષ્ણ મોરારી હરે !
ત્રિવિધ તાપો હરી;
ભવ જલ પાર કરી,
હૃદય પ્રેમ ભરે.
શ્રીકૃષ્ણ૦

નયનોમાં પ્રેમ ભરી,
મધુર હાસ્ય કરી;
હાથ પર બંસી ધરી,
હૃદય મુગ્ધ કરે.
શ્રીકૃષ્ણ૦

મારું ચિત્ત લીધું હરી,
દેહ ભાન ભૂલી;
જાયે આંસુ વહી,
પ્રેમ હૈયે ધરે.
શ્રીકૃષ્ણ૦

તા. ૨-૭-'૪૯

હરિ : ૐ

## ૧૧૧. મનવા ! હરિ : ૐ, હરિ : ૐ બોલ

મનવા ! હરિ : ૐ હરિ : ૐ બોલ. (ટેક)

ચંચળ ચિત્તને પ્રભુમાં જોડી,
મસ્ત થઈને ડોલ. મનવા૦

મોહમાયાથી દૂર જઈ જો,
પ્રભુજી છે અણમોલ;
એકધારો મંત્ર જ સારો,
જપતાં કર કલ્લોલ. મનવા૦

રોમે રોમે નાદ જગાડી,
પ્રેમ–નશામાં ડોલ;
એક લક્ષ તું હૃદયે રાખી,
અંતર–ખિડકી ખોલ. મનવા૦

હરિ હરિ રટતાં હૈયાં માંહી,
ઊડે પ્રેમની છોળ;
પ્રભુ માંહી રસબસ થાતાં,
થાશે તું તરબોળ. મનવા૦

હરિ : ૐ

## ૧૧૨. ભજી લો મોહન ભાવે રે

ભજી લો મોહન ભાવે રે, ઓ મન પ્યારા!
જપી લો આ ક્ષણ આજે રે, ઓ મન પ્યારા!
ભજી લો૦

મમતાનાં મૂળ કાપી,
માયાને ફગો ત્યાગી,
તમે થાઓ એના રાગી રે.
ઓ મન પ્યારા૦

સેવાને સ્મરણ કરજો,
પ્રભુમાં મસ્ત બનજો;
વ્હાલો આવે દોડી દોડી રે.
ઓ મન પ્યારા૦

એ વ્હાલો છે વરણાગી,
એ પ્રેમ લે છે માંગી;
માયાથી મુક્ત બનાવે રે.
ઓ મન પ્યારા૦

કરો મનથી પોકાર,
પછી આવશે મોરાર;
રહેશે હ્રદયે પ્રકાશી રે.
ઓ મન પ્યારા૦

તા. ૫-૭-'૪૯

હરિ : ૐ

## ૧૧૩. ચરણે લેજે તારા

સંસારી જીવ બિચારી,
શું સમજે પ્રભુને પ્યારા ? (ટેક.)
જગની ડાળે નિશદિન ઝૂલે,
લક્ષ્મી લોભે વ્યગ્ર થઈ ડોલે,
તૃષ્ણામાં રમનાર. શું સમજે૦

દમડી દેતાં દુઃખ જ થાયે,
આપે પ્રભુ તદપિ ન ધરાયે,
પૈસાને જપનારા. શું સમજે૦

ઉપરથી સૌ પ્રેમ શો કરતાં,
અંદરથી તો વેઢાં ગણતા,
માયામાં રમનારા. શું સમજે૦

રંક હૃદયમાં પ્રભુ તું વસજે,
આશા તૃષ્ણાથી દૂર કરજે,
ચરણે લેજે તારા. શું સમજે૦

હરિ : ૐ

## ૧૧૪. પૂજ્ય બાને

દિલમાંની દિવ્ય શક્તિ ખિલવો ઓ માવડી!
પ્રાર્થું તને દા'ડી દા'ડી રે. (ટેક)

મંદ-મતિ તો ય તારી હું દીકરી,
લાગું તને પાય માવડી રે.
દિલમાંની૦

શક્તિ પ્રસાદ મને આપો ઓ માવડી!
ચરણે મા લે ઘો લગાડી રે.
દિલમાંની૦

તારા વિના કો' સાંભળે ઓ માવડી!
તારા બળે રહું ગાજી રે.
દિલમાંની૦

પાયે પડીને તને વિનવું ઓ માવડી!
સાથ સહાય રે'જે દેતી રે.
દિલમાંની૦

હરિ : ૐ

## ૧૧૫. કર જોડી આ શીશ નમે

પ્રેમ ભાવે તું કરાવે,
શ્રી પ્રભુ! આરાધના,
ગાંડીઘેલી થાય જે,
સ્વીકારજે મુજ પ્રાર્થના.

ગુરુ બ્રહ્માકાર જે
દિવ્ય શક્તિ સર્જન કરો,
ગુરુ વિષ્ણુરૂપ થઈ,
મન-ઇન્દ્રિયનું પાલન કરો.

ગુરુ રુદ્રરૂપ થઈ,
સર્વ વૃત્તિ છેદન કરો,
સાક્ષાત પરબ્રહ્મ બતાવી,
શ્રી પ્રભુ ચરણે ધરો.

ગુરુકૃપા ઊતર્યા વિના,
આ કામ કાંઈ નવ સરે,
સંભાળ મારા લેજે પ્રભુ!
કર જોડી આ શીશ નમે.

તા. ૫-૧-'૫૦

હરિ : ૐ

## ૧૧૬. હરિ આવો !

હરિ ! આવો
    હવે આ રહેમ ધરી.
મુજ અંતર આંખ રુવે છે હરિ !
    હવે બહુ થઈ,
પ્રભુ ! પ્રેમ ધરો,
    હવે દર્શન કાજે રૂપ ધરો.

તા. ૩૦-૬-'૫૦

હરિ : ૐ

## ૧૧૭. હરિ! તારા જપમાં રે

હરિ! તારા જપમાં રે,
મુજને રાત-દિન રાખો.
રાત-દિન રાખો વ્હાલા!
રાત-દિન રાખો. હરિ૦

ભક્તિ કેરુ ઝરણું વ્હાલા!
હૈયે મારે ભરજો. હરિ૦

અંતરમાંહી દુઃખ જ ઝાઝું
કોને કહું એ વાત?
પ્રભુને આ મળવા કાજે
ઝંખુ છું દિનરાત. હરિ૦

કર જોડીને પાયે લાગું,
માગું છું ભગવાન,
મુજ ગરીબ પર કૃપા કરીને,
પ્રગટો દીનાનાથ. હરિ૦

હરિ: ૐ

## ૧૧૮. વિપત વેળાએ આવોને

વિપત વેળાએ આવોને
હરિ! કરું હું પોકાર;
દીન બાળક હું તાહરી;
શાને સતાવો તાત? વિપત૦

તારું સ્મરણ કરવા હરિ!
આવી સુરતને દ્વાર;
કર્મબંધનને કારણે,
આજે દુઃખ અપાર. વિપત૦

સુ-પ્રભાને આ શું થયું?
હરિ! નવ સમજાય;
વાતો કરતાં વળગી પડ્યાં,
કૃપા કરો ઓ દયાળ! વિપત૦

તું મુજ ભલા માટે કરતો રહે,
સદા એવું છે ભાન;
અણધાર્યું આવી પડે,
ત્યારે થાઉં બેફામ. વિપત૦

સમતા આપો પ્રભુ! ઉરમાં,
જેથી દુઃખ સહેવાય;
દુઃખ સમે ઓ નાથજી!
દોડી આવોને આમ. વિપત૦

કર જોડી પ્રાર્થું સદા,
રહું આનંદમાય;
દાવાનળ સળગે છતાં,
હરિ હરિ રટાય. વિપત૦

ઈ. ૧૯૫૦

હરિ : ૐ

## ૧૧૯. અરે ઓ દિવ્ય શક્તિઓ !

અરે ઓ દિવ્ય શક્તિઓ !
રમો ક્યાં રુદ્રરૂપ ધારી ?
બનો ક્યાં ચંડી ને કાળી ?
રહો ત્રિશૂળ ક્યાં ધારી ?

તમારું રૂપ નિહાળી,
ધ્રૂજી જાઉં, હૃદય બાળી,
કૃપા કરજો હવે માડી !
બનો રે સૌમ્ય મુદ્રાળી.

હરિ: ૐ

## ૧૨૦. શ્રી નેમચંદ શેઠના મૃત્યુદિને

જન્મ્યો હતો જ્યારે, જીવડા, આનંદ-ઉત્સવ થાય;
પુત્ર આવ્યાની વધામણી, ઘેર ઘેર કહેવાય.
જન્મ્યો૦

પાલન કરે તારી માવડી, પિતા લડાવે લાડ;
બ્હેની! તારી પ્રેમથી, હાલરડાં તુજ ગાય.
જન્મ્યો૦

મોટો કરી પરણાવિયો, લાવ્યા નાની-શી નાર.
સેવા કરે તારી પ્રેમથી, તારા પૂરવા તાલ.
જન્મ્યો૦

અંત સમે તારું કો' નહિ, પિતા તજીને જાય;
ભ્રાતા તારો જુએ નહિ, તને દુઃખ શું થાય?
જન્મ્યો૦

પરલોકે પ્રાણ તારો ગયો, તારું કો' નહિ ત્યાંય,
દારા તારી રડતી રહી, પુત્ર રહી અકળાય.
જન્મ્યો૦

હરિ વિના કો' સગું નથી, રડે સહુ સ્વાર્થમાંય;
પ્રાણ જતાં આઘાં ખસો, સાથે શ્રી-હરિ નામ.
જન્મ્યો૦

હરિ: ૐ

## ૧૨૧. કુ. કપિલાબેનને પ્રત્યુત્તર રૂપે

એકલી અટૂલી તને મૂકી નથી વ્હાલી!
માતા સરસ્વતીનો સાથ,
રમજે તું સંગ એની રંગથી. (૧)

પ્રેમને ઉલ્લાસ તું રાખને ઓ બેનડી!
માગજે પ્રભુનો પ્રિય સાથ,
પ્રેમે તું એને પાયે પડી. (૨)

પ્રેમની સરિતા તારી, રેલજે ઓ બેનડી!
માતા સરસ્વતીને પાય,
હૈયે દૃઢાવી પ્રિય માવડી. (૩)

રંક હૈયાંની હોંસને ઓ બેનડી!
લાજ રાખી પૂરજે સદાય,
પ્રાર્થું તને હું પ્રેમથી. (૪)

ક્ષોભ તને કેમ વ્હાલી, ઊપજે ઓ બેનડી!
વ્હાલા પ્રભુનો છે સાથ,
રમજે તું સંગ એની રંગથી. (૫)

હરિ : ૐ

## ૧૨૨. રે મન! માયામાં કયાં તું ફસાયું?

રે મન! માયામાં કયાં તું ફસાયું?
ક્ષણ ક્ષણ સાવધ રહેવા તુજને,
ગુરુજીએ સમજાવ્યું.
રે મન૦

વિવિધ રંગો માયા તણા જે,
તેમાં તું તો રંગાયું.
રે મન૦

મોહ-પાશની સાંકળે વ્હાલા!
ધીરે ધીરે તું બંધાયું.
રે મન૦

અવિદ્યાનાં વાદળ જામ્યા,
સૂર્યનું તેજ ઢંકાયું.
રે મન૦

ચેત, ચેત હવે, મન તું પ્યારા,
ગુરુજીએ જે સમજાવ્યું.
રે મન૦

ઈ. ૧૯૫૦

હરિ: ૐ

## ૧૨૩. મારી અંતર-વેદના ટાળી

મને સહાય થયા મોરારી રે,
મારી અંતર-વેદના ટાળી.

મનડું મારું ભારે મૂંઝાતું,
અંતર લક્ષ કદી નવ રે'તું;
મારી એ ઉપાધિ કાઢી રે.
મારી અંતર૦

પોકાર મારો હૈયે ધરીને,
દોડી આવ્યા વેગ કરીને;
મને હાથ ગ્રહી ઉગારી રે.
મારી અંતર૦

યાચું વહાલા! પાયે પડીને,
અંતર લક્ષ રહું જોડીને;
મારે હૃદે વસો વનમાળી રે.
મારી અંતર૦

હરિ : ૐ

## ૧૨૪. અ. સૌ. પૂજ્ય બાની પ્રાર્થના

સકળ પાપ, તાપ કાપ માડી! તું અમારી,
તુજ વગર કહું કોને? ચરણે રહું પોકારી. સકળ૦

અવર દોષ દૂર કરો, બાળ જાણી હૈયે ધરો,
પ્રેમ લાવી હૃદયે ધરો, શક્તિ તું દેનારી. સકળ૦

હાથ ઝાલી ખેંચી માત, કાં ન હવે દે તું સાથ?
દુષ્ટ પુત્ર હોય પણ, કુમાત ન થનારી. સકળ૦

સહન-શક્તિ, મા! તું દેજે;
બાળ ઉપર કૃપા કરજે;
સૌને મીઠી ગોદ આપી, હૂંફ દેજે તારી. સકળ૦

માડી! તને પાય લાગું, હાથ જોડી એ જ માગું;
પ્રેમ લાવી રાખ ચરણ, પ્રાર્થું હું પોકારી. સકળ૦

તા. ૫-૫-'૪૬

હરિ: ૐ

## ૧૨૫. રે મન! હરિ: ૐ, હરિ: ૐ બોલ

રે મન! હરિ: ૐ હરિ: ૐ બોલ,
દિલ દઈને મુખડું ખોલ. રે મન!

શ્રદ્ધા ધરી ધરી હરિ: ૐ બોલો,
અંતરના પટ ખોલો. રે મન!

પ્રભુ-ચરણે ચિત્ત જોડી,
વિષયવૃત્તિ મોડ. રે મન!

સમતા શાંતિ ઉરે રાખી,
પ્રભુથી પ્રીત જોડ. રે મન!

શ્વાસોશ્વાસે મંત્ર રટીને,
પ્રેમ-સ્વરૂપે ડોલ. રે મન!

રોમે નાદ જગાડી,
થાવ હરિરસે ચકચૂર. રે મન!

ઈ. ૧૯૫૦

હરિ: ૐ

## ૧૨૬. મારા સાસુજીની પ્રાર્થના

શક્તિ સ્વરૂપ માવડી!
મારાં પ્રણામ સ્વીકારજે;
અમ અર્થ કાજે હું સ્મરું,
કરુણા અતિ તું પ્રસારજે.
લાલિત્ય તારા સ્નેહથી,
સ્તવું તને આ પ્રેમથી;
તુજમાં રમી રહું હું સદા,
ભય મારાથી ઉગારજે.
ભક્તિ ભરો ઉર માવડી!
પ્રાર્થું સદા ચરણે ઢળી;
દીન બાળ જાણી તાહરી;
કદીયે ન મા! તું વિસારજે.
દોષો બધાં તું જતાં કરી,
તુજ બાળને નિભાવજે;
તુજ અંક લઈને માવડી!
પ્રેમે સદા હુલાવજે.

પવિત્રા બારસ,
ઈ. ૧૯૫૦

હરિ : ૐ

## ૧૨૭. ક્યાંથી આ તેજ પ્રકાશ્યું રે ?

ક્યાંથી આ તેજ પ્રકાશ્યું રે! ઊંડા અંધારે૦

સોળે કળાએ ચંદ્ર ખીલ્યો,
વિધવિધ રંગોએ ભરેલો,
એવું અમે નિહાળ્યું રે. ઊંડા અંધારે૦

પ્રાર્થના કરતી ધ્યાન જ ધરતી,
ઓચિંતું એ આવ્યું રે. ઊંડા અંધારે૦

ક્યાંથી એ આવ્યું ક્યાં એ ચાલ્યું ?
એ નથી સમજાયું રે. ઊંડા અંધારે૦

હરિ: ૐ

## ૧૨૮. એક દિન જાવું આ પિંજર છોડીને

એક દિન જાવું આ પિંજર છોડીને,
હરિ! આવજે તે વેળાએ દોડીને. એક દિન૦

મારા મોહ માયાને છોડાવજે,
તારા નામની ધૂન મચાવજે. એક દિન૦

વ્હાલા! પ્રાર્થું હું તને કરગરી,
તારી જ્યોતિમાં જ્યોતિ મિલાવજે. એક દિન૦

તા. ૧-૨-'૫૧

હરિ : ૐ

## ૧૨૯. પ્રભુ! મારા અંતરચક્ષુ ખોલ

પ્રભુ! મારા અંતરચક્ષુ ખોલ,
અંતરલક્ષે રહું સદા હું,
મુજથી પ્રેમે બોલ. પ્રભુ૦

મીઠી ગોદ જ આપી,
રાખો સદા મનડોલ. પ્રભુ૦

ભેદ-અભેદના પડદા તોડી,
મીઠું મીઠું બોલ. પ્રભુ૦

મીઠી તુજ આ ગોદ લઈને
રહું સદા મનડોલ. પ્રભુ૦

આત્માનંદે આનંદ આપો;
આપોને અણમોલ. પ્રભુ૦

રાતના,
તા. ૨૮-૭-'૫૧

હરિ : ૐ

## ૧૩૦. હરિ! હવે આંખ જરા ઉઘાડ

(ઢાળ : બાનાની પત રાખ, પ્રભુ મારા બાનાની પત રાખ)

હરિ! હવે આંખ જરા ઉઘાડ,
આંખોથી આંખ મિલાવ. (૨) હરિ!

મધુર મુખ આ ક્યારે ભાળું?
શશીવદન દેખાવ. હરિ!

તલસી રહી હું તારે કાજે,
મધુરું હાસ્ય રેલાવ. હરિ!

મુખ પર બંસી ધરીને વા'લા,
મીઠો નાદ સુણાવ. હરિ!

ઠમક ઠમક આ તાલથી ચાલે,
નાથ! હવે ઝટ આવ. હરિ!

બ્રહ્માનંદે ડોલાવીને,
હાથ હવે જ ઝાલ. હરિ!

તુજ ચરણમાં પ્રાર્થું વા'લા!
અંતરપટ તું કાઢ. હરિ!

રાતના
તા. ૨૮-૫-'૫૧

હરિ : ૐ

## ૧૩૧. વારે ચડોને વિઠ્ઠલા !

અંતરની વેદના, પ્રભુ! તું સાંભળજે,
આર્તનાદે કરું હું પોકાર;
વારે ચડોને વિઠ્ઠલા !

ન્યાય-અન્યાય પ્રભુ! સોંપું તુજ પાદમાં,
ન્યાયનો તું છે કરનાર;
વારે ચડોને વિઠ્ઠલા !

તારા વિના પ્રભુ! પોકારું કોને ?
હૃદયમાં વેદના અપાર;
વારે ચડોને વિઠ્ઠલા !

સહ્યું સેહવાય નહિ, આંખે રોવાય નહિ !
તુજ વિના કોણ સહાય થાય ?
વારે ચડોને વિઠ્ઠલા !

પ્રાર્થું પોકારી પ્રભુ! તારા હું પાદમાં,
આવો આવોને મારા શ્યામ!
વારે ચડોને વિઠ્ઠલા !

તા. ૧૨-૯-'૫૧

હરિ : ૐ

## ૧૩૨. આવો તો કરીએ ગોઠડી

પ્રભુ! મારા પ્રાણના આધાર, મારા હૈયા કેરા હાર,
આવો તો કરીએ ગોઠડી.

હું તો ઝંખું દિન-રાત, ક્યારે મળે મારો નાથ?
આવો તો કરીએ ગોઠડી.

તને મળવાને કાજે, પ્રભુ! લીધું છે એકાંત,
આવો તો કરીએ ગોઠડી.

દિવસ જાય છે વહી, નયનો ખેંચતી રહી,
આવો તો કરીએ ગોઠડી.

શાથી રીઝો તમે શ્યામ! એવું આપો મને ભાન,
આવો તો કરીએ ગોઠડી.

મારે એક તું છે શ્યામ! હવે માંગો શેનાં માન?
આવો તો કરીએ ગોઠડી.

પાયે પડી વિનવું આજ, સદા રાખો તારી પાસ,
આવો તો કરીએ ગોઠડી.

તા. ૧૫-૧૧-'૫૧

હરિ : ૐ

## ૧૩૩. અંતરને નાદે પોકારું રે

(ઢાળ : એક વાર એક વાર એક વાર મોહન મારે મંદિરે)

અંતરને નાદે પોકારું ઓ વાલીડા!
અંતરને નાદે પોકારું રે. (ટેક)

કેમ રીઝો તમે, કેમ કરી આવો?
કેમ તને મનાવું રે? અંતરને૦

નથી બુદ્ધિ ને નથી કંઈ ભક્તિ,
કેમ હું ગુણલા ગાઉં રે? અંતરને૦

નથી કાંઈ જ્ઞાન ને નથી કંઈ ધ્યાન,
કેમ કરી તને રીઝવું રે? અંતરને૦

જેવી-તેવી તો યે વા'લા હું તારી,
ચરણે પડીને હૈયું હારું રે. અંતરને૦

તા. ૨૨-૧૧-'૫૧

હરિ : ૐ

## ૧૩૪. ઓ જીવડા! ક્યાં સુધી રહેશે તું આવો ?

ઓ જીવડા !
ક્યાં સુધી રહેશે તું આવો ? (ટેક)
તને સંસારિયો લાગે વહાલો. ઓ જીવડા !

સંસાર તારી સાથે ન આવે,
હરિ-સ્મરણનો લે લહાવો. ઓ જીવડા !

ખટપટ તારી છોડી દઈને,
હરિ-ગુરુનો લે સહારો. ઓ જીવડા !

અંત સમયે કોઈ કામ ન આવે.
પ્રભુ છે તારણહારો. ઓ જીવડા !

પ્રભુ-સ્મરણ તું તો કરી લે ભાવે,
પકડશે એ હાથ તારો. ઓ જીવડા !

હરિ : ૐ

## ૧૩૫. મારું હરી લીધું તેં મન

મારું હરી લીધું તેં મન,
એ ક્યારે છુપાયો મોહન! (ટેક)

વિરહ-અગ્નિ હૈયે બળે છે,
આંખે આંસુ રેલાય;
પ્રભુ! રીઝાવું કેમ કરીને?
કેમ થાયે તું પ્રસન્ન? મારું૦

દીન–દયાળુ તું તો કહેવાય,
નથી દયા શું લગાર?
દયા જો આવતી હોય દિલે તને,
દેજે તું દર્શન મને. મારું૦

તા. ૪–૧–'૫૯

હરિ : ૐ

## ૧૩૬. દર્શન ક્યારે આપશો?

દર્શન ક્યારે આપશો?
મારા આતમરામ!
ઘટઘટે તું વ્યાપી રહ્યો,
એવું કરાવો ભાન. દર્શન૦

પતિ, પુત્ર, પુત્રી સહુ,
સર્વ છે તારાં રૂપ;
કૃપા કરીને તાતજી!
એવું મુજથી નિરખાય. દર્શન૦

જડ ને ચેતન સર્વમાં,
વિલસે પ્રભુ! તું;
ચર્મચક્ષુ મુજ ખોલોને,
સદા ભળાયે તું. દર્શન૦

સર્વ વૃત્તિનો લય કરી,
સદા વસો આપ;
નજર થકી દૂર નવ થશો,
એવું માગું હું આજ. દર્શન૦

તા. ૨૩-૧૨-'૫૧

હરિ : ૐ

## ૧૩૭. સારી રાત સંભળાયો રે, મધુરો રણકાર

સારી રાત સંભળાયો રે, મધુરો રણકાર.
મધુરો રણકાર, મધુરો રણકાર.
સારી રાત૦

ઝમઝમ કરતો હૃદયે ઊતરતો,
પ્રીતમનો રણકાર.
સારી રાત૦

મુગ્ધ બનીને એ રણકારે,
ભાવ અનેરો હૃદયે આવે;
વાલમનો રણકાર
સારી રાત૦

હરિ : ૐ

## ૧૩૮. મારે ઊડવું છે વ્યોમ માંહી

હવે તો મારે નથી રહેવું, પિંજર પુરાઈ,
મારે ઊડવું છે વ્યોમ માંહી.
હવે તો૦

સગાં-સંબંધી કામ ન આવે,
ને કરવી મારે પ્રભુથી સગાઈ.
હવે તો૦

સૌ ગયા ને મારે પણ જાવું,
ગુરુજીએ પ્રેરણા પાઈ,
હવે તો૦

પ્રભુનો રસ હૈયે રેલાવી,
કરવી હરિથી સગાઈ.
હવે તો૦

હરિ: ૐ

## ૧૩૯. હું તો શોધું મારે શ્યામ

હું તો શોધું મારે શ્યામ!
ક્યાંયે ભળાયે ન મારો રામ. હું તો૦

હૃદય-કમળના ઊંડા આસને,
બિરાજે મારો રામ;
અંતરપટમાં ગ્રંથી પડેલી.
ક્યમ તોડું ભગવાન? હું તો૦

નામ-સ્મરણનું તીર છે મોટું,
તોડી શકે તે તમામ.
હરતાં-ફરતાં નામ જ લેવું,
એ છે તારું કામ. હું તો૦

હરિ: ૐ

## ૧૪૦. બોલો, કેમ મળો મને નાથ

પ્રભુ! મારું હૈયું નથી રહેતું હાથ.
તું મળ્યો નહિ મારો નાથ. પ્રભુ૦

આંસુએ વહાલા! પગ પખાળું,
હૃદયે ભાવે તને પોકારું,
તો યે ન આવે મારો નાથ. પ્રભુ૦

તને હું મળવા કેમ પોકારું?
કેમ કરી વહાલા! તને રિઝાવું?
બોલો, કેમ મળો મને? નાથ! પ્રભુ૦

હરિ : ૐ

## ૧૪૧. હરિ : ૐ હરિ

( રાગ : 'દામોદર દુખડાં કાપો રે, પાવલે લાગું' )

મારા હૃદયે વસી રે'જો રે,
હરિ : ૐ હરિ,
હરિ : ૐ હરિ, હરિ : ૐ હરિ.

મારે હૈયે હરિરસ રેલાયે,
મારું મન તેમાં ડૂબી જાયે;
હું પડી પાયે માગું રે.
હરિ : ૐ હરિ૦

મારો શ્વાસે શ્વાસે સહાજો,
મારે રૂંવે રૂંવે રેલાજો;
મારી જિહ્‌વાએ બોલાજો રે.
હરિ : ૐ હરિ૦

હું હરતાં-ફરતાં ગાઉં,
હું પાયે પડીને પ્રાર્થું રે;
મારા જીવનનું એ લહાણું રે.
હરિ : ૐ હરિ૦

હરિ : ૐ

## ૧૪૨. પ્રભુ! મારી ધીરજ ખૂટી ગઈ

પ્રભુ! મારી ધીરજ ખૂટી ગઈ,
ધીરજ ખૂટી, આંસુ સૂકાયાં;
ન મળ્યો તું દુઃખ-દાયી. પ્રભુ!

પ્રેમ ભરેલી મસ્ત બનેલી,
એવી આવી ઉર ધાઈ. પ્રભુ!

સારી રાત આંસુ રેલાવી,
હૃદયે વિરહાગ્નિ દે બાળી;
હૈયા વિહોણો મોરારી. પ્રભુ!

ભૂલેચૂકે કોઈ પ્રેમ ન કરશો,
પ્રેમ કરો તો હૃદયે બળશો;
એવો પ્રભુ દુઃખકારી. પ્રભુ!

હરિ : ૐ

## ૧૪૩. આવોને પ્રભુ પૂજન કરું

આવોને પ્રભુ! પૂજન કરું,
પૂજન કરું તને, નમનો કરું. આવોને૦

આવોને પ્રભુ! તને પ્રેમ કરું,
પ્રેમ કરું તને, વહાલ કરું. આવોને૦

ઊનાં આંસુએ સ્નાન કરાવું,
વહાલાનાં વસ્ત્રો પહેરાવું;
ચિત્તનું ચંદન પ્રેમે લગાવું. આવોને૦

મન-મોતીની માળા ધરાવું,
હૃદય-કમળનો હાર ધરાવું;
રંગે-ચંગે વહાલાં રમાડું. આવોને૦

મુગ્ધ ભાવનો મુગટ ધરાવું,
પ્રેમ-બંસરી હાથમાં આપું;
નૈનો ભરી તને નિહાળું. આવોને૦

ભાવનાં ભોજન પ્રેમે પીરસું,
પ્રેમ-જળની ઝારી હું અર્પું;
પ્રીતનાં પાન ધરું. આવોને૦

હૈયા-હિંડોળે હેતે ઝુલાવું,
પ્રેમથી વા'લા તને હિંચોળું;
મધુરાં ગાન ગાઉં. આવોને૦

પાયે પડીને પ્રભુ! એક જ માગું,
તારી મસ્તી નિશદિન યાચું;
તારે ચરણે લાગું. આવોને૦

હરિ: ૐ

## ૧૪૪. ઓ જીવડા ! હરિ : ૐ, હરિ : ૐ બોલ

તને આવ્યો પ્રભુનો કોલ,
ઓ જીવડા ! હરિ : ૐ, હરિ : ૐ બોલ.
જગજંજાળ તું છોડી દઈને,
ભાવ ધરી મુખ બોલ.
ઓ જીવડા !

દૂર દેશે જાવું તારે,
તૈયારી તેં કરી નહિ;
મમતાની ગઠડી દે છોડી,
પ્રભુ-ભજનમાં ડોલ
ઓ જીવડા !

શ્રદ્ધા તારા હૃદયે ભરી,
પ્રભુ-ભજન કર ભાવે;
અંત વેળાએ પાસે આવે,
પ્રભુ ! એ અણમોલ.
ઓ જીવડા !

હરિ : ૐ

## ૧૪૫. પ્યારા પ્રભુ! હવે ધ્યાનમાં આવો

( રાગ : 'પ્યારા પ્રભુ! હવે ધ્યાનમાં આવો' )

પ્યારા પ્રભુ! હવે દોડી આવો,
દોડી આવો હૈયે લગાડો: પ્યારા૦

જીવ મૂંઝાયે, આંસુ સૂકાયે,
બાળકને હવે કેમ તલસાવો? પ્યારા૦

દીન બાળક હું કેમ પોકારું?
દીન જાણી હવે હૈયે ધારો. પ્યારા૦

અવગુણ મારા આપ જુઓ તો,
ક્યાંથી આવશે આરો? પ્યારા૦

પાયે પડી હું તમને પૂછું,
ક્યાં લગી રાખશો તપારો? પ્યારા૦

હરિ : ૐ

## ૧૪૬. શ્રદ્ધા-ભક્તિ ઉર ભરો રે હરિ!

શ્રદ્ધા-ભક્તિ ઉર ભરો રે હરિ!
મિલન તારું થતું નથી રે હરિ!

બાળ જાણી જતું કરો –
પ્રેમ લાવી હૈયે ધરો –
ક્ષમા કરો દીન જાણી રે હરિ!

જેવી-તેવી તોય તારી,
લેને ચરણે નાથ! તારી;
ભાવ-ભક્તિ હૃદે ભરો રે હરિ!

હરિ : ૐ

# ૧૪૭. મનડું મૂંઝાયું મારું

મનડું મૂંઝાયું મારું, કોણ શાંતિ દે?
હરિ! તારા વિના કોણ મારું! તું શાંતિ દે. મનડું૦

છોરુ કછોરુ થાય કહીં તો, તાત નભાવી લે;
તારા ચરણમાં શીશ ઝુકાવ્યું, ભક્તિ ભરી દે. મનડું૦

દોષ મારા જાણી પ્રભુ! ક્યાં વિસારી દે?
બાળ જાણી તાત! હવે, ચરણ તારી લે. મનડું૦

હરિ : ૐ

## ૧૪૮. નમન કરું તુજ ચરણે (૧)

જય વિશ્વવિહારી,
આનંદકારી, સૌ દુઃખહારી;
નમન કરું તુજ ચરણે.
જય સુખકારી,
કરુણાધારી, ભવોભવહારી;
નમન કરું તુજ ચરણે.
જય મોરારી,
અસુરસંહારી, મંગલકારી;
નમન કરું તુજ ચરણે.
જય પ્રેમધારી,
ભક્તિ તારી, રાખો જારી;
નમન કરું તુજ ચરણે.
જય મનહારી,
પાપ નિવારી, શરણુ લે તારી;
નમન કરું તુજ ચરણે.
પ્રાર્થના મારી,
લેજે સ્વીકારી, ચરણુ લે તારી;
નમન કરું તુજ ચરણે.

ઈ. ૧૯૫૧

હરિ : ૐ

## ૧૪૯. નમન કરું તુજ ચરણે (૨)

કરુણાનિધિ કેશવ, કમળાપતિ,
કમલનયન આનંદકારી,
જય કેશવ કરુણાળુ!
નમન કરું તુજ ચરણે.

સત્ ચિદાનંદ રૂપ તમારું,
વિશ્વમાંહી વ્યાપ્ત થનારું,
જય દુઃખહારી, આનંદકારી,
વિશ્વવિહારી,
નમન કરું તુજ ચરણે.

સૌ સુખકારી, અસુર સંહારી;
કરુણાધારી,
નમન કરું તુજ ચરણે.

ઈ. ૧૯૫૧

હરિ : ૐ

## ૧૫૦. ઝુલાવું પ્રેમ-પારણિયે

ઝૂલો મારા નંદકિશોર !
ઝુલાવું પ્રેમ-પારણિયે.

ઉરને ઉમળકે શ્યામને ઝુલાવું,
ઝૂલો ઓ ચિતડાના ચોર !
ઝુલાવું પ્રેમ-પારણિયે.

મનના મંદિરમાં પ્રેમ તણું પારણું,
બાંધું હું હીરલાની દોર;
ઝુલાવું પ્રેમ-પારણિયે.

ઈ. ૧૯૫૧

હરિ : ૐ

## ૧૫૧. તમે આવો આવોને મારા શ્યામ!

તમે આવો આવોને મારા શ્યામ!
　　　　દિન-રાત ઝંખી રહી.
પ્રભુ! માંગો શું આવડાં માન?
　　　　દિન–રાત ઝંખી રહી.

પ્રભુ! આવી હું તારા દ્વારમાં,
હરિ! લેતો નથી કેમ ધ્યાનમાં?
　　　વાંક હોયે તે કરજો માફ. દિન-રાત૦

પ્રભુ! દર્શન માટે તને યાચું,
　તારે ચરણે પડી પાયે લાગું,
　　પ્રભુ! ખોલો હૃદયનાં દ્વાર. દિન-રાત૦

પ્રભુ! પ્રાર્થના સ્વીકારો મારી,
તારે પાયે પડું હું મોરારી!
　　ઝટ આવોને મારા શ્યામ! દિન-રાત૦

ઈ. ૧૯૫૧

હરિ: ૐ

## ૧૫૨. એવા સંત-ચરણે મુજ શિર નમે

એને રોમે રોમે રામ રમે,
એને અંગેઅંગ દીપજ્યોત જલે;
એવા સંત-ચરણે મુજ શિર નમે.

એના શ્વાસોશ્વાસે પ્રેમ ઝરે,
એના અંતરે હિમ-શાંતિ રહે;
એવા સંત-ચરણે મુજ શિર નમે.

એની શક્તિ કોઈ નવ કળે,
એની લીલામાં એ નિત્ય રહે;
એવા સંત-ચરણે મુજ શિર નમે.

તા. ૨૦–૨–'૫૨

હરિ : ૐ

## ૧૫૩. ઓ હંસલા! જોને તું જાગી

ઓ હંસલા! જોને તું જાગી,
તારે જવું પડશે પિંજર ત્યાગી, ઓ હંસલા!

મોહ-માયાને વંટોળે ઘેર્યો, એમાં થાયે તું રાજી;
ઊધઈ તારું જીવન ખાયે, ચેતી જા તું જાગી.
ઓ હંસલા૦

સંસાર-બંધન સર્વે જૂઠાં, એમાં રહ્યો શું રાચી?
પ્રભુ-સ્મરણમાં મસ્ત બની જા, રામ-સગાઈ સાચી.
ઓ હંસલા૦

તા. ૨૮-૧૨-'૫૮

હરિ: ૐ

## ૧૫૪. પ્રેમની બંસરી વાગી મધ-નિશાએ

પ્રેમ-બંસરી વાગી રે મધ-નિશાએ.
મધ-નિશાએ બંસરી વાગી,
ભર નીંદરથી ભડકી જાગી;
મીઠી મધુરી લાગી રે.
મધ-નિશાએ૦

આકુળ-વ્યાકુળ બંસીએ કીધી,
બાવરી બનીને જોવા હું લાગી;
ક્યાંથી એ વાગી રે?
મધ-નિશાએ૦

રોમ રોમ ઝન ઝન થાયે,
મસ્તી અનેરી હૃદે લહરાયે;
છતાંયે નવ મેં ભાળી રે.
મધ-નિશાએ૦

તા. ૨૮-૧૨-'૫૮

હરિઃ ૐ

## ૧૫૫. નિહાળો તો થાયે પ્રકાશ

અણુએ અણુમાં મારો છે વાસ,
નિહાળે તો થાયે પ્રકાશ.

જડ, થડ, શાખા ને ફળફૂલમાં,
પહાડ, પર્વત ને રેતીનાં રણુમાં;
ભરચક ભરેલો મારો છે વાસ,
નિહાળે તો થાયે પ્રકાશ.

રજ રજ માંહી હું છું વસેલો,
સર્વ માંહી રહું રસેલો;
ઊંડા હૃદયમાં કર તું વિચાર,
નિહાળે તો થાયે પ્રકાશ.

જડ-ચેતનનાં બંધન છોડી,
અંતરની ગ્રંથીઓ તોડી;
આવ તું મારી પાસ,
નિહાળે તો થાયે પ્રકાશ.

તા. ૩૧-૧૨-'૫૮

હરિ : ૐ

## ૧૫૬. પ્રભુ! મને દુઃખ અનેરું થાય

પ્રભુ! મને દુઃખ અનેરું થાય,
નહિ કોઈને તે સમજાય. (ટેક)

હૃદયમાંહી અગ્નિ બળતો,
જીવ મારો ત્યાં મૂંઝાતો;
આંખે આંસુડાં રેલાય. પ્રભુ૦

ભવોભવનાં બંધન મારાં,
જનમોજનમની ગ્રંથી ભરેલાં;
કેમેય કરી તોડાય? પ્રભુ૦

સદ્ગુરુ-ચરણે પાયે લાગું,
કરગરીને એક જ યાચું;
સમાવી લે તુજ માંય. પ્રભુ૦

તા. ૧-૧-'૫૯

હરિ: ૐ

## ૧૫૭. મારું હ્રુદય કુંજન-વન

મારું હ્રુદય કુંજન-વન,
જ્યાં છુપાયો મોહન. (ટેક)

એ કુંજનમાં શ્યામ સંતાયો,
શોધું જડે નવ ક્યાંક;
શોધી શોધી બાવરી બની,
દુઃખી થાયે મારું મન.
મારું હ્રુદય૦

નાથ! નમેરા નવ થશો,
ને દર્શન દ્યોને દયાળ;
પાયે પડીને પ્રાર્થું તુજને,
દોડી આવો ભગવંત.
મારું હ્રુદય૦

તા. ૪-૧-'૫૯

હરિ: ૐ

## ૧૫૮. નમું દેવ ચરણા

નમસ્તે નમસ્તે ગુરુદેવ-પદમાં.
નમસ્તે નમસ્તે કોટી કોટી વંદના.

નમસ્તે નમસ્તે ગુરુદેવ દેવા,
નમસ્તે નમસ્તે 'હરિ : ૐ' જપના.

નમસ્તે નમસ્તે ગુરુદેવ શરણા.
નમસ્તે નમસ્તે નમું દેવ-ચરણા.

તા. ૫-૧-૧૯૬૦

હરિ : ૐ

## ૧૫૯. મેરા કૌન સહારા?

મૈં કબસે ઢૂંઢત ફિરતી હૂં?
અબ પાયો શ્યામ પિયારા. (ટેક)

શ્યામ પિયારા મોરે નૈન કે તારા,
તેરે બિના હૈ મેરા કૌન સહારા? મૈં૦

સુંદર મુખ હૈ સુશોભિત ન્યારા,
હાસ્ય મધુર અધરોંસે ખ્યારા;
અબ તો આજા, શ્યામ મોરે,
કન્હાઈ દર્શન પાઉં તિહારા. મૈં૦

હરિ : ૐ

## ૧૬૦. શ્યામા આઓ મોરે મંદિર પે

કબ આઓગે સાંવરિયા! મોરે મંદિર પે?
( ) મંદિરમેં મોરે અંતરમેં. કબ૦

ઉર-દ્વાર ખોલકર
કબસે ખડી હૂં?
દેખૂં મૈં અપનેમેં
આતમ ખોજું ઉરકે ઘરમેં. કબ૦

તૂ હૈ પ્યારા
સબસે ન્યારા,
તેરી સાંવરી સૂરત
કબ દેખૂં મૈં મુજમેં? કબ૦

હરિ : ૐ

## ૧૬૧. જ્યોતિસે જ્યોતિ મિલા દે

પ્રભુ! મેરી નૈયા
પાર લગા દે;
અહમ્ ભાવ હમસે
પ્રભુ! તૂ હટા દે.
સભી વૃત્તિ મેરી
તુઝમેં સમા લે;
જ્યોતિ સે મેરી,
જ્યોતિ મિલા દે.

હરિ : ૐ

## ૧૬૨. પ્રેમ-પિચકારી મોરે અંગમેં લગી

તેરી પ્રેમ-પિચકારી મોરે અંગમેં લગી,
અંગમેં લગી મોરે અંગમેં લગી.
તેરી૦

રંગરંગમેં મૈં તો વ્યાકુલ હો ભઈ,
દેખો યે સારી મેરી તૂને ભીગોઈ,
મૈં તો રંગ-ભીગી તેરે પાંવમેં પડી.
તેરી૦

હરિ: ૐ

## ૧૬૩. પ્રીત લગી ઘનશ્યામનકી

મોરી પ્રીત લગી ઘનશ્યામનકી,
ઘનશ્યામનકી રાધેશ્યામનકી.
મોરી૦

શ્યામકે ભાવમેં મસ્ત ભઈ મૈં,
મૈં દાસી બની વૃજનાથનકી.
મોરી૦

શ્યામકે સંગમેં રંગ લગાકર,
મુઝે ચટકી લગી શ્રી ચરનનકી.
મોરી૦

હરિ : ૐ

## ૧૬૪. કટારી દિલમેં લગી

તેરી પ્રેમકટારી મુઝે દિલસે લગી,
દિલસે લગી મુઝે દિલસે લગી. તેરી૦

મુઝે ફંસાકર તૂને કરી ઠગાઈ,
તેરી પ્રેમ-ચિનગારી મેરે દિલમેં લગી. તેરી૦

પ્રેમ-કટારી પિયાસે પ્યારી,
હોશ ગંવાયા કટારી દિલમેં લગી. તેરી૦

હરિ : ૐ

## ૧૬૫. મત જાના સાંવરિયા! પ્રીત જોરીકે

મત જાના સાંવરિયા! પ્રીત જોરીકે
જાના હો તબ હિય ન લુભાના. મત જાના૦

પ્રીત લગાકે પ્યારે, મોહે ક્યું તલસાતે હો?
લૌટકે આકે મુઝે દર્શન દેના. મત જાના૦

પ્રીત રીત તોરી સબસે ન્યારી,
ભાન ભુલાકે કુછ ભી ક્યોં છિપાના? મત જાના૦

હરિ: ૐ

## ૧૬૬. પ્રેમ-ચિનગારી મોરે ઉરસે લગી

તોરી પ્રેમ-ચિનગારી મોરે ઉરસે લગી,
ઉરસે લગી મોરે અંગમેં લગી. તોરી૦
પ્રેમ કરકે બાલમ છૂપ ગયે ક્યોં ?
નાથ ! વિયોગ મેં મૈં દુઃખમેં ડૂબી. તોરી૦
ઠગિયા બનકે ઠગી ક્યું ગયે હો ?
તોરે બીન મૈં તો બિકલ ભઈ. તોરી૦
આપકે પાંવમેં લોટ પડૂં મૈં,
દર્શન દેના મુઝે મસ્તી ભરીકે. તોરી૦

હરિ : ૐ

## ૧૬૭. મેરે શ્યામકે લિયે

મૈં તો દીવાની મેરે શ્યામકે લિયે,
શ્યામકે લિયે, મેરે બાલમકે લિયે.
મૈં તો૦

દીવાની બનકે ફિરતી હૂં મૈં તો,
શ્યામ મારો કહીં છૂપ ગયો!
મૈં તો૦

કિરપા તેરી માંગતી બાલમ! પડૂં મૈં તોરે પાય,
અપને હાથ ઉઠા લો પ્રભુ! મૈં હૂં તોરે દાસ.
પ્રેમ-પિયાલા ભરકે પીલા દે,
રખ લે તોરી પાસ.
મૈં તો૦

હરિ : ૐ

## ૧૬૮. નયનોંમેં બસા સાંવરિયા

સાંવરિયા ! તુમ મેરે દિલમેં બસા,
દિલમેં બસા, મેરે નયનોંમેં બસા.
સાંવરિયા૦

હૃદય દેખ પ્યારે, હો જાતે કયોં રે ન્યારે !
અબ તો મૈં તેરી યાદમેં ફસા.
સાંવરિયા૦

હમ હૈં દાસી તેરી, ફિરતી ફિરું અંધેરી,
અબ તુમ બિન દિલમેં કુછ ન લગા.
સાંવરિયા૦

દર્શનકી મૈં પ્યાસી, દિન દિન ફિરે ઉદાસી,
તેરી સાંવરી સૂરત અબ તો દીખા જા.
સાંવરિયા૦

હરિ : ૐ

## ૧૬૯. પ્રેમકી પિયાલી

પ્રભુ-પ્રેમકી પિયાલી,
મેરે ગુરુને પીલાઈ;
ગુરુને પીલાઈ,
મોહે મસ્ત બનાઈ. પ્રભુ૦

પ્રભુ-પ્રેમમેં મસ્ત ભઈ મૈં,
ભૂલ ગઈ સબ ભાન;
ગુરુકૃપાસે અબ તો મૈં ભઈ,
આનંદ આનંદ ભઈ. પ્રભુ૦

હરિ : ૐ

## ૧૭૦. બાલમ! તેરે લિયે

મૈં તો તરસ રહી દરસન કે લિયે,
દર્શન કે લિયે, મોહક મુખકે લિયે. મૈં તો૦

મોહ-માયા-મમતા છોડી,
છોડા ભોગ-વિલાસ,
અબ તો હમ જી રહે તેરે લિયે. મૈં તો૦

પ્રેમ-પિયાલા ભરકે પાયા,
અબ દૂર ભાગો કયોં શ્યામ?
આઓ બાલમ રંગઘરમેં,
અબ તો ખેલાવો પ્રેમે મુઝે. મૈં તો૦

તા. ૧૯-૫-’૪૬

હરિ : ૐ

## ૧૭૧. મૈં તો ઠાડી

દેખો દેખો સાંવરિયા! મૈં ઠાડી હૂં,
મૈં ઠાડી હૂં, તુજ દ્વાર આઈ હૂં.
દેખો૦

અબ દ્વાર ખોલો, હમસે મીઠા બોલો,
તુમ દે દો દર્શન, મૈં ઝૂરતી હૂં.
દેખો૦

પ્રિય અબ છિપ ગયે, હમસે શ્યામ બંદી ભયે,
અબ શ્યામ કૈસે છોડું તુમ્હેં? હૃદયમેં સંજો છિપા રખૂંગી
દેખો૦

તા. ૧૪-૭-'૪૬

હરિ: ૐ

## ૧૭૨. સાંવરિયા! મન-મથુરામેં બસો

સાંવરિયા! તુમ મન-મથુરામેં બસો,
મન-મથુરામેં બસો;
તન-ત્રિલોકે બસો. સાંવરિયા!

સરલ ભાવકી યમુના બહતી,
મિલન કાજ ઉરસે ફિર ધસતી;
પ્રભુ! અબ જલ્દી પ્રગટના. સાંવરિયા!

નમ્ર નંદ ચાહે, ભાવ પ્રેમસે,
ગોપી રહત અબ અપને શરણમેં;
મસ્ત બનકે શ્યામ! આના. સાંવરિયા!

ઉર-ચાંદ ખીલત હૈ ભારી,
શાન્ત શરદ-રજની હૈ આઈ;
આકર પ્રભુ! અબ રાસ રચાના. સાંવરિયા!

તા. ૨૧-૮-'૪૬
જન્માષ્ટમી

હરિ: ૐ

## ૧૭૩. સાંવરિયા ! પ્રેમ કી બંસી બજા

સાંવરિયા ! તુમ મન-મથુરા કરના,
મન-મથુરા કરના, તન ત્રિલોકે બસના. (ટેક)

કંસ-ક્રોધકા નાશ જ કરના,
વૃત્તિ-વૃત્રાસુરકો ફિર હરના;
મન-મથુરા નિર્ભય કરના. સાંવરિયા !

મમતા-મૌસી પુતના ભારી,
મારી ઉનકો સ્વર્ગ પહૂંચાઈ;
મોક્ષ પદપૈ પ્રભુ ધરના. સાંવરિયા !

અહમ્-અસુર કો દૂર હટાકે,
નમ્ર-નંદકો પ્રેમસે લગાકે;
આતમ સ્વરૂપૈ પ્રગટના. સાંવરિયા !

તા. ૨૧-૮-'૪૬
જન્માષ્ટમી

હરિ : ૐ

## ૧૭૪. હરિ-સ્મરણ હો મેરે હૃદયમેં

તૂ સુન મેરી મૈયા!
મૈં બાલ હૂં તુમ્હારી,
ચલનેમેં અતિ મન્દ,
મૈં કિસ તરહ ચલૂંગી?

તેરી વહન-ગતિ મા! દે દો,
મીઠી ગોદમેં મા! લે લો,
તેરી શક્તિ દે દો ઉરમેં,
હરિ-સ્મરણ હો મેરે હૃદયમેં;
તેરે ચરનમેં પડૂંગી.

તૂ સુન મેરી મૈયા!
મૈં બાલ હૂં: તુમ્હારી,
ચલનેમેં અતિ મન્દ,
મૈં કિસ તરહ ચલૂંગી?

વૈશાખ સુદ એકમ,
જન્મદિને

હરિ: ૐ

## ૧૭૫. મૈં તેરે શરનમેં આઈ

પ્રભુ! મૈં તેરે શરનમેં આઈ,
તેરે શરનમેં આઈ, તેરે શરનમેં આઈ,
પ્રભુ! મૈં તેરે શરનમેં આઈ!

સચસે આઈ, જૂઠસે આઈ,
દિલકો સમઝત નાહીં. પ્રભુ!

સિંગાર નાહીં, સજાવટ નાહીં,
જૈસી તૈસી ચલી આઈ. પ્રભુ!

ભાવસે આઈ, પ્રેમસે આઈ,
કબ ખોજું મેરા સાંઈ? પ્રભુ!

પ્રાર્થના મેરી ચરનમેં તેરી,
ઊઠા લે ગુન ગવાઈ. પ્રભુ!

હરિ: ૐ

## ૧૭૬. અબ કહાં ગયો છુપાઈ?

મેરો પ્રેમી દીખત મુઝકો નાહીં,
ફરિયાદ કરું મૈં કિસકો?
જીગર તૂ હી હૈ દિલમેં,
પુકાર કરું મૈં કિસકો? (૧)
નિર્મલ ભઈ મૈં અબ યહાં,
પ્રેમી કો અબ પરવાહ નાહીં;
દૂર દૂર મુઝસે ફિરૈ,
ઔર યહાં ઝૂરતી મૈં. (૨)
ઝૂરને કી હૈ મઝા,
કૌન પીછાની સકે?
પ્રેમ-નશા હો જિસકે જિગરમેં,
વહ પ્રેમી મઝા લે સકૈ. (૩)
યહ પ્રેમી કે પીછે હમ,
અબ તો પાગલ ભઈ;
જીગરસે જીગર જબ મિલ જાયેગા,
તબ ઝૂરના હોગા નાહીં. (૪)
પ્રેમી મેરો નિષ્ઠુર હૈ,
દૂર દૂર ફિરતો ફિરૈ;
પ્રેમ-શરાબ પીલાઈ,
અબ કહાં ગયો છુપાઈ? (૫)

હરિ : ૐ

## ૧૭૭. તુમ બિન કૌન હમારા?

અબ તો મેરા કૌન હૈ?
　　તુમ બિન કૌન સહારા? (ટેક)

સબ જગહમેં ઢૂંઢા હમને,
　　દેખા ન કો હમારા;
એક તાર તુમસે લગા,
　　અબ ન છૂટનહારા. અબ૦

આપ બિના હુઈ બાવરી,
　　રૈન બીતી, ભયા ઉજારા;
નયન ખીંચ દેખત રહી,
　　દેખા ન શ્યામ મેરા. અબ૦

　　હરિ: ૐ

## ૧૭૮. લે લો અપની શરણમેં

ચરણ-કમલ મેં લેના પ્રભુ!
ચરણ-કમલ મેં લેના પ્રભુ!
દીન પે દયા-કિરપા ધરના પ્રભુ!
ચરણ-કમલમેં લેના.
પ્રભુ! ચરણ૦

શરણાગત મૈં આપકી બાલક,
આપ પ્રભુ! મેરા હૈં તારક;
હાથ પકડ ખીંચ લેના,
ચરણ-કમલમેં લેના.
પ્રભુ! ચરણ૦

ભાવભક્તિ મુઝમેં નહીં હૈ,
કિસ તરહસે આપ રીઝત હૈં?
સમઝ હમકો દેના,
ચરણ-કમલમેં લેના.
પ્રભુ! ચરણ૦

પ્રાર્થું પ્રભુ! તુજ ચરણમેં,
કૃપા કરકે લે લો શરણમેં;
હાથ સદા હી ધરના,
ચરણ-કમલમેં લેના.
પ્રભુ! ચરણ૦

તા. ૧૯-૯-'૫૧

હરિ: ૐ

## ૧૭૯. મૈં તો ચલી રે ચલી

મૈં તો ચલી રે ચલી
પિયા-મિલનકુ;
પિયા-મિલનકુ,
પિયા-મિલનકુ. મૈં તો૦

ભાવસે ભરી, ઉરસે ચલી,
ખોજ કરું, હૃદય-કુંજનમેં. મૈં તો૦

કૈસે નિહારું, કૈસે પાઉં ?
છૂપ ગયો, મોરે અંતરમેં. મૈં તો૦

હરિ : ૐ આશ્રમ
નડિયાદ
તા. ૨૮-૧૨-'૫૮

હરિ : ૐ

## ૧૮૦. તેરે દર્શનકો ભગવન્ત

તેરે દર્શનકો ભગવન્ત!
મૈં તેરી કૃપાસે આઈ.
કિરપાસે મુઝકો બુલાઈ,
શક્તિ તુમ્હેરી દિન્હી;
મેરે મનકો છીન છીન લેકર
મસ્ત મુઝે બનાઈ.
મૈં તેરી કૃપાસે૦

તેરી લીલાકા દર્શન પાકર
આનન્દ ઉરસે હોઇ,
તુઝમેં મન મસ્ત બનાકર
રેતમેં નાવ ચલાઈ,
મૈં તેરી કૃપાસે૦

કિરપા કરો પ્રભુ! મુઝ પર ઐસી
મસ્ત રહૂં મૈં તુઝમેં;
ઘટ-ઘટમેં તેરે દરશન પાઉં
પલ-પલ રહે, મેરે દિલમેં.
મૈં તેરી કૃપાસે૦

તા. ૧૭-૫-'૫૯

હરિ : ૐ

## ટિપ્પણ

[કૌંસની સંખ્યા ભજનનો ક્રમાંક દર્શાવે છે. –સં.]

### પૃ. ૨૧ (૧૯) કૃપા કીધી તેં આજે રે...

એક વાર પ્રભાવતીબહેન ચૈત્ર મહિનામાં બપોરે અમદાવાદના ગાંધી આશ્રમમાં મોટરમાં બેસીને ગયેલાં. આશ્રમમાં પૂ. મોટા ન હોવાથી ત્યાંથી તેઓ માંડવીની પોળે ગયા. ત્યાં પણ તેમને પૂ. મોટાનો યોગ ન થયો. ત્યાંથી તેઓ ભદ્ર સુધી ચાલતા ગયેલાં, કારણ કે પૈસા ખૂટી ગયા હતા. ચૈત્ર મહિનાની અસહ્ય ગરમીને કારણે પ્રભાબહેનના પગ સખત રીતે દાઝ્યા હતા. તેમને દુઃખ પણ થતું, પણ તેઓ વિવશ હતાં. ત્યાં તો ભદ્ર પાસે આવતાં આવતાં અચાનક ઘનઘોર વાદળ ચઢી આવ્યું અને સારો એવો વરસાદ પણ પડેલો. આ રીતે તાપ દૂર થતાં, ઠંડક વળતાં તેઓ આનંદભેર ઘેર આવ્યાં અને તે પછી આ ભજન રચાયેલું.

### પૃ. ૭૦ (૬૭) 'પૂજ્ય લલિતાબાને અંજલિ...

લલિતાબા કવયિત્રીનાં સાસુ થાય.

### પૃ. ૭૭ (૭૪) 'ચિ. રમાકાન્તની વર્ષગાંઠ નિમિત્તે...

પ્રભાબહેનના પતિ શ્રી ચુનીલાલ લાલભાઈ કાપડિયા સ્ટેશન માસ્ટર હતા. તેમના એક મિત્ર પ્રહ્‌લાદજી પ્રાણસુખભાઈ જોશી પણ સ્ટેશન માસ્ટર હતા. સમયાંતરે આ બંનેની મિત્રતા એક પરિવારમાં પરિણમી હતી જે આજ પર્યંત પણ પરસ્પર ઘરોબો

રહ્યો છે. આ સંબંધો પ્રહ્લાદજીનાં સંતાનો રમાકાન્ત, ઉમાકાન્ત, અરુણાબહેન તથા રજનીકાન્ત માટે તો આશીર્વાદ સમાન જ રહ્યા છે. પ્રભાબહેને આ ભજન રચ્યું એ સમયે ઉપર્યુક્ત ચારેયનાં માતા-પિતા લલિતાબહેન તથા પ્રહ્લાદજીનું દેહાવસાન થયે ૬–૭ વર્ષ જ થયેલાં. આથી પ્રહ્લાદજીના પરિવારને એ સમયે સૌથી વિશેષ પ્રભાબહેન તથા ચુનીભાઈની ઓથ હતી.

રમાકાન્તભાઈએ લગ્ન નથી કર્યાં. વર્ષો સુધી તેઓ પૂ. મોટા સાથે સાથે તેમના આશ્રમની પ્રવૃત્તિઓ કરતા રહ્યા અને આજે પણ તેઓ હરિ : ૐ આશ્રમની વિવિધ પ્રવૃત્તિઓ સાથે સક્રિય રહ્યા છે. સાથે સાથે તેમણે અમદાવાદ મ્યુનિ. કૉર્પોરેશનમાં ગુમાસ્તાધારા ઇન્સ્પેક્ટર તથા ઑક્ટ્રોય ઇન્સ્પેક્ટર તરીકે નોકરી કરી ઈ. ૧૯૭૮થી નિવૃત્ત પણ થયા છે. હાલ તેઓ ૪/૯, મ્યુ. સ્ટાફ ક્વાર્ટર્સ, લૉ કૉલેજ પાછળ, અમદાવાદ ૩૮૦૦૦૭ને સરનામે રહે છે. પ્રસ્તુત પુસ્તકના સંપાદકના તેઓ મોટાભાઈ થાય.

**પૃ. (૧૧૪) 'પૂજ્ય બાને...**

કવયિત્રી પ્રભાબહેને સાસુ લલિતાબાને સંબોધીને આ ભજન રચ્યું છે.

**પૃ. (૧૨૫) 'શ્રી નેમચંદ શેઠના મૃત્યુદિને...**

અમદાવાદના એલિસબ્રિજ–ગાંધીગ્રામ સ્ટેશનની સામે સદ્દગત પોપટલાલ હેમચંદ શેઠનો બંગલો આવેલો છે. તેમનો પરિવાર હાલ એલિસબ્રિજ ( અમદાવાદ ), લૉ કૉલેજ પાછળ મ્યુનિ. સ્ટાફ ક્વાર્ટર્સની વચ્ચે 'લાલ બંગલો' આવેલો છે ત્યાં રહે છે.

શ્રી નેમચંદ શેઠ શ્રી પો. હે. શેઠના પુત્ર થાય અને શ્રી નેમચંદ શેઠના દીકરા શ્રી કસ્તૂરચંદ શેઠ થાય કે જેઓ હાલ અમદાવાદના

નટરાજ સિનેમાથી મીઠાખળી ક્રોસિંગ પૂર્વે ડાબા હાથે જે મોટો બંગલો આવ્યો છે તેમાં રહે છે. અહીં આ જ બંગલામાં પ્રભાવતીબહેને કેન્સરની લાંબી માંદગી ભોગવી તા. ૨૬-૯-૧૯૭૫ને દિવસે દેહ છોડ્યો હતો.

શ્રી નેમચંદ શેઠના પત્ની શાંતાબહેન, સુપુત્ર શ્રી કસ્તૂરચંદ શેઠ તથા તેમનાં ધર્મપત્ની શ્રીમતી ધનલક્ષ્મીબહેને તથા તેમના પરિવારે પ્રભાબહેનની માંદગી દરમ્યાન તેમની ચાકરી ખૂબ જ સારી રીતે કરી હતી. અહીં એ વાતનો નિર્દેશ કરવો જોઈએ કે જ્યારે જ્યારે પ્રભાવતીબહેન અને શ્રી ચુનીલાલ કાપડિયા સૂરતથી અમદાવાદ આવતા ત્યારે તેઓ શ્રી કસ્તૂરચંદ શેઠને બંગલે જ ઊતરતા અને એક તીર્થસ્થાન જેવું વાતાવરણ એ સમયનું રહેતું.

આમ, શ્રી નેમચંદ શેઠના મૃત્યુદિને ઉપર્યુક્ત શ્રદ્ધાંજલિની રચના પ્રભાબહેને રચેલી.

## પૃ. ૧૨૬ (૧૨૧) 'કુ. કપિલાબહેનને પ્રત્યુત્તરરૂપે

પ્રભાવતીબહેનના પતિ શ્રી ચુનીલાલ કાપડિયા અને શ્રી છોટાલાલ કંસારા બંને મિત્રો હતા. શ્રી કંસારાનાં દીકરી તે કપિલાબહેન કે જેમણે વર્ષો સુધી અમદાવાદના સી. એન. વિદ્યાલયમાં શિક્ષિકા તરીકે નોકરી કરી અને ત્યાંથી જ નિવૃત્ત પણ થયાં.

બંને પરિવારોમાં અમીટ એવો પારિવારિક નાતો રહેલો. કપિલાબહેનના એક પત્રના પ્રત્યુત્તરમાં ઉપર્યુક્ત ભજન-રચના રચાયેલી છે. કપિલાબહેન હાલ 'પરાગ', માણેકબાગ સોસાયટી, આંબાવાડી, અમદાવાદમાં રહે છે. કપિલાબહેનનાં ભાઈ, ભાભી, માતુશ્રી સર્વે પ્રભાબહેનને શ્રદ્ધા-ભક્તિથી જોતાં.

## પૃ. ૧૨૯ (૧૨૪) અ. સૌ. પૂજ્ય બાની પ્રાર્થના...

'બા' એટલે કવયિત્રી પ્રભાબહેનનાં સાસુ થાય.

# ભજનોની વર્ણાનુક્રમણિકા

- પ્રથમ સંખ્યા ક્રમાંકનો નિર્દેશ કરે છે, જે ૧ થી ૧૮૦ ની છે.
- જે સંખ્યા ( ) કૌંસમાં છે તે આ પુસ્તકમાં ભજનોનો ક્રમાંક દર્શાવે છે.
- છેલ્લે દર્શાવેલી સંખ્યા પૃષ્ઠસંખ્યાનો નિર્દેશ કરે છે.


૧. (૧૭૬) અબ કહાં ગયો છુપાઈ ? ૧૮૨
૨. (૧૦૪) અભિમાની મનવા ૧૦૮
૩. (૧૨૪) અ. સૌ. પૂજ્ય બાની પ્રાર્થના ૧૨૯
૪. (૧૧૯) અરે ઓ દિવ્ય શક્તિઓ ! ૧૨૪
૫. (૭૧) અંતરના આ મંદિરે ૭૪
૬. (૧૩૩) અંતરને નાદે પોકારું રે ૧૩૮
૭. (૪૯) આજ મારો શ્યામ હીંડોળે ઝૂલંતો ૫૧
૮. (૧૩૨) આવો તો કરીએ ગોઠડી ૧૩૭
૯. (૧૪૩) આવોને પ્રભુ પૂજન કરું ૧૪૮
૧૦. (૮૧) આવો મારે અંતરિયે ૮૪
૧૧. (૭૨) આવોને શ્યામ ખોલું હૈયાની હાટડી ૭૫
૧૨. (૧૨૮) એક દિન જાવું આ પિંજર છોડીને ૧૩૩
૧૩. (૧૫૨) એવા સંતચરણે મુજ શિર નમે ૧૫૮
૧૪. (૨) એળે રે ગયું રે જીવન ૩
૧૫. (૧૩૪) ઓ જીવડા ! ક્યાં સુધી રહેશે તું આવો ? ૧૩૯
૧૬. (૧૪૪) ઓ જીવડા ! હરિ ૐ : હરિ ૐ : બોલ ૧૫૦
૧૭. (૩૬) ઓ દિલદાર ! ૩૮
૧૮. (૧૦૩) ઓ મનવા ! ફરતો કરે તું શાને ? ૧૦૭
૧૯. (૯૪) ઓ મનવા ! હરિ હરિ તું રટને ૯૮
૨૦. (૩૫) ઓ રસિયા ક્યાં રે ગયો ૩૭
૨૧. (૧૫૩) ઓ હંસલા ! જોને તું જાગી ૧૫૯

૨૨. (૧૬૪) કટારી દિલમેં લગી ૧૭૦
૨૩. (૧૨૭) ક્યાંથી આ તેજ પ્રકાશ્યું રે? ૧૩૨
૨૪. (૧૧૫) કર જોડી આ શીશ નમે ૧૧૯
૨૫. (૫૮) કર જોડી હું પ્રાર્થું ૬૦
૨૬. (૧૭) કેમ કરી રિઝાવું ૧૯
૨૭. (૧૦૨) કેવી દયા પ્રભુએ કરી? ૧૦૬
૨૮. (૧૨૧) કુ. કપિલાબેનને પ્રત્યુત્તર રૂપે ૧૨૬
૨૯. (૭૮) કાં ફસાય? ૮૧
૩૦. (૧૯) કૃપા કીધી તેં આજે રે ૨૧
૩૧. (૫૯) કૃષ્ણ કેમ રીઝયા? ૬૨
૩૨. (૭૬) ગહન ગતિ ગોવિંદા! તારી ૭૯
૩૩. (૭૫) ગુરુ-ગોવિંદ ૭૮
૩૪. (૪૨) ગુરુચરણે નમું હું ભાવ ધરી ૪૪
૩૫. (૪૭) ગુરુપૂર્ણિમા ૪૯
૩૬. (૪૬) ગુરુપૂર્ણિમા છે પ્યારી ૪૮
૩૭. (૨૪) ગ્રહ્યું છે મેં શરણું તારું ૨૬
૩૮. (૧૦) ઘટઘટમાં પ્રભુ વ્યાપ ૧૧
૩૯. (૮૪) ચરણે નમું હું ભગવંત! અહો ૮૭
૪૦. (૧૦૬) ચરણે પ્રભુને રહીએ રે ૧૧૦
૪૧. (૧૧૩) ચરણે લેજે તારા ૧૧૭
૪૨. (૭૪) ચિ. રમાકાંતની વર્ષગાંઠ નિમિત્તે ૭૭
૪૩. (૧૬૧) જ્યોતિસે જ્યોતિ મિલા દે ૧૬૭
૪૪. (૨૮) જાગને ઘટ વિષે-૧ ૩૦
૪૫. (૩૩) જાગને ઘટ વિષે-૨ ૩૫
૪૬. (૧૮) જાગો અંતરે વ્હાલા રે ૨૦
૪૭. (૨૧) જાગોને મારા અંતરયામી ૨૩
૪૮. (૩) જીવન-જ્યોતિ જગાવ ૪

૪૯. (૭૦) જીવન લાગે ઝેર ૭૩
૫૦. (૨૭) ઝટ પ્રગટ થાવ ગિરધારી ૨૯
૫૧. (૧૫૦) ઝુલાવું પ્રેમ-પારણિયે ૧૫૬
૫૨. (૧૫૧) તમે આવોને મારા શ્યામ! ૧૫૭
૫૩. (૧૦૮) તવ ચરણનું ધ્યાન ધરવા ૧૧૨
૫૪. (૪) તારો જાપ જપાવ ૫
૫૫. (૨૯) તુજ દર્શનની અભિલાષા ૩૧
૫૬. (૮૫) તુજ પ્રેમ કરે મન મસ્ત બને ૮૮
૫૭. (૮૩) તુજ પ્રેમ પ્રભુ! મન મસ્ત કરે ૮૬
૫૮. (૫૭) તુજ વિના હું કોને કહું? ૫૯
૫૯. (૫૬) તુજ વિયોગનું દુઃખ છે ભારી ૫૮
૬૦. (૧૭૭) તુમ બિન કૌન હમારા? ૧૮૩
૬૧. (૮૨) તું છે મારો પ્યારો ૮૫
૬૨. (૧૮૦) તેરે દર્શન દો ભગવન્ત ૧૮૬
૬૩. (૨૨) તોયે મસ્તી એની રે ૨૪
૬૪. (૧૩૬) દર્શન ક્યારે આપશો? ૧૪૧
૬૫. (૨૦) દીનદયાળુ તું છે પ્રભુ! ૨૨
૬૬. (૧૬) દેજે દેજે પ્રભુ! ભક્તિભાવના ૧૮
૬૭. (૩૪) નથી રે સહેવાતું હવે ૩૬
૬૮. (૧૪૮) નમન કરું તુજ ચરણે-૧ ૧૫૪
૬૯. (૧૪૯) નમન કરું તુજ ચરણે-૨ ૧૫૫
૭૦. (૧૫૮) નમું દેવ ચરણા ૧૬૪
૭૧. (૧૬૮) નયનોંમેં બસા સાંવરિયા ૧૭૪
૭૨. (૩૧) નાથ! જરા નયન મિલાવ ૩૩
૭૩. (૧૫૫) નિહાળો તો થાયે પ્રકાશ ૧૬૧
૭૪. (૯૨) નંદદુલારા, બંસીવાળા ૯૬
૭૫. (૮૭) પાય પડું મા ગંગાને ૯૦

૭૬. (૪૩) પાવન કરોને મારાં આંગણાં ૪૫
૭૭. (૧૧૪) પૂજ્ય બાને ૧૧૮
૭૮. (૬૭) પૂજ્ય લલિતાબાને અંજલિ ૭૦
૭૯. (૪૪) પોકાર ૪૬
૮૦. (૨૫) પ્રણય--ઘૂંઘટ જરા ખોલ રે ૨૭
૮૧. (૫૩) પ્રભુ! દેજે દર્શન તારું ૫૫
૮૨. (૧૨૯) પ્રભુ! મારા અંતરચક્ષુ ખોલ ૧૩૪
૮૩. (૧૪૨) પ્રભુ! મારી ધીરજ ખૂટી ગઈ ૧૪૭
૮૪. (૨૬) પ્રભુ! રૂમઝૂમ રૂમઝૂમ આવ રે ૨૮
૮૫. (૬) પ્રભુની લગની લાગી ૭
૮૬. (૧૨) પ્રભુ! લેજે તું ઉગારી ૧૪
૮૭. (૧૫૬) પ્રભુ! મને દુઃખ અનેરું થાય ૧૬૨
૮૮. (૮૬) પ્રભુજી! બાંધી તમ સંગ પ્રીત ૮૯
૮૯. (૬૫) પ્રભુના જન તો તેને રે કહીએ ૬૮
૯૦. (૧) પ્રાર્થના ૧
૯૧. (૧૬૩) પ્રીત લગી ઘનશ્યામનકી ૧૬૯
૯૨. (૧૬૬) પ્રેમ-ચિનગારી મારે ઉરસે લગી ૧૭૨
૯૩. (૧૬૨) પ્રેમ-પિચકારી મોરે અંગમેં લગી ૧૬૮
૯૪. (૧૬૯) પ્રેમ કી પિયાલી ૧૭૫
૯૫. (૧૫૪) પ્રેમની બંસરી વાગી મધ-નિશાએ ૧૬૦
૯૬. (૯૧) પ્રેમનાં પૂર ઊલટયાં આજ ૯૫
૯૭. (૬૪) પ્રેમ-પ્યાલી પીધી ભરપૂર ૬૭
૯૮. (૧૪૫) પ્યારા પ્રભુ! હવે ધ્યાનમાં આવો ૧૫૧
૯૯. (૯૬) બદ્રીનાથજી ૧૦૦
૧૦૦. (૧૭૦) બાલમ! તેરે લિયે ૧૭૬
૧૦૧. (૧૪૦) બોલો, કેમ મળો મને નાથ ૧૪૫
૧૦૨. (૧૦૭) બોલો શ્રી ગુરુ જયજયકાર ૧૧૧

૧૦૩. (૧૧૨) ભજી લો મોહન ભાવે રે ૧૧૬
૧૦૪. (૧૬૫) મત જાના સાંવરિયા! પ્રીત જોરી કે ૧૭૧
૧૦૫. (૧૦૫) મન મુસાફિર! ૧૦૯
૧૦૬. (૧૪૭) મનડું મૂંઝાયું મારું ૧૫૩
૧૦૭. (૧૧૧) મનવા હરિ: ૐ, હરિ: ૐ બોલ ૧૧૫
૧૦૮. (૫૪) મને ચરણ-શરણમાં લેજો ૫૬
૧૦૯. (૩૮) મને તો મારો શ્યામ લાગે પ્યારો રે ૪૦
૧૧૦. (૭) મને મોહ-માયાથી છોડાવ ૮
૧૧૧. (૨૩) મને ભક્તિ આપો તારી રે ૨૫
૧૧૨. (૧૦૦) માડી! યાચું તને હાથ જોડી ૧૦૪
૧૧૩. (૯૫) મારા અંતરના ઓરડે ૯૯
૧૧૪. (૯૩) મારા જીવનનો આધાર ૯૭
૧૧૫. (૧૨૬) મારા સાસુજીની પ્રાર્થના ૧૩૧
૧૧૬. (૧૧) મારી અરજ ૧૩
૧૧૭. (૧૨૩) મારી અંતર વેદના ટાળી ૧૨૮
૧૧૮. (૧૫) મારી લાજ તમારે હાથ ૧૭
૧૧૯. (૧૩૫) મારું હરી લીધું તેં મન ૧૪૦
૧૨૦. (૧૫૭) મારું હૃદય કુંજનવન ૧૬૩
૧૨૧. (૩૭) મારું હૃદય ગોકુળ ગામ ૩૯
૧૨૨. (૧૩૮) મારે ઊડવું છે વ્યોમ માંહી ૧૪૩
૧૨૩. (૩૦) મારે મંદિરે પધારો વ્રજરાજ ૩૨
૧૨૪. (૯૯) મારે મંદિરે પધારો મારા શ્યામ! ૧૦૩
૧૨૫. (૬૯) મિલન મારું ક્યારે થશે? ૭૨
૧૨૬. (૧૪) મુજ અભાગી કાજે ૧૬
૧૨૭. (૧૫૯) મેરા કૌન સહારા? ૧૬૫
૧૨૮. (૧૬૭) મેરે શ્યામ કે લિયે ૧૭૩
૧૨૯. (૧૭૯) મૈં તો ચલી રે ચલી ૧૮૫

૧૩૦. (૪૦) મોહન ! તારી ઠમક ઠમક ચાલ ૪૨
૧૩૧. (૧૭૫) મૈં તો તેરે શરનમેં આઈ ૧૮૧
૧૩૨. (૧૭૧) મૈં તો ઠાડી ૧૭૭
૧૩૩. (૭૯) રાખો પ્રભુ ! તુજ પાદમાં ૮૨
૧૩૪. (૬૦) રમું હું તારા રંગમાં ૬૩
૧૩૫. (૯૭) રૂમઝૂમ રૂમઝૂમ આવે કનૈયો ૧૦૧
૧૩૬. (૧૨૨) રે મન ! માયામાં ક્યાં તું ફસાયું ? ૧૨૭
૧૩૭. (૧૨૫) રે મન ! હરિ : ૐ હરિ : ૐ બોલ ૧૩૦
૧૩૮. (૧૩) લગની લગાડો પ્રભુ ૧૫
૧૩૯. (૧૭૮) લે લો અપની શરણુમેં ૧૮૪
૧૪૦. (૫૦) વહી ગયું રે જીવન ૫૨
૧૪૧. (૬૬) વાગી છે પ્રેમ-કટારી ૬૯
૧૪૨. (૧૩૧) વારે ચડોને વિઠ્ઠલા ! ૧૩૬
૧૪૩. (૯૦) વિદાય આપો પ્રેમથી ૯૪
૧૪૪. (૧૧૮) વિપત વેળાએ આવોને ૧૨૨
૧૪૫. (૭૭) વિશ્વની વાટિકામાં ૮૦
૧૪૬. (૬૩) વીનવું હું તુજને પ્યારા ૬૬
૧૪૭. (૫૨) વ્હાલાં ! પાયે પડીને માગું ૫૪
૧૪૮. (૮) શરણુમાં તું લઈ લેજે ૯
૧૪૯. (૧૦૯) શરણું પ્રભુ ! આપ સદા તું મને ૧૧૩
૧૫૦. (૧૬૦) શ્યામ ! આઓ મોરે મંદિરપે ૧૬૬
૧૫૧. (૩૨) શ્યામ ! આવો તો ઝુલાવું ૩૪
૧૫૨. (૭૩) શાશ્વત સુખના સંગીત માંહી ૭૬
૧૫૩. (૮૦) શું અર્પું તુજને આજ ? ૮૩
૧૫૪. (૧૪૬) શ્રદ્ધા-ભક્તિ ઉર ભરો રે હરિ ૧૫૨
૧૫૫. (૧૧૦) શ્રીકૃષ્ણ મોરારી હરે ૧૧૪
૧૫૬. (૧૨૦) શ્રી નેમચંદ શેઠના મૃત્યુદિને ૧૨૫

૧૫૭. (૬૮) સકળ જગમાં એક તું છે ૭૧
૧૫૮. (૧૩૭) સારી રાત સંભળાયો રે, મધુરો રણકાર ૧૪૨
૧૫૯. (૪૧) સાંવરિયા! તું તો છે ઠગારો ૪૩
૧૬૦. (૧૭૩) સાંવરિયા! પ્રેમકી બંસી બજા ૧૭૯
૧૬૧. (૧૭૨) સાંવરિયા! મન-મથુરામેં બસો ૧૭૮
૧૬૨. (૬૧) સંસારી જીવ બિચારા ૬૪
૧૬૩. (૧૧૬) હરિ! આવો ૧૨૦
૧૬૪. (૫૧) હરિ! આવોને આજ ૫૩
૧૬૫. (૫) 'હરિ: ૐ' બોલો ૬
૧૬૬. (૯) 'હરિ: ૐ' વસો ૧૦
૧૬૭. (૧૪૧) હરિ: ૐ હરિ ૧૪૬
૧૬૮. (૧૧૭) હરિ! તારા જપમાં રે ૧૨૧
૧૬૯. (૪૮) હરિ મિલનની આ રાત છે ૫૦
૧૭૦. (૮૮) હરિ સંભાળજો ૯૨
૧૭૧. (૧૭૪) હરિસ્મરણ હો મેરે હૃદયમેં ૧૮૦
૧૭૨. (૧૩૦) હરિ! હવે આંખ જરા ઉઘાડ ૧૩૫
૧૭૩. (૬૨) હવે રંકને નિહાળો ૬૫
૧૭૪. (૫૫) હાથ હરિ! મારો ઝાલજો રે ૫૭
૧૭૫. (૯૮) હું ગિરિધર ક્યારે ભાળું ? ૧૦૨
૧૭૬. (૩૯) હું દ્વારે તારે આવી ૪૧
૧૭૭. (૮૯) હું તો પ્રભુ! પ્રેમની ચાતક ૯૩
૧૭૮. (૧૩૯) હું તો શોધું મારે શ્યામ ૧૪૪
૧૭૯ (૧૦૧) હું લાગું તને પાય, ઓ જનકદુલારી! ૧૦૫
૧૮૦ (૪૫) હૈયે મને લેને મા હૃદયેશ્વરી! ૪૭

□